
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

અંક ૭૫.

ફાગણ : ૧૯





તંત્રી રવિશંકર રાવળ: **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



અક્ષરજ્ઞાનનું પ્રચારચિત્ર

(ચિત્રકાર : રવિશંકર રાવળ)

'કુમાર'ના ફાગણ ઓગણીસસો છયાસીના અંકનું મુખચિત્ર

કુમાર

ફાગણ
૧૯૮૬

જવાન દિલ!

[પૃથ્વી]

જવાન દિલ! ક્યાં તું ઓ? નવયુગીય આહ્‌વાનનાં
ગડે કડડ દુંદુભિ, રણતુરી સ્વરે કારમે
ભરે દશ દિશાઃ 'ચઢો સપુત સજ્જ થઈ શત્રુપે,
મરો, પગ ડગો ન હાં! સમય આબરૂનો ખરે!'

ચઢ્યા સુભટ કાંઈ તો ય રણયજ્ઞ આ પૂર્ણ ના,
જવાન! જશ ખાટવો તવ નસીબ જાણે લખ્યો!
જ્વલંત દિલજ્યોતિ, શુદ્ધ રુધિરે, ભર્યા ગૌરવે
બઢો કદમ કૂચમાં, વિજય પાસ ઢુકે ખરે!

ખરે, વિજય પાસ; આ અબઘડી પડ્યો શત્રુ જ્યાં
ચઢ્યા નવજવાનિયા અડગ, ધીર ને સંયમી,
દરેક કૃતનિશ્ચયી, દિલ સ્વતંત્રતાને ભરી,
અમોઘ ધરી શસ્ત્ર એ વિજયપંથ દળ ઊમટ્યું!

ધસ્યું દળ, સમુદ્રવારિ ગહને લહ્યાં કૌતુકો;
ખરે! વિજય પાસ, આ અબઘડી પડ્યો શત્રુ જો!

'સુન્દરમ'

આ કાવ્યના અનુષંગી ચિત્ર માટે જુઓ આ અંકમાં બેરંગી ચિત્રપ્લેટ તરીકે આપેલું
કનુ દેસાઈનું ચિત્ર 'યુદ્ધપથ'



હિંદુસ્તાનના એકેએક માણસના દિલમાં આજ એક પ્રચંડ જ્વાળા સળગી ઉઠી છે. દોઢસો વર્ષથી લદાએલી બેડીઓથી પાંગળી થઇ ગએલી પ્રજા માટે જીવવાના માર્ગો પણ રૂંધાઇ રહ્યા છે તે વખતે સ્વાતંત્ર્ય મેળવવા કયું પરાક્રમ કરી શકાય ? હિંદ માટે રાજ્યકીય બાબત એટલે અત્યારે તો જીવવાનો હક; અને એ હક માટે પ્રયાસ કરવામાં યે પાછી પાની કરનાર કઈ બીજી આશાનો આધાર લઈ શકશે ?

કેળવણી, વિજ્ઞાન, હુન્નર તથા લડાયક તાલીમનાં સ્વપ્નાં સેવનારાઓ પણ જીવનના માર્ગ મોકળા નહિ થાય ત્યાં સુધી શું કરી શકશે ? બાળક, વૃદ્ધ કે સ્ત્રી જેનામાં આ વાત સમજવાની શક્તિ આવી હોય તેણે રાષ્ટ્રના આ મહાન મંથનમાં પોતાની સર્વ શક્તિઓનું બળ પુરવું જ પડશે.

આ મહા-મંથનના પ્રણેતા મહાત્મા ગાંધીજીએ પ્રજાની નબળાઇઓ અને આકાંક્ષાઓનો સંપૂર્ણ તાગ લઇ લીધો છે, અને હવે તેને પાણી ચડાવી કામ કરતી કરવાને એક અદ્ભુત પ્રયોગ પ્રજા આગળ મુકયો છે. તેમાં દરેક જણ જો સાચી દેશનિષ્ઠા વાળો હશે તો કોઇ ને કોઇ રીતે કામ આવી શકશે. તેમના કાર્યક્રમમાં પ્રજાના ચારિત્ર્યના ઘડતરની અજબ ચાવી રહેલી છે. સંકલ્પ અને ક્રિયામાં પ્રજા કેમ આગળ વધતી રહે તે વિચાર એમને દરેક પગલે મુખ્ય છે, ને એક નિઃસહાય નિઃશસ્ત્ર પ્રજા પોતા પર ગુજરતા જુલ્મો નિવારવા માટે જગતની એક અતિ બળવાન, અક્કડ અને સુસજ્જ પ્રજા સામે શી રીતે ઝુઝી શકે તેનો એકનો એક વિરલ ઈલાજ એમણે ઘડી કાઢયો છે.

વિદ્યાર્થી જગત આ કાર્યક્રમમાં સૌથી મોટો ફાળો આપી શકે એવી તેની રચના છે. માબાપો ઘરની માયામાંથી મુક્ત ન થાય, પ્રૌઢો વર્ષોના દાસત્વથી અને ધંધાની ધુંસરીથી ઘાંચીના બેલ બની ગયા હોય, અને કેટલાક જુવાન ગણાતા પણ નોકરીના ફાંસલામાં પડી ગએલા આગળ આવી ન શકે, તે વખતે સ્વતંત્ર દેશનાં સ્વપ્નાં સેવતો જુવાન વિદ્યાર્થી જ પ્રસંગ ઉજાળશે એવી સર્વત્ર આશા છે. અને ગુજરાત વિદ્યાપીઠના નવલોહીઆ યુવાન વિદ્યાર્થીઓ આજે એ રાષ્ટ્રવિંની પહેલી હાકલે જ આગલી હરોળમાં ઉપડયા છે એ વાત બીજા નવજુવાનોનાં દિલમાં એવો જ શૌર્યનો પ્રવાહ ઉછાળે તો ભારતનું ભાવી જરૂર તેમના હાથમાં છે.

આ પ્રસંગ ખાલી ગર્જનાઓ કરવાનો નથી. માત્ર વાવટા ઉડાડવાથી કે 'ડાઉન વિથ'ના પોકારો કરવાથી કામ થઇ જશે એમ જો વિદ્યાર્થીઓ અને યુવાનો માનતા હોય તો મોટી ભુલ કરે છે; ખાલી શક્તિ વેડફે છે. હવે તો શું 'કરી' શકાય એ જ વિચાર કરી, ગંભીર જવાબદારી સમજી, પોતાનાં વાણી અને વર્તન પર ઘોર સંયમ નાખી ઠંડા મગજથી કામે લાગવાનું છે. ઉશ્કેરાટ અને હવાઈ શબ્દાવલિઓ પડતી મુકી આસપાસમાં મજબુત સંગઠનનું કાર્ય કરવાનું છે. આપણી આસપાસ ઘણા યે ઠંડા વિચારો ઢોળનારા હોય છે; ઘણાયે ટીકા કરનારા અને ચાડિયા પણ હોય છે. તેમાંના કોઇની ઉપર લગારે કટાક્ષ કર્યા વિના તેમને અજ્ઞાન અબુધ ભાઇઓ તરીકે દરગુજર કરી, તેમને શરમિંદા કરી બતાવવા જેટલાં ચારિત્ર્ય ને સ્વભાવ બતાવવાં જોઇએ.

ખરેખરો જોખમનો પ્રસંગ કોઇ પણ અક્કલવાળો માણસ તરત કળી શકે છે અને તે વખતે સાવચેતીથી કામ લે છે. પણ કેટલાક એવા આકળા હોય છે કે કંઇ બન્યું હોય કે બનવાનું હોય તે વખતે ખોટી હોહા કરી મુકે છે. તેવાઓ ખરો પ્રસંગ સમજીને મન અને શરીરના તંગ કસી લે અને થવાનું હોય તે થાઓ એવો દૃઢ વિચાર કરી નિશ્ચય કરી નાખે તો જ તેઓ રાષ્ટ્રદળમાં શોભવાના છે. કેટલાક તો નાના પ્રસંગને ય મોટું રૂપ આપી આકાશમાં ચડેલા પતંગની પેઠે ધુમાધુમ કરી મુકે છે અને જાણે મોટો વજ્રપાત થવાનો હોય તેમ ચિંતાતુર મોઢાં રાખી ફરે છે. ખુદ મોતનો પ્રસંગ સામે ઉભો હોય તોપણ ચિત્ત સ્વસ્થ રાખી ઠંડે મગજે અને સ્મિતભર્યે મોંએ તેનો સામનો કરવો એમાં જ માણસાઈ છે, મર્દાઇ છે.

દેશની આ મહાન લડતમાં મામૂલી સર્ટિફિકેટો, પરીક્ષાઓ અને કરીઅરની લાલચો હવે ટકવી ન જોઇએ. આપણે સ્પષ્ટ જોઇ લીધું છે કે એક પણ વિદ્વાન કે પ્રોફેસર હજુ એ સર્ટિફિકેટવાળાઓને કોઈ પણ જાતની ચોક્કસ બાંહેધરી આપવા આગળ આવી શકતો નથી. ત્રીસ વર્ષ સુધી એક સરસ હેડમાસ્તર તરીકે નામના મેળવીને ફારગ થએલા એક ગૃહસ્થ મને મળ્યા હતા. તેમણે સ્પષ્ટ સમજાવ્યું કે યુનિવર્સિટી કોઇ દિવસ આ દેશનો દહાડો ઉજાળવાની નથી. બીજા દેશોમાં પાંચ ધોરણ સુધી ગએલો વિદ્યાર્થી પોતાની આજીવિકા મેળવી શકે એવો બની જાય છે, ત્યારે આપણે ત્યાં ગ્રૅજ્યુએટ થએલાને પણ સુતાર કડિયાથી ઓછું મેળવવાને યે ફાંફાં મારતા રખડવું પડે છે. નવા વકીલો અને ડાકટરોનાં વીતકો તો તેમનાં અંતર જાણતાં હશે. હમણાં જ એક ખાતાને બે જગ્યા પુરવા માટે

૮૦૦ અરજીઓ મળી છે. પોસ્ટખાતાએ ત્રીસ પાંત્રીસેક જગ્યા પુરવા માટે જાહેરાત કરી તો સત્તરસો અરજીઓ મળી !

આ હાલતમાં પોતાના પેટમાં ખાડા પાડી યુનિવર્સિટીનો ખાડો પુરવા નીકળેલી પ્રજા કંઇ વિચારશે !



સરદાર વલ્લભભાઇ

'બારડોલીની છેલ્લી લડતથી સરકારને ખાત્રી થઇ ગઇ હતી કે કરમસદનો આ પટેલ ઉસ્તાદ ખેલાડી છે. પ્રિટિશની રગ તે પૂરેપૂરી પારખે છે અને સોગઠી પાકે નહિ ત્યાં સુધી બગલાની પેઠે તપશ્ચર્યા કરી શકે છે. એની સચોટ વાણી લોકોનાં હૈયાંમાં અપૂર્વ આગ પ્રગટાવી શકે છે અને એ દોરે એ જ માર્ગે અને એ કહે એટલી જ હદે લોકો કૂચકદમ કરે છે. લોકસંઘને જાગૃત કરવામાં કાંઈ ઉંચા પ્રકારની મુત્સદ્દીગીરી નથી જોઇતી, પણ સંઘને ઉત્તેજીને પછી એને અંકુશમાં રાખી પોતાની મરજી મુજબ એનો ઉપયોગ કરવો એમાં જ આજન્મ સરદારની સાચી કળા છે. સરદારની આ શક્તિ સરકાર જાણે છે, તેથી જ તેણે પહેલા દાવમાં એમને ગિરફતાર કર્યા છે. સ્વાતંત્ર્ય-યજ્ઞમાં પહેલી આહુતિ સરદારની લેવાય એ શુભ શકુન છે.' (સૌ.મિ.)

ધર્મયુદ્ધનાં મંડાણ

'જગતમાં કદી નહિ બનેલું એવું આ યુદ્ધ છે, અને તમારા સદ્ભાગ્યે તમારા આંગણે એ મંડાવાનું છે. તમને ખબર હશે અને ન હોય તો હું આપું છું કે જગતમાં આ દેશનો કે પરદેશનો ઇતિહાસ વાંચો તો તેમાં ગુજરાતનું નામનિશાન નથી. તમારા છોકરાને પારકો ઇતિહાસ ભણવાનો હોય છે. બહુમાં બહુ તો તેમાં આટલું જ લખાયું છે કે ગુજરાતીઓ એટલે વેપાર ખેડી ખાનારા દલાલો. એમણે શમશેર કદી ઝાલી નથી, રણસંગ્રામ જોયા નથી, તોપના ભડાકા સાંભળ્યા નથી, તડકો છાંયડો જોયો નથી એવા ગુજરાતમાં આવું ધર્મયુદ્ધ મંડાય છે એ તમારૂં સદ્ભાગ્ય છે. એમાં શો હિસ્સો આપશો તેનો વિચાર તમારે પોતાને કરવાનો છે.

જે ગુજરાતમાં યુદ્ધ થયું નથી, જ્યાં પડકાર સંભળાયા નથી, જેની નસોમાં લોહી ઉછળતું નથી, જેના ચહેરા ઉપર તેજ નથી, આંખોમાં કેફ નથી એ શું કરવા આવું યુદ્ધ લઇ બેઠા હશે એમ કોઇ પુછે પણ ખરો. તમે જવાબ આપશો; પણ એ તો જીભથી નહિ આપી શકાય. જવાબ આપવો હોય તો બારડોલીના ખેડુતો તમારા પોતામાંના જ હતા. આખા ગુજરાતમાં નરમમાં નરમ એ પોચા ખેડૂતોએ એક વાર તો વગર હથિયારે આ સલ્તનતની નીચી મુંડી કરાવી છે. આ ગુજરાતીઓ બીજી વાર ભયંકર યુદ્ધ ઉપાડે છે તે હિંદની ઈજ્જતની ખાતર, ગુજરાતને પોતાનો ઇતિહાસ વાંચવાનો થાય એ માટે, અને વડીલોએ પોતાનો હિસ્સો એ લડતમાં આપેલો છે તેવું જાણી ભવિષ્યની પ્રજા ઉંચી ડોકે ફરે એ માટે. તમને એ માટે મગરૂબી થવી જોઇએ.

જુવાનિયા રાડો પાડતા હતા, 'બળવો જોઇએ છે, ઇન્ડિપેન્ડન્સ જોઇએ છે.' તે કરી બતાવવાનો વખત હવે આવ્યો છે. હિંદુસ્તાનની મુક્તિ માટે આગેવાનો ઉપર બેડીઓ પડતી હશે તે વખતે સાઇકલો ઉપર બેસી, ચોપડીઓ લઇ કૉલેજની ઇમારતો તરફ તેઓ આંટા મારતા નહિ હોય. 'લૉંગ લિવ રેવોલ્યુશન'ની બુમો પાડતા હતા તે ડિગ્રીની આશા નહિ રાખતા હોય.

યાદ રાખજો કે આ લડાઇ છેવટની છે. જોજો, આપણને નીચું જોવા વખત ન આવે; જેઓ સેવા કરી રહ્યા છે તેમને એબ ન લાગે. હું તો હર્ષઘેલો થઇ ગયો છું કે હાં-મોકો મળે છે. જ્યારે તીડનાં ટોળાંની માફક ગોળીઓ છુટતી હોય ત્યારે ગુજરાતીઓ હસતા હોય તો સરકારને ખબર પડે કે આ બધું તો નકામું ગયું. હવે સીધું સટ થવાનું છે અને સીધું કરવાની તાકાતનો હિસાબ ગુજરાતમાંથી કાઢવાનો છે. જેને મરણનો ભય લાગતો હોય તે જાત્રાએ જજો; જેની પાસે પૈસા હોય તે પરદેશ જજો; ઘરડાઓ હોય તે વીલ કરજો. જુવાનિયા હોય તે બધાને મરદાની બતાવવાનો વખત આવ્યો છે. નહિ તો ઘરવાળીને કહેજો કે આજ સુધી હું નામરદ હતો એવું નહોતું લાગ્યું ને હવે છુટાછેડા કરવા છે. ખુદાના બંદા હો તો પ્રાર્થના કરજો કે ઈજ્જત રાખે. ગુજરાતીઓ ઇતિહાસમાં સ્વતંત્રતાનું પહેલું પાનું લખે છે. ઇશ્વર તમને તાકાત આપે.

(સરદારના ભરૂચના ભાષણમાંથી)

ક્રાન્તિના નામમાત્રથી લોકો જ્યારે કંપતા એ જમાનામાં ક્રાન્તિના વિચારોને અપનાવનાર અને પ્રસારનાર

નિત્યયુવાન નરસિંહભાઇ

આજથી ૫૬ વર્ષ ઉપર સંવત ૧૯૩૦ મા પેટલાદ તાલુકાના સોજીત્રા ગામમાં એક સામાન્ય પાટીદાર કુટુંબમાં આ અસામાન્ય પુરુષનો જન્મ થયો. જે વ્યક્તિને આપબળથી આગળ આવવાનું હોય છે ને જીંદગીની તડકીછાંયડી જોવાની હોય છે, તેને ભવિષ્યમાં એવા સંજોગોમાં અડગ અને અણનમ રહી શકે એવા પ્રકારની કેળવણી, બાલ્યકાળથી જ જાણે ન મળી રહેતી હોય એમ માલુમ પડે છે. એવું જ આ પુરુષને વિષેપણ હતું.

નાનપણમાં કુટુંબમાં માતાપિતા ને દાદા હતા. કુટુંબની ગરીબાઇ પુષ્કળ, પણ એ જમાનામાં રોકડા પૈસાની બહુ જરૂર પડતી નહિ. એટલે કુટુંબનિર્વાહ અનાજપાણી ઉપર નભી રહેતો. પિતા સરળ સ્વભાવના ને સાદા માણસ હતા. તેઓ સંસ્કૃત પુસ્તકોની



આ લેખનું મુળ મથાળું લેખકે 'પલિત યુવાન' (પળિયાં આવેલા છતાં યુવાન) એવું કરેલું. માથે પળિયાં આવ્યા છતાં પણ જે વિચારે, આચારે અને હૃદયે હજી, બલ્કે હંમેશાં જુવાન જ છે એવા **શ્રી નરસિંહભાઈ પટેલને** જેણે જોયા હોય તેને પહેલી જ મુલાકાતે લાગે કે તે ખરેખર નિત્યયુવાન છે. ભાવનાની કુમળતા, વિચારની તેજસ્વિતા અને જીવનના ઉત્સાહમાં એ આ ઉમરે યે કોઇપણ નવયુવાનને હઠાવે એવા છે. બંગભંગ અને સુરત કોંગ્રેસના પ્રસંગોથી જ્યારે દેશ ખળભળી ઉઠયો હતો અને ગુજરાત 'શાંતિ તથા સુવ્યવસ્થા'ના ધારણ નીચે નિરાંતે ઘોરતું હતું એ સમયમાં, વિપ્લવકારી સાહિત્ય ફેલાવવાના ગુનાહ માટે સરકારનો ખોફ અને જેલ વેઠી, અનેક હાડમારીઓ, રખડપાટ અને દેશવટો ભોગવીભોગવી જીવન હેતગવેલા એ યુવાન વૃદ્ધ આજ તો 'પાટીદાર' મારફતે પોતાની જ્ઞાતિની સેવા કરી રહ્યા છે; (હવે 'પાટીદાર' મોતીભાઇને સોંપી આ લડતમાં જોડાયા છે.) પણ જેણેજેણે એમનું લખેલું ગૅરીબાલ્ડીનું ચરિત્ર વાંચ્યું છે, વિચારની નવીનતા અને કુમળતાથી ભરેલા ચુટકાવાળા લેખો જોયા છે, અથવા આજ પણ 'પાટીદાર'માં આવતી એમની 'પ્રસંગકથા' વાંચી છે તે સૌને એમની તેજસ્વિતાનો સારો પરિચય છે. પણ એમનો ખરો પરિચય તો એમના અંગત પ્રસંગમાં આવનારને જ થાય. હાસ્યથી સદા યે **પુલકિત** રહેતા એમના ચહેરા પર પડેલી જીવનની કડવીમીઠીના અનેક રેખાઓ પાછળ, દુનિયા પરનો કટાક્ષભાવ અને અંદર ધુંધવાતી વિચારજ્વાળાઓ, જોનારને જણાઈ આવે. અને તમે એક વાર પરિચયમાં આવ્યા, કોઇ નવો વિષય ઉપાડયો, વાતને જરા વેગ આપ્યો, કે પછી તમારી મગદૂર નહિ કે એમની અવિરત વહેતી વિચારધારાના રસમાંથી બહાર નીકળવાનું મન કરી શકો. જીવનની હરકોઈ બાજુનું સજીવ રીતે નિરૂપણ કરવાની, તેને નવા જ દ્રષ્ટિબિંદુથી જોવાની અને પોતાના અનુભવ તથા બહુશ્રુતતાની કસોટી પર કસી કાઢવાની તેમનામાં સરસ શક્તિ છે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી અને જર્મન ભાષાનો સારો પરિચય ધરાવવા ઉપરાંત 'ફાઇલૉલૉજી' (ભાષાશાસ્ત્ર) અને 'ઇન્ડૉલૉજી'ના તે અચ્છા અભ્યાસી છે. પણ અભ્યાસીની જડતા કે શુષ્કતા એમનામાં નથી. સદા વહેતા ઝરણ જેવું એમનું જ્ઞાન સજીવ, તાજું અને જીવનની સર્વ બાજુઓને સ્પર્શતું વહ્યા કરે છે.

નકલો કરવામાં પ્રવીણ હતા. તે સમયે છાપખાનાં ચાલુ થઈ ચુકેલાં છતાં આવા પ્રકારની હસ્તકળાને હજી સમાજમાં સારૂં સ્થાન હતું. માતા ધર્મિષ્ટ હતાં, પણ તેમનામાં બાહ્ય ડોળ જેવું કંઈ પણ હતું નહિ. તેઓ હરહમેશના કાર્યમાં જ ધર્મને લાગુ પાડતાં. તેમનો ધર્મ સ્વામીનારાયણ હતો એટલે સહેજ મરજાદીપણું ખરૂં; પણ તે બુદ્ધિયુક્ત જ. એક વખતે ગ્રહણ હતું. તે થઈ રહ્યા પછી સામાન્ય રીતે દરેક હિંદુ નહાય ને પછી જ કોઈ પણ ચીજને અડી શકે. નરસિંહભાઈએ નહાવાની ના પાડી. માતાએ ઘણું સમજાવ્યા, પણ એ તો એકના બે ન જ થયા. છેવટે કંટાળીને બાએ કહ્યું, 'જો તું નહિ નહાય તો આ ફળીઆનાં ઐરાંમાં મારી આબરૂ જશે.' નરસિંહભાઈ કહે, 'પણ બા, તું મારી વાત નહિ સાંભળે?' બા તો તૈયાર જ હતાં. ભાઈ કહે, 'તારી આબરૂ તો અહીં ઐરાંમાં જશે પણ હું જો નહાઉં તો મારી આબરૂ કૉલેજ આખીના છોકરાઓમાં કૉડીની થઈ જવાની.' બા સમજી ગયાં અને વગર નહાયે ખાવાની છુટ મળી. આવી રીતે તેમણે ધર્મ અને વિચારને જીવનમાં સાથે વણી દીધેલાં હતાં.

જુના ગ્રામ્યજીવનનો અનુભવ કોઈ વૃદ્ધ પાસેથી સાંભળીએ તો ડેલી, ચોરો, ખેતર, ચબુતરો વગેરે સ્થાનોની જોડે સંકળાએલાં રસિક ને અનુભવભર્યાં અનેક સ્મરણો આપણને જાણવા મળે. નરસિંહભાઈના દાદાનું કામ આખો દહાડો ડેલીએ બેસી રહેવાનું. ડેલી એવી જગ્યાએ કે જ્યાંથી દરેક ગામથી આવતાજતા લોક ડોકિયું કરતા જાય. ડેલી આગળથી કોઈ પણ 'રામ-રામ' કર્યા વગર અગર અફીણની કાંકરી ખાધા સિવાય તો ન જ જાય. આ કુટુંબમાં ગરીબાઈ છતાં પરોણા-ચાકરીમાં કોઈનું મન ચોરાતું નહિ. નરસિંહભાઈ ઉપર આ ડેલીએ જો પોતાનો પ્રભાવ પાડ્યો હોત તો તેઓ અફીણી બન્યા હોત કે પછી તડાકા મારવાનો શોખ વધી પડ્યો હોત. પણ એમનામાં આનાથી અવળી જ અસર થએલી આપણને માલુમ પડે છે. એ ડેલીમાં એક કલો બારોટ કથા કહેતા. તેઓ કહે છે કે કલો બારોટ રજપુતાનાની વીરરસની જેવી વાર્તા કહેતા એવી અત્યારે ભાગ્યે જ કોઈક કહેનાર મળી આવે. બારોટ મોટો રંગીન ફેંટો બાંધે. એ ફેંટો એટલે અફીણ, કાગળ, કલમ વગેરેનું રહેઠાણ. બરાબર અફીણની ઘુંટ લે એટલે પછી વાત કહેવામાં જામે. વચ્ચેવચ્ચે જાણે ઝોકું ખાઈને ઝબકી ઉઠતા હોય એમ લાગે અને વળી ખોંખારો ખાઈ આગળ વાત ચલાવે. આ વાર્તાઓએ નરસિંહભાઈનું જીવન ઘડવામાં ઘણો ભાગ ભજવ્યો છે એમ કહી શકાય.

સાત વર્ષની ઉમરે ગાયકવાડી ગુજરાતી નિશાળે પગ દીધો ને તે જ વર્ષમાં પરણ્યા! તેમનાં પત્ની દીવાળી બહેન તેમના કરતાં એક વરસ મોટાં છે! તે વખતે આમ મોટી ઉમરે જ દરેક ભણનાર નિશાળે બેસતો. આથી તોફાન ને ધીંગામસ્તીમાં જ શારીરિક અને માનસિક વિકાસ સધાઈ જતો.

ઘરમાંથી પૈસા ચોરવા અને પતંગો ચગાવવી, હોળીના તહેવારોમાં બધાએ 'ચીનના શાહુકાર' બની કોઈનાં ગાડાં તો કોઈના ખાટલા કે પાટડા બાળવા, આવીઆવી તોફાની રમતોમાં મચ્યા રહેતા બધા લંગો-ટિયા ભાઈબંધો દિવસો વીતાવતા. હોળી વખતે બી-જાને નુકસાન કરતા તેમાં એક જ ધ્યેય હતું કે કોઈ પણ સંજોગોમાં હોળી બરાબર મનપસંદ રીતે પ્રગટા-વવી. તરતાં તો ઘણાખરાને આવડે. ગામનું તળાવ પાર કરવું એ નરસિંહભાઈને આઠ નવ વર્ષની ઉમરે પણ રમત વાત હતી. ગેડીદડા એ તે વખતની મરદાની રમત હતી. ગતના ઉજાગરા ને કોઈ વખત ગેડીના ઘા ખમવા, ઉદારતાથી ગુનાને ભુલી જવો, આ બધું જાણે કુદરતી હોય એમ તે વખતે જુવાનોના સ્વભાવમાં વણાઈ ગએલું હતું. તે વખતે ખાસ રમત 'ખીલદડા'ની હતી. એક માણસ ધોતિયાનો એક છેડો પકડી વચ્ચે બેસે. દાવવાળો બીજો છેડો ઝાલી પેલાને મધ્યબિંદુ રાખી ચક્કરચક્કર ફરે. વચ્ચેના માણસ—ખીલા (किलम्) —પાસે રમનારા એકએક ફારક, ધોતિયું કે છેટી લાવ્યા હોય તે મુકી જાય. પછી પેલા ફરનારના પંજામાં સપડાયા વગર એ ધોતિયાં ઉઠાવી જવાનાં. જેનું રહી જાય કે પકડાઈ જાય તેને માથે દાવ, અને તેના ધોતિયાનો કોરડો કરી તેને મારવાનો એ શિક્ષા. આમાં જુદાજુદા પક્ષો રચાતા તે રમતો રમાવા પુરતા જ. પછીથી એ પક્ષાપક્ષી અદૃશ્ય થતી.

ગુજરાતી નિશાળમાં છઠ્ઠું ધોરણ પાસ કરી ચૌદ વરસની ઉમરે અંગ્રેજીમાં બેઠા ને બાવીસમે વર્ષે મૅટ્રિક

પાસ થયા. હાલના જમાનામાં જ્યાં છોકરાઓ પંદર પંદર વરસે મૅટ્રિક પસાર કરે છે ત્યાં આ નવાઇ જેવું લાગે; પણ તે જમાનામાં 'વૅંતિયા' છોકરાઓ નજરે ચડતા નહિ. મોટી ઉમરે નિશાળે બેસવાથી શારીરિક અને માનસિક વિકાસને પુરેપુરો અવકાશ મળતો, એટલે ફરજિયાત શારીરિક કેળવણી રાખવાની જરૂરિયાત જણાતી નહિ, કારણકે એમાં બધા કંઇ ને કંઇ શારીરિક કસરત સાહજિક આપમેળે કરી જ લેતા, એટલે એ મરજિયાત હતું.

જ્યારે તેઓ સત્તર વર્ષના થયા ત્યારે તેમનાં પત્નીને વળાવવામાં આવ્યાં. પરણ્યા સાત વર્ષે પણ વળાવ્યાં દસ વર્ષ બાદ. આ રીતે 'સમ્મતિ વયના કાયદા'ની જરૂરિયાત પણ તે વખતે જણાતી નહિ હોય એ સ્વાભાવિક છે. સૌ એ 'કાયદા'ને જાણેઅજાણે પણ માન આપતાં હતાં જ. આ બાળલગ્નથી અને ઉમરના પ્રમાણથી તેમને કદી પણ દિલગીરી નથી થતી. વળી તેઓ અત્યારે વરકન્યાની ઉમરમાં તફાવત જ ન હોવો જોઇએ એ સિદ્ધાંત કેટલે અંશે ખરો છે તે વિષે શોધ ચલાવી રહ્યા છે. તેઓ પોતાનાં પત્ની સંબંધી સંતોષપૂર્વક કહે છે કે, 'એમની—પત્નીની—જ સહાયતા ને પરિબળથી હું આટલું કરી શકું છું. એમની ખફા મરજીને લીધે વધારે સંકટો આવ્યાં હોત. મારા જેટલી ઉમરવાળાની સાથે બેઉં બહાર ફરવા નથી નીકળતું. પણ હું તેમની સાથે આ ઉમરે પણ બહાર ફરવા સાથે જ નીકળું છું.' વાત પણ ખરી છે. ઘરનો બધો કારભાર દીવાળીબાને માથે જ. અને જ્યારે જોઇએ ત્યારે એ જ હાસ્ય અને ઉત્સાહ આપણને નજરે પડે. કોઇને જે કંઈ કહેવું હોય તે વિના ડરે પણ સંભળાવી શકે એટલું સ્પષ્ટ વક્તવ્ય એમનામાં છે.

કોઇના જીવન પ્રસંગોથી જેટલું જાણવાનું મળે તેટલું ભાગ્યે જ બીજી કોઇ દિશામાંથી મળી રહે. નરસિંહભાઈના જીવનના કેટલાક પ્રસંગો આપણે જોઇશું, જેથી એમનું જીવન કેવી રીતે ઘડાયું તે આપોઆપ જ સમજાશે.

મુળથી જ ક્રાંતિવાદીના ગુણ જાણેઅજાણે પણ તેમનામાં પ્રવેશ કરી બેઠેલા. મસ્તી એ જ એમને મન નિજાનંદ હતો. કોઇ પણ કાર્ય પાર પાડવું ધાર્યું હોય તો હાથ ઉપર લીધા પછીથી સચોટતાથી અને તનતોડ મહેનત કરી સંપૂર્ણ કર્તવ્યપરાયણ બની તેને પાર પાડવું એ સિદ્ધાંત પહેલેથી જ તેમનામાં આપણને જણાય છે. એક વાર એમના કાકાના દીકરા અને એ ભણવા બેઠા હતા. અચાનક બંનેને તળાવમાં નહાવાનો વિચાર સ્ફૂર્યો. બંને ય સ્લેટ દફતર જ્યાંનાં ત્યાં રહેવા દઇ તળાવે ગયા. નહાવા પડ્યા એટલામાં દાદાએ દીઠા. દાદા કડક મિજાજના હતા. બંનેને બહાર આવવા કહ્યું. શી મગદુર કે હુકમનો અનાદર થાય? બંનેને દાદાએ ઘેર લાવી દોરડે ને દોરડે ખુબ માર્યા અને 'લેસન' કરવા બેસાડ્યા. નાનપણમાં મારની તેમને નવાઈ જ ન હતી. તેઓ કહે છે કે 'હું તો મારમાં જ ઉછર્યો છું.' લેસન કરવા બેઠા ને 'એ જ મિનિટ' થઇ હશે અને ફરી એ જ તળાવ અને એ જ મઝા! આ વખતે તેમનું વય ફક્ત આઠ જ વર્ષનું હતું. બીજો પ્રસંગ પણ તેમના આ વિચારને સચોટ રીતે રજુ કરે છે. ગામ વચ્ચે થઇને નિશાળે જવાનું. રસ્તામાં એક પત્થરની ઠેસ વાગી. પત્થર હચમચાવ્યો પણ નીકળ્યો નહિ. પણ એમ કંઇ મનમાં આવેલી વાત છુટે એમ ન હતું. ઘેર ગયા ને કોદાળી લાવી પત્થર ખોદી નાખ્યો અને કોદાળી ઘેર મુકી આવીને નિશાળે ગયા! આમ વિચારોને કાર્યમાં મુકવાની ટેવ એમને ગળથૂથીમા પવાઇ હોય એમ લાગે છે.

નિશાળમાં નવા માસ્તર આવેલા. તે હેડ માસ્તરની ઑફિસમાં ટેબલ ઉપર ટોપી મુકી બહાર ગએલા. અચાનક નરસિંહભાઇ ત્યાં પહોંચ્યા. રમતમાં ને રમતમાં એક ખડિયો-જેનો બુચ વાસેલા જેવો લાગતો હતો તે-ટોપી ઉપર ઉંધો વાળ્યો. કમનસીબે (શિક્ષકના કે વિદ્યાર્થીના?) બુચ નહિ ને શાહીથી ટોપી ખરડાઇ ગઇ. બીકના માર્યા શાહીચૂસ લગાડવા જેટલી હીમત પણ ન રહી. ક્લાસમાં જઇને દરેકને દમ દીધો કે કોઇએ તેમનું નામ ન આપવું. પણ નામ કહ્યાયા વિના કાંઇ રહે? માસ્તર મનમાં તો ઘણું દાઝે બળ્યા, પણ જવા દીધા. તે દિવસથી તેમનો કયો વિષય કાચો છે એ પકડી કાઢવા માસ્તરે મન પરોવ્યું. થોડા જ દિવસમાં ભૂગોળ તેમનો કાચો વિષય છે એમ જણાયું. આ બહાના હેઠળ માસ્તરને એમને શિક્ષા કરવી હતી. આયર્લૅન્ડની ભૂગોળ ઘેરથી કરવાની

આપી માસ્તરે હુકમ કર્યો કે, 'જેને કાલે નહિ આવડે તેને પાટલી ઉપર ઉભો કરવામાં આવશે.'

બીજે દિવસ થયો. ભૂગોળમાંથી પ્રશ્ન પુછાવા લાગ્યા. ભાઇને પુછ્યા, પણ એકેક ય શાનો આવડે?

માસ્તર કહે, 'કેમ, ભૂગોળ નથી વાંચી લાવ્યો?'

'વાંચી'તી ખરી, પણ આવડતી નથી.'

'ન આવડે તો પાટલી ઉપર ઉભો થા.'

'ના સાહેબ; એ નહિ બને.'

'ત્યારે ભૂગોળ કેમ ન કરી આણી?'

'પણ સાહેબ મોઢે ચડે ત્યારે ને?'

'ત્યારે પાટલી ઉપર ઉભો થા.'

પણ એ ગણકારે એમ ન હતું. આજ તેમણે માસ્તરની પુરી ફજેતી કરવા ધાર્યું હતું. માસ્તર થાકીને હેડ માસ્તર પાસે લઈ ગયા. હેડ માસ્તરની આગળ બધી ફરિયાદ રજુ કરી. હેડ માસ્તરે પુછ્યું, 'કેમ અલ્યા, લેસન કરી નથી લાવતો ને વળી હુકમ પણ નથી માનતો?'

'પણ સાહેબ શું લેસન ન આવડ્યું તે તો એ કહેતા નથી.' તેમણે જવાબ આપ્યો.

હેડ માસ્તરે માસ્તર પાસેથી શું નથી આવડ્યું એ જાણી લીધું. એટલે નરસિંહભાઇ કહે, 'સાહેબ, ભૂગોળ તો આજ બરાબર આવડે છે. નાહકના મને પજવવા આટલું બધું કરે છે. તમે પુછો ને ન આવડે તો જે શિક્ષા ફરમાવશો એ મારે કબુલ છે.'

ત્યાં જ પ્રશ્નો શરૂ થયા અને માસ્તરના આશ્ચર્ય વચ્ચે તેમણે કડેડાટ સાચા જવાબો આપ્યા. માસ્તર જુઠા પડ્યા ને ઝંખવાણા પણ ખરા. બંને ક્લાસમાં આવ્યા. માસ્તરને તો ખુબ રોષ ચડેલો, પણ હવે ઉપાય ન હતો. બધાને બીક પુષ્કળ લાગી એટલે બે દિવસ સુધી હડતાળ પાડી. એ વર્ગમાંથી કોઈ નિશાળે જ ન ગયું. જ્યારે માસ્તરે કોઇ પણ ગંભીર પગલું ન ભરવાની બાંહેધરી આપી ત્યારે બધા વર્ગમાં દાખલ થયા. આ વખતે તેઓ અંગ્રેજી બીજા ધોરણમાં હતા.

એક વાર હેડ માસ્તર નવા આવેલા. નિશાળમાં એક કલાકની બપોરની છુટી આપવાનો નિયમ હતો. પણ હેડ માસ્તર જ્યાંથી આવેલા ત્યાં અરધા કલાકનો નિયમ હતો. તેમને એક કલાક ન રૂચ્યો એટલે હવેથી અરધા કલાકની બપોરની છુટી રાખવામાં આવશે એ પ્રમાણે નોટીસ ફેરવી. પાંચ ધોરણમાંથી ત્રીજા ધોરણ સિવાય કોઇએ વાંધો ઉઠાવ્યો નહિ. આ ચળવળમાં મુખ્ય ભાગ બીજા કોનો હોય? હેડ માસ્તરે એમને બોલાવીને પુછ્યું, 'તારે શો વાંધો છે?'

"મારા વર્ગમાં ખેડાવાળ જ્ઞાતિના કેટલાક વિદ્યાર્થીઓ આવે છે અને તેમનું ઘર લગભગ અહીંથી પોણો માઇલ દૂર થાય. એટલે અરધા કલાકમાં ઘેર જઇ ખાઇને પાછા શી રીતે આવી શકે?'

'ખેડાવાળને વાંધો છે તેમાં તારે શું? બીજાની પંચાત તું શું કામ કરે છે?' હેડ માસ્તર પદાર્થપાઠ શીખવવા લાગ્યા!

'મારે પણ વાંધો છે. મને હુક્કો પીવાની ટેવ છે. એટલે હુક્કો પીઉં તો જ હાજતે જવાનું મન થાય. માટે મારે ય એટલી રજાએ તો ન ચાલે.'

હેડ માસ્તરને સલાહનાં ચિહ્ન ન જણાયાં. તરત જ હુકમ કાઢ્યો કે અરધા કલાકની જ રજા ભોગવી દરેકે નિશાળમાં હાજર થવું.

નરસિંહભાઇએ તરત જ વર્ગમાં સામી નોટીસ ફેરવી કે કોઈએ કલાકની રજા ભોગવ્યા સિવાય આવવું નહિ. અને કોઇ છાનોમાનો સરકી ન જાય તે માટે 'ચોકીદારો' ગોઠવી દીધા.

બપોરે હેડ માસ્તર ખીજાયા. હાથમાં સોટી ને રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને આવ્યા. દરેકને એકએક સોટી ને નરસિંહભાઇને બે સોટી મારી અને પુછ્યું, 'હવે માનશે?' દૃઢ જવાબ મળ્યો કે 'ના સાહેબ, કલાક તો લાગશે જ.' બંને પક્ષો હઠે ચડ્યા. હેડ માસ્તર રોજ આવે. રોજ એકએક સોટી વધતી જાય. આમ દસમે દિવસે આવ્યા. દરેકને દસ સોટી ને નરસિંહભાઇને અગિયાર મારી. ને પછી પુછ્યું, 'કેમ, હજી માનશે કે નહિ?' શાંતિભેર જવાબ મળ્યો 'ના સાહેબ, કલાક તો જોઇશે જ!'

વિજય મેળવવા પુરી કસોટી થઇ ગઈ હતી. તે સોટી મારી જવાબ મેળવી ગયા ને તરત જ નોટીસ ફેરવી કે 'આજથી બપોરે એક કલાકની રજા આપવામાં આવે છે.'

બાળપણના દિવસોમાં પણ એ નિત્યનોંધ રાખતા! અત્યારે તો એ નોંધપોથી ખોવાઇ ગએલી છે, પણ તે દિવસના બનાવ ઉપર તેમણે લખેલું યાદ છે કે,

'રાજા ગમે તેવો બળવાન હોય પણ પ્રજા ધારે તો તેને ઠેકાણે લાવી શકે.' તેમને પોતાને પણ નથી સમજાતું કે આવો રાજકારણ વિષયી વિચાર પોતાને શી રીતે પ્રથમ સ્ફૂર્યો હશે?

ઉનાળામાં ખરે બપોરે પારકા આંબાની કેરીઓ ચોરીછુપીથી ખાવી એમાં છોકરાઓને એક જાતની મઝા પડે છે. સાહસ, બીજાને મહાત કરીને કાર્ય સાધવું, વિટંબણાઓમાંથી પસાર થવું વગેરે વિચારોમાંથી આવાં કાર્ય હાથ ધરવાનું મન ઘણી વખત થાય છે. નિશાળમાં વર્ગ ચાલતો હતો. ગામમાં એક લંગડા ગોર હતા. એ ઘોડી રાખે. ચલાય નહિ એટલે આખો દિવસ બહાર નીકળવા ઘોડેસવારી કરે. એક વખત ઘોડી ઉપર ચડી એ ગામ બહાર ખરચુ જવા ચાલ્યા. નરસિંહભાઇએ નિશાળમાંથી જોયા. પોતાને ઘોડેસવારી કરવાનું મન થઇ આવ્યું. તરત જ લઘુશંકા કરવા જવા માસ્તરની રજા લીધી ને ગોરની પાછળ ને પાછળ ચાલ્યા. જેવા ગોર ઘોડી ઉપરથી ઉતરી બેસવાની તૈયારી કરે છે તેવી જ એમણે ઘોડી પલાણીને મારી મુકી. સારી પેઠે ચક્કર મારી આવી, હતી ત્યાં ને ત્યાં ઘોડી મુકી, ડાહ્યા થઇ વર્ગમાં આવી બેઠા. થોડી વારમાં તો ગોર નિશાળ તરફ આવતા જણાયા. રામ રમી ગયા! માસ્તર બધું જાણશે અને હાડકાં સસ્તાં થશે એનો ભય લાગ્યો. પણ એક વિચાર સુઝ્યો. ખોટી રીતે ઉલટી થવાનું થાય છે એમ દેખાવ કરી બહાર ગયા. જ્યાં ગોરની અને એમની નજર મળી કે એક પત્થર લઇને તેમના તરફ તાકીને ઇશારતથી સમજાવ્યુ કે, 'ભલા થઇને છાનામાના ગામ ભણી સિધાવો; નહિતો લમણું નીતરતું થઇ જશે!' ગોર પણ સાનમા સમજે એવા હતા! મુંગામુંગા ગામ તરફ ઘોડી હાંકી મુકી.

આમ તોફાન, રખડવું, મજાક બધું ચાલતું હતું પણ ભણવામાં નંબર આગળ જ રાખતા. વિષય ન આવડે તે બુદ્ધિની ઉણપને લીધે નહિ, પણ વાંચવાના આળસને આભારી હતું. એક વખત પ્રવેશક પરીક્ષામાં ભૂમિતિનો પેપર ન આવડવાથી આપ્યો જ નહિ, પણ પછી ચીવટ એવી લાગી કે થોડા જ દિવસમાં ભૂમિતિ બરાબર કરી વાર્ષિક પરીક્ષામાં સારા માર્ક મેળવ્યા. શાળાનું લેસન વાંચવામાં ખાસ રસ પડતો નહિ, પણ બહારનું વાંચન તો ખુબ કરતા. કર્નલ મેડોઝ ટેલરનાં 'સીતા' 'તારા' અને 'એક ઠગની કબુલાત-કથા' નામનાં પ્રખ્યાત પુસ્તકો તે વખતે તેમણે વાંચેલાં.

પાંચમા ધોરણમાં નાપાસ થયા પછી તે વડોદરે ગયા. જ્યારે સોળેક વર્ષના હતા ત્યારે એ અને બીજા પાંચ વિદ્યાર્થીઓની એક ટોળી હતી. તેઓ રાત્રે વાંચવા એક જણને ઘેર મળે. ત્યાં સાથેસાથે કેરીનાં ચીરિયાં, જાંબુ, રાયણ વગેરેની મિજબાનીઓ પણ ઉડે. એવામાં એક મિત્રને ત્યાં જમણ આવ્યું. પણ આ છ જણનો વહેવાર નહિ, એટલે જમવા તો શી રીતે નોતરે?

વાંછા

[વસંતતિલકા]

મુક્તિ! પ્રભા-હૃદયની-પ્રભુ! પ્રાણ શ્વાસ!
વાંચ્છા સનાતન! અને અવિભિન્ન આશ!
સંજીવની! પુનરજન્મની ઓ વિધાત્રી!
તું એકમાત્ર જગમાં મુજ આશઃ ધાત્રી!

ના; આશ એક ઉરની તુજથી મહાન;—
હા! એ તૃષા નહિ છીપે કરી મુક્તિપાન.
સ્વાતંત્ર્યના જગનમાં બલિદાન થાવું.
મુક્તિ પ્રિયા-પ્રિયતમા બલિદાન માનું.

કૃષ્ણલાલ સિધરાણી

કૂચ બારશ — ૧૨ : ૩ : ૩૦



'કુમાર' : ફાગણ ૧૯૮૬ — ચિત્રકાર : કનુ દેસાઈ

યુદ્ધપથ

'ચડ્યા નવજવાનિયા અડગ, ધીર ને સંયમી,
દરેક કૃતનિશ્ચયી, દિલ સ્વતંત્રતાને ભરી,
અમોઘ ધરી શસ્ત્ર એ વિજયપંથ દળ ઊમટ્યું.'

ભારતના મુક્તિસંગ્રામની ગાંધીજીની ૧૨મી માર્ચ (૧૯૩૦)ની પહેલી ઐતિહાસિક કૂચના સ્મરણાંક તરીકે ભાઈ કનુ દેસાઈએ ઉપલું શોભનચિત્ર આલેખ્યું છે. લડતનાં તત્ત્વોને એમાં સંજ્ઞાઓ વડે સૂચિત કર્યાં છે. કૂચ એ મુખ્ય ભાવ છે, તેને વ્યક્ત કરવા બતાવેલા મોટા પગ એ ચિત્રનું મુખ્ય અંગ છે. (પાછળના ભાગમાં દૂર રણતૂરી ગજવતી ધપતી ટુકડીઓ પણ એની જ અનુષંગી છે.) નિઃશસ્ત્રતા અને શાંતિમય દુઃખસહનનો ભાવ પગને ખુલ્લા રાખીને બતાવ્યો છે; અને એવા અહિંસાત્મક યુદ્ધને અંતે હમેશાં વિજય જ હોય છે એ માર્ગમાં વેરેલાં ફૂલોથી સૂચિત કર્યું છે. ભારતના કલ્યાણ માટેના આ મુક્તિયજ્ઞની મહત્તા અને પાવિત્ર્ય ડાબી બાજુએ દર્શાવેલી યજ્ઞવેદિથી, અને તેને માટે ભલે અહિંસક પણ અમોઘ શક્તિ જોઈએ તે જમણી બાજુએ આલેખેલા ત્રિશૂલથી સૂચવ્યું છે. જમણી તરફના આગળના ભાગમાં પ્રજાના અંતર સમા ઘૂઘવતા સાગરનાં મોજાં છે; પાછળ, ઊગતા સ્વાતંત્ર્ય-સૂર્યની લાલિમા છે: અને એ બધાંને વાદળની સૌંદર્યરેખાથી ગૂંથી લીધાં છે. વિવિધ સંજ્ઞાઓને પ્રમાણબદ્ધરીતે અને સુરેખપણે ગૂંથીને આવાં અસરકારક સંજ્ઞાચિત્રો પ્રકટાવવાની કલા આપણે ત્યાં નહિ જેવી છે. રૂપકો વડે અર્થ સૂચવતાં સંજ્ઞાકાવ્યોમાં હોય છે તેવી જ વેધક મધુરતા આવાં પ્રતીકો ગૂંથેલાં શોભનચિત્રોમાં હોય છે. લોકકેળવણીની દૃષ્ટિએ અને પ્રસંગોનાં સ્મરણાંક તરીકે એનું મહત્ત્વ ઘણું છે. કોઈ જાહેર સભાગૃહની કે નગરચોકની ભીંતો પર આલેખાએલાં આવાં ચિત્રો પ્રજાને સૌંદર્યદૃષ્ટિ આપતાંઆપતાં તેમના સ્મરણમાં ઈતિહાસના પ્રેરક પ્રસંગો સદા જાગ્રત રાખ્યા કરે છે.



પુરાણતીર્થ તારંગા

(ફોટો : હરિનારાયણ આચાર્ય)

નીચે કંડાળમાં રમકડા જેવું લાગતું જિનમંદિર, પાસે પૂર્વમાં નાના લીસોટા જેવી ચારપાંચ પહાડોની આડે ડોકિયાં કરતી સાબરમતી, બીજી બાજુ ધાન્યથી લચી પડેલી ગુજરાતની નવપલ્લવ વાડી, ઉત્તરમાં આછાં ઝાડપાનથી ખરડાએલો ધાંધારનો પહાડી પ્રદેશ,—આ બધુ આંખને કંઇક કર્કશ છતાં મોહક લાગે છે. અહીં નથી ગીચ જંગલો કે નથી ઉંચા પહાડ. ફૂલીફાલી ખીણો પણ જોવામાં નથી આવતી. છતાં કાળમીંઢ પત્થર અને ઝાંખરાંથી ભરપુર આ સ્થાન જડને પણ ભાન ભુલાવે એવી સુંદરતા ધારણ કરે છે.

પણ બેએક જણને પોતાને ઘેર આવી લાડુ લઇ જવા કહ્યું. નરસિંહભાઇ અને બીજો એક વિદ્યાર્થી એ જણ ચાલ્યા. છ છ લાડુ હાથમાં લઈ પાછા ફર્યા. રસ્તામાં નરસિંહભાઇ પેશાબ કરવા બેઠા. વાર લાગી એટલે સાથીએ બુમો પાડવા માંડી, પણ એ તો ઉંહકારામાં જ જવાબ આપે. દસેક મિનિટે ઉઠ્યા. સાથીએ હાથમાં લાડવા ન જોયા એટલે પુછ્યું, 'લાડુ ક્યાં ગયા?' ઉદાસ મોઢે જવાબ આપ્યો, 'એ તો ત્યાં પડી ગયા.' સાથીએ કહ્યું, 'ચાલ જોઇએ દેખાડ.' 'ત્યાં કંઇ ગંદામાં જોવા જવાય? તારે જવું હોય તો એ રસ્તો.' સીધો જવાબ મળ્યો! સાથી સમજી ગયો. ઉતારે આવી બાકીના સાથીઓને લાડવાની વાત કરી. બધાય રીસે ભરાયા અને એમને ઠીક 'પરસાદ' આપ્યો. પછી બધા બાકી રહેલા છ લાડવા ખાવા બેઠા. એટલે ખુણામાંથી અવાજ આવ્યો, 'ભાઇઓ, મારો ભાગ બાકી છે. કદાચ હું લાડુ ખાઇ ગયો હોઉં પણ તેવો તમારો માર પણ ખાધો છે ને? માટે ભાગ મુકી દેજો!'

વડોદરામાં પબ્લિક પાર્કમાં રામજીમંદિર છે. પહેલેથી જ ત્યાં વિદ્યાર્થીઓ રહે છે. ત્યાં ખાધાખર્ચ હમેશાં ઓછું આવે છે. અત્યારે પણ શ્રી મોતીભાઇ અમીનની દેખરેખ નીચે ત્યાં વિદ્યાર્થીઓને સગવડ મળે છે. એ વખતે માસિક ખાધાખર્ચ માંડ સાતઆઠ રૂપિયા આવતું. ત્યાં પાંત્રીસ વિદ્યાર્થીઓ રહેતા અને એ બધા 'The Thirty-five'ને નામે ઓળખાતા. તેમાં શ્રી મોતીભાઇ અમીન, પુરોહિત, જીવાભાઈ રેવાભાઇ વગેરે મુખ્ય હતા. સૌમાં મોતીભાઇ ઠરેલ અને વડીલની જગ્યા પુરે એવા હતા. કોઇ બનતાં સુધી એમની આમન્યા લોપતું નહિ. નરસિંહભાઇનો સ્વભાવ તો મુળનો જ કાયમ રહેલો.

વડોદરા રજવાડી શહેર એટલે ત્યાં નાટક કંપનીઓ ચાલુ રહે જ. નરસિંહભાઇને નાટકો જોવાનો બહુ શોખ, પણ પાસે પૈસા નહિ. અને શોખ પુરો કર્યા સિવાય પણ ન ચાલે. એટલે વખત મળ્યે કચેરીમાં જઇને નકલો કરતા અને એ પૈસામાંથી નાટક જોતા. આમ રખડપટ્ટીમાં સમય વીતાવતા અને અભ્યાસ તરફ બેદરકાર થતા. અચાનક એક વખત ઉનાળાની રજામાં ઘેર જતાં આપોઆપ આત્મમંથનથી જ આ વાત સમજાઇ. તે દિવસથી પલટો થયો. અભ્યાસ એ પ્રધાન ધ્યેય થયું; જોકે ધીંગામસ્તી ગૌણરૂપે તો રહી જ.

એક વખત આઠેક જણા ત્યાં રહેલા. ત્રણેક મણ કેરીઓ લાવ્યા. પહેલાં ચુસાય એટલી ચુસી. પછી મંડ્યા રસ કાઢવા. સૌએ ખવાય એટલો રસ ખાધો. તોપણ વધ્યો એટલે ઉભા થઇને બાકી રહેલો રસ પી ગયા! કેમ જાણે ઉભા થયે હોજરી વધતી ન હોય? એક વખત કોણ વધારે પુરીઓ ખાય એ ઉપર રસાકસી થઇ. નરસિંહભાઇ પહેલે નંબરે આવ્યા. ફક્ત પાંસઠ પુરી ખાધેલી ને બીજા નંબરે ત્રેસઠ. આમ 'ખાના, પીના ઓર ખેલના' એ જાણે જીવનમંત્ર હોય એમ જીંદગીની સફર ખેડતા.

આ 'The Thirty-five'માં ઘણાખરા પટેલ ભાયડા. છેલ તો ખરા જ; અને 'છેલ વ્યસન હુક્કો' એ સિવાય કંઇ ચાલે? ઘણાખરા હુક્કાના શોખીન. જે પહેલો ખાઇ રહે એ હુક્કો ભરી કરીને તૈયાર કરે. ત્યાં બીજો ઉઠે ને માગણી કરે; એટલે ભરનારો હુક્કો સાથે રાખી બાગમાં દોડે. બીજો એની પાછળ. આમ બાગ ફરી રહે ત્યાં તમાકુ એની મેળે જ બળી ગએલી હોય!

બગીચાનો માળી યુરોપિયન હતો. આ લોકોએ પાડેલું છીંડુ એ રોજ પુરાવી દે ને આ લોકો રોજ નવું પાડે. એક વખત તેમનામાંથી એક વિદ્યાર્થી દાતણ કાપવા વડ આગળ ગએલો. ત્યાં માળીની મડમે કુતરાને ઉશ્કેર્યો. આગળ વિદ્યાર્થી અને પાછળ કુતરો. છોકરો ઓરડીમાં પેસી બીજે બારણે થઇને નીકળી ગયો ને કુતરાને અંદર પુર્યો. મડમે ખુબ ચીચિયારીઓ પાડવા માંડી. આખરે ફરીથી એમ નહિ કરવાનું કબુલ કર્યું ત્યારે જ કુતરાને છુટો કર્યો.

એક વાર કોઇ પાટીદાર મહેમાન આવેલા. કૅમ્પમાં જતા સોલ્જરો સાથે તેમને બોલાચાલી થઇ એટલે એમણે મદદ માટે બુમ મારી. એક જણે નગારૂં વગાડ્યું કે બધા બહાર આવ્યા ને સોલ્જરોને ઠીક અધપાંસરા કર્યા. તે લોકોએ વિદ્યાર્થીઓને કોર્ટમાં લઇ જવાનો વિચાર કર્યો, પણ કૉલેજના પ્રિન્સિપાલ લિટ્લડેલ સાહેબને લીધે કંઈ બની ન શક્યું. અહીં આ આચાર્ય વિષે સહેજ વધુ પરિચય અસ્થાને નહિ ગણાય.

તેઓ મહા વિદ્વાન હતા. અંગ્રેજી સાહિત્યના

તો એ પ્રખર અને ઊંડા અભ્યાસી. તેઓ કહેતા કે ‘ દુનિયા ઉપરથી શેક્સપીઅરનાં બધાં પુસ્તકો નાશ પામે તો હું ફરીથી ઉત્પન્ન કરી શકું.’ આમ બોલતા ત્યારે એમના મોં ઉપર અહંતાની રેખા સરખી યે જણાતી નહિ. પણ નરી સરળતા અને અત્યંત આત્મ-વિશ્વાસ મુખ ઉપર છવાઇ રહેતાં. ઘરગથ્થુ ગુજરાતી ભાષા પણ એ જાણતા. અક્ષરો પણ એમના સુંદર અને મરોડદાર હતા. અંગ્રેજી એક્સર્સાઇઝ તપાસતા તો તેમાં ગુજરાતી ખરો શબ્દપ્રયોગ લખી વિદ્યાર્થીને સમજુતી આપતા. ઓગણીસમી સદીનાં છેલ્લાં વર્ષોમાં લો. મા. ટિળકને કેદ કર્યા તે જ અરસામાં કૅમ્પમાં મહારાણી વિક્ટોરિયાની જન્મતિથિ ઉજવવા બધા ભેગા મળેલા. લિટ્‌લડેલ સાહેબ પણ ત્યાં હાજર હતા. બધાએ જમણ શરૂ કરતા પહેલાં ‘ મહારાણીની તંદુરસ્તી બદ્દો ’ એમ બોલી શરૂઆત કરી ત્યારે આચાર્યે ‘ મિ. ટિળકની તંદુરસ્તી બદ્દો ’ એમ ઇચ્છી શરૂઆત કરી. આથી આપણને સમજાશે કે તેમને હિંદ અને હિંદીઓ માટે કેટલું માન હતું. નીડરતા અને સ્પષ્ટ વ્યક્તવ્યનું પણ તેમનામાં દર્શન થાય છે. તેઓ વિદ્યાર્થીઓને વારંવાર પોતાને ઘેર નોતરતા. હાઇસ્કુલના વિદ્યાર્થીઓ ને શિક્ષકો પણ તેમાં આવતા. તેમની જોડે એ રમતા, ઘરગથ્થુ રમતો શીખવતા, નાસ્તો કરતા અને બધા સાથે હળીમળીને ખુબ આનંદ તથા વાતોચીતો કરતા.

समानशीलं व्यसनेषु सख्यम् એ ન્યાયે એમને સરદાર વલ્લભભાઇ સાથે પણ ભાઇબંધી થએલી: વલ્લભભાઇ એ વેળા અણુસ્તુને ટેકરે રહેતા અને નરસિંહભાઇ તે જગ્યાની પાસે કાપડી પોળમાં રહેતા. એક વાર વલ્લભભાઇ નળે નહાવા ગએલા. ત્યાં એક વાણીઓ ઑફિસર રહે તેને છાંટા ઉડયા, એટલે એમને ધમકાવ્યા. એમણે પણ સામા જવાબ વાળ્યા. પેલી તોફાની ટોળીને ખબર પડી. પછી તો સૌ રોજ વલ્લભભાઇ સાથે ત્યાં જ નહાવા જાય. આમ વાણીઆને થકવ્યો. રોજ સાંજે કંઇ નહિ તો તેઓ મુક્કાબાજીમાંથી તો ન જતા.

‘ The Thirty-five ’માં એક પંચ હતું એ તો ખુબ જ તોફાની. તેમાં નરસિંહભાઇ ખરા. એક વિદ્યાર્થી ત્યાં ભાષણ કરવા આવેલો. ભાષણ તો કડકડાટ બોલે ને વળી અંગ્રેજી પણ. બધા મોં ફાડીને સાંભળી જ રહ્યા. એ ભાષણકર્તાની પાસે એક પુસ્તક હતું તે પેલા ‘ પંચ ’ માંથી એકના હાથમાં આવ્યું. વક્તા બોલી રહ્યા પછી પંચવાળા ભાઇએ ઉભા થઇ શરૂ કર્યું, ‘ ભાઇઓ, આજના વક્તાએ ભાષણ સુંદર આપ્યું છે. હવે જે વિષયને વિષે એ બોલતા હતા તે જ્યાંથી અધુરો રહ્યો છે ત્યાંથી હું તમને વાંચી સંભળાવીશ.’ આમ કહેતાંક ને પેલી ચોપડીમાંથી સપાટાબંધ વાંચવા લાગ્યા. વકતાની ને શ્રોતાની શી સ્થિતિ થઇ હશે તે વાચક કલ્પી લેશે !

આમ પ્રિવિયસ પસાર કરી, પણ પછી આગળ અભ્યાસ કરવાનો વિચાર માંડી વાળ્યો. અત્યાર સુધી એમના ધાર્મિક વિચારોમાં ઘણું જ પરિવર્તન થએલું હતું. પહેલાં તો તે મહાદેવને દીવો કર્યા વગર જમતા પણ નહિ. પછી આર્યસમાજે જ્યારે ‘ વેદ ઇશ્વરરચિત નથી ’ એમ જાહેર કર્યું ત્યારથી ઇશ્વરમાંથી આસ્થા ઉઠી ગઇ. ડાર્વિન અને હેકલ વાંચ્યા પછી તો એ તદ્દન નાસ્તિક જ થઇ ગયા. મુનિશ્રી જિનવિજયજી પહેલવહેલા જ્યારે એમને મળેલા ત્યારે તેમણે કહેલું કે ‘ હું તમને ઘણા વખતથી ઓળખું છું, કારણકે મેં તમારૂં ‘ કયા ઇશ્વરે આ સૃષ્ટિ રચી ’ એ પચાસેક પાનાંનું ચોપાનિયું વાંચેલું યાદ છે.’ સ્વર્ગ ને નર્કની કલ્પના કે અસ્તિત્વમાં તો શાના જ માને ? ઘણી વખત ગમ્મતમાં કહે છે કે, ‘ જો સ્વર્ગ ને નર્ક વચ્ચે મારે ચુંટણી કરવાની હોય તો હું નર્ક જ પસંદ કરૂં. કારણકે સ્વર્ગની ભીડ કરતાં નર્કની મોકળાશ વધારે સારી.’

કૉલેજમાંથી છુટીને નોકરી સ્વીકારી. પ્રથમ તો મહેતાજી થયા. એમણે ઘણાં વર્ષો મહેતાજી તરીકે ગાળ્યાં. એમાં દ્વારકા, મહેસાણા, પાદરા અને વડોદરામાં અનુક્રમે રહેલા. વડોદરે આવેલા ત્યારે તો કૉલેજમાં લાયબ્રેરિયન તરીકે પણ કામ કરતા. ત્યાં પણ વાંચન અને મનન ખુબ ચાલુ જ રહેલાં. ખાસ વિષયો કયા પુસ્તકોમાંથી જડે એની તેમને બહુ માહીતી હતી. ત્યાંના અધ્યાપકોને પણ આવી બાબતમાં તેઓ માર્ગદર્શક થઇ પડતા. હવે હરકોઇ પળનો સદુપયોગ કરવાનું તેઓ ચુકતા નહિ. ૧૯૦૧માં ઘેર જ આપબળે અભ્યાસ કરી એ બંગાળી શીખ્યા.

[અનુસંધાન આગળ પાન ૯૫મે]

રુક્ષ ધાંધારના પહાડી પ્રદેશમાં ગુજરાતનું સૌંદર્યવંતું યાત્રાધામ

પુરાણતીર્થ તારંગા



'અઢારે ભાર વનસ્પતિથી લચી રહેલો પહાડ, પહાડની વચ્ચે જળથી છલોછલ ભરેલું સરોવર અને સરોવરની પાજ્યે દેવભોમ. . . . . . . બધું ય જાણે એકસામટું, એક જ ઘડીએ અને એક જ અર્થવાળુ એકીસાથે ઉગી નીકળ્યું ન હોય એમ ભ્રાંતિ થાય છે. ચંદન અને વડની વનરાઈમાંથી ડોકિયાં કરતું આ સ્થાન રજ પણ નિસર્ગભિન્ન નથી દેખાતું.'


લેખક અને ફોટો લેનાર : હરિનારાયણ આચાર્ય

વેણી વચ્છરાજ અને તેની ગૃહિણી નાગપુરીને મનમાં થયું કે આપણને ધન તો ખુબ છે, પણ ધરામાં નામ રહે એવું કંઇક કરી જઇએ તો ઠીક. આવા વિચારમાં ને વિચારમાં દહાડા જવા લાગ્યા, પણ શું કરવું તે સુઝે નહિ. એવામાં એક રાતે બંનેને સ્વપ્નમાં આરાધ્ય દેવતાએ દર્શન દીધાં અને મંગળ વાણી કરી કે મને ભાવનો વિચાર તમે કર્યો છે. તમે ગુજરાતમાં જાગો. શ્રી અને સરસ્વતીના વિલાસસ્થાન જેવા આ દેશમાં ઉત્તરે આરાસુરવાળી અંબાનો પહાડ છે. તેના દક્ષિણ પગથાએ સાબરમતીના તટે દેવોનો શુભ નિવાસ છે. ત્યાં દેવપ્રાસાદની રચના કરો. આટલું કહી દેવતા અંતર્ધાન થઇ.

વહાણું વાતાં હર્ષઘેલાં દંપતીએ બધાંને વાત કરી પ્રવાસની તૈયારી કરવા માંડી, અને શુભ ચોઘડીએ સૌના આશીર્વાદ લઇ મનઃકામના પુરી કરવા ઘર મુકી નીકળ્યાં. ગામ છોડ્યું, સીમાડો છોડ્યો. સવારે ચાલે; સૂરજ માથે આવે એટલે કોઇ ગામ કે વાડીએ બપોરા કરે; સાંજે વળી ચાલવા માંડે ને રાતવાસો કોઇ ખેડુની ઝુંપડીએ કે રબારીના નેસમાં કરે. ચાલતાં જાય ને વચમાં આવતાં તીરથ પણ કરતાં જાય. ન જુએ રાત કે ન જુએ દહાડો. આમ ચાલતાં ઘણા દહાડા વીતી ગયા. વનોવન ખુંદી વળ્યાં. વહેતી નદીઓનાં નીર પીધાં અને જ્યાં સુકું રૂખડું યે ન મળે એવા રણના સણસણતા વાયરા પણ ખાધા. નહોતો કોઈ સાથ કે સથવારો. પણ ધરમથી ધ્યાન લાગેલું એટલે ડગલું યે પાછું શાનું ભરે? અથડાતાં કુટાતાં આવી પહોંચ્યાં ધાનધારામાં. ભારે વનમાં ભલભલાના પણ હાંજા ગગડી જાય. સાબરમતી અને સરસ્વતીની રૂપાવેણુ સેરો ઉનાળે આછુંઆછું ઝગારે અને ચોમાસામાં ઉભો કાંઠો જળજળાકાર કરી મુકે. વાઘની બરાડો



તારંગાના મંદિરનું સંમુખ દર્શન: રંગમંડપ અને તેનું શિખર



મંદિરનો પાછળનો ભાગ: ગર્ભાગારનુ શિખર


તો બારબાર ગાઉ સંભળાય અને ઉભાં વન ચીરીને હરણુ ને રોઝનાં જૂથ આખાં ઝાંખરાં સોંસરાં ચરતાં-ચરતાં નીકળી જાય. એવી ગુજરાતની ભોમમાં આખરે પગ મુક્યો. હરિયાળાં ખેતરોમાં વીઓ રોતા ખેડુને પુછ્યું, ગાયભેંસોનાં ધણ ચારતા ગોવાળિયાને પુછ્યું ને એંધાણી લીધી કે જેના ડુંગરે ડુંગરે દેવ હોય, જેના પાંદડે પાંદડે ફુલની ફોરમ ટપકતી હોય એવા, નદીનાળાંથી ઉભરાતા ધાંધારમાં તમારા જોગ થાનક મળશે. આશા-ભર્યાં સાધુ દંપતી ઝાંખરાંમાં આવી પહોંચ્યાં અને જોયું તો અઢારે ભાર વનસ્પતીથી લચી રહેલો એક પહાડ. પહાડની વચ્ચે જળથી છલોછલ ભરેલું સરોવર અને સરોવરની પાળે દેવભોમ. હર્ષઘેલાં નારીભરથારે સરોવરમા સ્નાન કર્યું, આરાધ્ય દેવતાની ઉપાસના કરી ને યોગ્ય કાળે આ સ્થાનના પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કર્યો.

કોટિ જૈનોના ભવબંધન કાપનાર આ સ્થાન તે પ્રાચીન તારણગઢ. મધ્યકાળમાં તેમ હાલ એને તારંગા નામે સૌ ઓળખે છે. કાળબળે જીર્ણ થએલા મંદિરનો ઉદ્ધાર કરી, કુમારપાળે એમાં જિન પ્રતિમા બેસાડી. ઇડરના રાજા પુંજાજીના આશ્રિત અને વચ્છરાજ સંઘવીના પુત્ર ગોવિંદ સંઘવીએ પંદરમા સૈકામાં એનો ફરીથી ઉદ્ધાર કર્યો અને હાલની પ્રતિમા એણે સ્થાપી એવું પણ કહેવાય છે. ગુજરાતી ઢબથી બાંધેલું મંદિરનું શિખર સોળમા સૈકાની મરામતની સાક્ષી પુરે છે. સિદ્ધપુર અહીંથી ૨૬ ગાઉ, અંબાજી બાર ગાઉ અને સાબરમતી પાંચ ગાઉ થાય.

મહેસાણાથી આશરે પાંત્રીસ માઇલ છેટે તારંગા હિલ નામનું સ્ટેશન છે. ત્યાંથી આશરે બે ગાઉ જેટલો છેટો તારંગાનો પહાડ ટીંબાના ગરાસિયા ઠાકોરના તાબામાં આવેલો છે.


અરવલ્લી પર્વતની એક હાર મારવાડ અને ગુજરાતના શીમાડા પર સળંગ પથરાતી આવી છે. એની એક બાજુએ આબુ, થોડેક છેટે અંબાભવાનીનો ડુંગર અને ત્યાંથી કટકે કટકે ઠેઠ ગુજરાતના કિનારા સુધી છુટાછવાયા ટેકરારૂપે પથરાતો ધાંધારનો પહાડી પ્રદેશ. જો મહેસાણાથી નીકળી, વીસનગર અને વડ-નગર થઇ, વચમાં ખેરાળુને ડાબી બાજુ મુકીને આ-ગળ વધીએ તો ગુજરાતના પૂર્વોત્તર ખુણે, જ્યાંથી ટેકરાની શરૂઆત થાય છે ત્યાં, આ પહાડની તળેટીમાં જઇને ઉભા રહીએ. લીલાંછમ ઝાડની ઘટા નીચે ચાલતાં, ખાડાટેકરા ઉતરતાં ચડતાં તારંગાના પહાડ ઉપર પહોંચી જવાય, જ્યાં પહાડની ગોદમાં છુપાઇ રહેલું તારંગાતીર્થ આવેલું છે.

આ સ્થાનની પ્રસિદ્ધિ બૌદ્ધોના વખતથી હશે એમ આસપાસની સ્થળરચના અને પુરાણી મૂર્તિ-ઓના અવશેષો પરથી જણાય છે. કદાચ આ સ્થળે એકાદ વિશાળ નગર કે દુર્ગ પણ હોય. બૌદ્ધોની



શાસનદેવી તારાદેવી નામે પ્રસિદ્ધ છે. તેનું અહીંઆં સ્થાન હતું તેથી લોકમાં આ પહાડ તારંગા નામથી જાણીતો થયો, એવી એક કલ્પના છે. ઇસવી સનની તેરમી ચૌદમી સદીમાં પણ આને તારંગા કહેતા હતા. અહીંનાં બૌદ્ધ ધર્મનાં સ્થાનો સમય બદલાતાં કાળબળે નાશ પામ્યાં અને જૈન ધર્મના મધ્યાહ્નકાળમાં બૌદ્ધ સ્થાનકને બદલે જૈન મંદિરની પ્રતિષ્ઠા થઈ, આવો પણ એક પક્ષ છે. ગમે તેમ હોય, પણ આ સ્થળની આજની પ્રસિદ્ધિનો યશ તો જૈનોને જ છે.

નાનામોટા પહાડોનો ઉપયોગ કરી, કુદરતી ન હોય ત્યાં ચણતરની દીવાલ કરી, વિશાળ જગ્યાને ઘેરી લઇ એક વિશાળ ગઢ બનાવી લીધો છે. પશ્ચિમ દરવાજેથી પેસીને ગઢમાં થોડેક દૂર નીચે ઉતરીએ તો વનથી વીંટળાએલો મનોહર જિનપ્રાસાદ નજરે પડે છે. ભારે પ્રયત્ને દૂરદૂરથી સામગ્રી ભેગી કરીને બાંધેલા આ દેવમહાલયની રચના સાદી છતાં સુંદર અને કલામય છે. 'સપ્રમાણતા' એનો સંકેતશબ્દ હશે, એવું ઉપરટપકે જોનાર પણ સમજી શકે છે. આસપાસ ધર્મશાળા, પેઢી, અપાસરા વગેરે નાનાંનાનાં મકાનોથી ઘેરાએલા ૨૩૦ ફુટના વિશાળ ચોકની વચ્ચોવચ અત્યંત સરળ છતાં પ્રૌઢ અને ઓજસ્વી કલેવરવાળું ૧૨૫' ઉંચું, ૧૫૦' લાંબું અને ૧૦૦' પહોળું વિશાળકાય મંદિર પૂર્વાભિમુખ આવેલું છે. દસ અષ્ટકોણ થાંભલા પર ટકવેલા ૩૮'×૨૩'ના ગર્ભાગારની સંમુખ આઠ થાંભલા પર મંદિરનો મુખ્ય ઘુમટ બાંધેલો છે. રંગમંડપની આગળ પૂર્વે ૧૮॥'×૧૮॥'ની અને ઉત્તર તથા દક્ષિણ બાજુએ બે બે થાંભલા પર ટકવેલી ઓશરીઓ કહાડેલી છે, અને ત્યાં થઇ ત્રણે દિશાથી મંદિરમાં પેસવાનાં મોટાં દ્વાર છે. ગર્ભાગારને કોતરેલી સુંદર જાળીઓવાળાં પીતળનાં ભારે કમાડ છે. અંદર અંધારામાં જૈનોના બીજા તીર્થંકર અજિતનાથની ૧૦૧ આંગળ ઊંચી, બૃહત્પ્રમાણ, અત્યંત સુરેખ, સ્વચ્છ આરસની શ્વેત પ્રતિમા છે. રંગમંડપમાંથી આવતા પ્રકાશના વક્રીભવનને લીધે આ પ્રતિમા અંધારામાં અદ્‌ભુત સુંદરતા ધારણ કરે છે. ઉડીને આંખે વળગે એવા ચિત્રવર્ણવાળી ભીંતોમાં અને અષ્ટકોણ મહાકાય સ્તંભો પર ટકવેલા ઘુમટમાં ઉંચે, વિવિધ અંગભંગીમાં જડી દીધેલી પાષાણની પુતળીઓમાં દેવમૂર્તિની સ્વચ્છતા અને વિશાળતા સુંદર રીતે ભળી જાય છે. નથી અહીં ઝીણું અને ગુંચવણભર્યું કોતરકામ કે નથી અહીં કોઈ કળાકારની ભવ્ય સૌંદર્યકલ્પના. બધું ય સાદું અને સરળ હોવા છતાં આસપાસની વનશ્રીમાં તે એવું તો ઓતપ્રોત થઇ ગયું છે કે 'આ પ્રાકૃતિક' અને 'આ માનવીકૃત' એવો ભેદ પાડવાનું ક્ષણભર સુઝતું નથી. બધું ય જાણે એકસામટું, એક જ ઘડીએ અને એક જ અર્થવાળું એકીસાથે ઉગી નીકળ્યું ન હોય, એમ ભ્રાંતિ થાય છે. ચંદન અને વડની વનરાઇમાંથી ડોકિયાં કરતું આ સ્થાન રજ પણ નિસર્ગભિન્ન નથી દેખાતું. આબુ કે આરાસુરની સુંદર ઝીણવટ અહીં નથી. છતાં નરી સુંદરતા તરવરે છે. ઇંટ ચુના ને પત્થરથી બાંધેલું છતાં, કાળના ઘસારાથી એને ઉની



મંદિરની સામેના ચોકમાંની સુંદર મંડપિકા



પહાડની કેડ પર તારણ માતાનું મંદિર

આંચ પણ આવી નથી.*

મંદિરની સામે ચોકમાં જમણે હાથ સ્વચ્છ વર્ણ-વાળી સુંદર નાની મંડપિકા છે. જેની સરળતા જોનારના હૃદયમાં ચિરંજીવ છાપ પાડે છે. ચોકના દક્ષિણ દરવાજેથી બહાર નીકળીએ તો પગ આગળ જ સ્વચ્છ મીઠા જળથી ઉભરાતી નાની પુષ્કરિણી છે અને તેને પડખે પૂર્વ દરવાજાની સામે દેવપૂજાનાં ફૂલથી ભરેલી આંબા ને ચંદનનાં ઝાડવાળી વાડી છે. મંદિરની પાછળ દિગંબર સંપ્રદાયનાં આધુનિક મંદિરો છે.

મુખ્ય મંદિરની ત્રણ દિશાએ ત્રણ નાની ટેકરીઓ છે. તેનું ચઢાણ કઠણ અને થકવનારૂં છે. દક્ષિણ ટેકરી પરનું સ્થાન કોટિશિલા—ક્રોડશિલા—નામથી ઓળખાય છે. ત્યાંથી આઘે પૂર્વમાં મોક્ષશિલા અને ઉત્તરમાં સિદ્ધશિલા આવેલી છે. દરેક ટેકરી પર વિશિષ્ટ સંજ્ઞાવાળી નાની દહેરી છે. આ દહેરી પરથી જો ઇં. નીચે ઉંડાણમાં રમકડા જેવું લાગતું જિનમંદિર, પણે પૂર્વમાં નાના લીસોટા જેવી ચારપાંચ પહાડોની આડે ડોકિયાં કરતી સાબરમતી, બીજી બાજુ ધાન્યથી લચી પડેલી ગુજરાતની નવપલ્લવ વાડી, ઉત્તરમાં આછાં ઝાડપાનથી ખરડાએલો ધાંધારનો પહાડી પ્રદેશ,—આ બધું આંખને કંઇક કર્કશ છતાં મોહક લાગે છે. અહીં નથી ગીચ જંગલો કે નથી ઉંચા પહાડ. ઉંડી ઉંડી ખીણો પણ જોવામાં નથી આવતી. છતા, કાળમીંઢ પત્થર અને ઝાંખરાંથી ભરપુર આ સ્થાન જડને પણ ભાન ભુલાવે એવી સુંદરતા ધારણ કરે છે.

તારંગાથી પાછા ફરતાં અધવચ જમણે હાથ મારગ ફંટાય છે. ત્યાથી વળીએ તો થોડેક સુધી ઉંચે આકાશ પણ ન દેખાય એવી ગીચ ઝાડીમાંથી કેડીએ કેડીએ ચાલતાં, અરધાક ગાઉ ઉપર, બે ઉંચા પહાડની વચ્ચે ખીણમાં આંબા ને જાંબુની સુંદર વનરાઇ આવે છે. તેની વચ્ચે થઇને મીઠું ઝરણ બારે માસ વહ્યાં કરે છે. સામે ચિત્તા અને દીપડાની બોડો છે. પાસે પહાડની કેડ પર બે શ્વેત દહેરીઓ છે. જુના જમાનાની આ દહેરીઓમાં બૌદ્ધ અલંકાર વાળી મુકુટ-ધારિણી સ્ત્રીઓની મૂર્તિઓ અને અંદરના ઉંડાણમાં ઉતરી જતી અંધારી ગુફાઓ છે. એ એની પ્રાચીનતાની શાખ પુરે છે. દંતકથા એવી છે કે તારણ અને ધારણ નામની બે બહેનો હતી. એમાં ધારણ માતા સાત દીકરીની મા હતી. સંતતિહીન તારણે બહેનની કાણી દીકરી માગી. પણ કાણી પુત્રી પર એટલું જ વહાલ છે, એમ જણાવી ધારણ માતાએ એને માથે ચડાવી, જે હજુ પણ એમની એમ દેખાય

* અસલ સળંગ પત્થરથી બાંધેલા રુદ્રમહાલયના હાલના અવશેષો જોનારથી ત્યાંની એક વિચિત્રતા ભુલાતી નથી. પશ્ચિમે આવેલા અવશિષ્ટ માળમાં ઉંચે વિશાળ શિલા નીચે એક લાકડાનો પાટડો નજરે પડે છે. રુદ્રમાળ ભાંગનાર મુસલમાનોએ કદાચ એને નાપાક બનાવવા આ લાકડું ઘાલ્યું હશે, એવું માનનારા પણ છે. પરંતુ, આ લાકડાની અર્થવત્તા તો તારંગાનું જિનમંદિર જોયા પછી જ ધ્યાનમાં આવે છે. તારંગાના મંદિરનો ઉપલો ભાગ ઇંટ રેતી અને ચુનાનો બનાવેલો હોવાથી તેને અંદરથી આધાર આપવા સારૂ લાકડાનાં બારે ચોકઠાં ગોઠવી કૌશલ્યપૂર્વક માંચડો બાંધ્યો છે. મંદિર પુરૂં થયા પછી આ માંચડો એમ ને એમ રાખવામાં આવેલો છે. એમાં વપરાએલું 'કેગર' નામનું લાકડું ખુબ મજબુત અને ચીકણું છે. સળગાવતાં એ લાગતું નથી;—ઉલટું ગરમી લાગતાં એમાંથી પાણી ઝરવા માંડે છે એવું પણ કહેવાય છે. સિદ્ધપુરમાં રુદ્રમાળના અવશેષમાં દેખાતું લાકડું પણ આવા જ કારણથી હશે, એમ સહેજે કલ્પી શકાય છે.

છે. આસો સુદિ ૧૪ના દિવસે શ્રદ્ધાળુઓ બેત્રણ હજારની સંખ્યામાં ભેગા થઈ માતાની જાતર કરે છે. અહીંથી થોડેક દૂર જોગીડાની અને બીજી જૂની ગુફાઓ જોવાલાયક છે.

તારંગાજીની યાત્રા પૂર્ણ કરી, તારણ માતાને નમસ્કાર કરી, ભાવિક યાત્રાળુ દુઃખિત અંતઃકરણે કચવાતો કચવાતો પર્વત ઉતરે છે, અને થોડાક પરિચયથી પણ આ પુરાણતીર્થ એની નૈસર્ગિક સુંદરતાથી અને આસ્થાળુને એની પાવકતાથી કેટલો આનંદ આપે છે એનો વિચાર કરતો પોતાને પંથે વળે છે.

જૈનોમાં જાણીતું, જૈનેતરથી અજાણ્યું તારંગા ગુજરાતનાં સુંદર સ્થળોમાં ઉમેરી શકાય. એની લૂખા પ્રાકૃતિક મનોહરતા યાત્રાને નામે ભડકનાર છતાં સુંદરતાના સાચા ઉપાસકની યે નજર ઠારે છે.



નિત્યયુવાન નરસિંહભાઈ: અનુસંધાન પૃ. ૯૦થી ચાલુ

૧૯૦૫માં તેઓ કડી પ્રાંતમાં લોકલબોર્ડ વિલેજ સ્કુલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે નીમાયા. ત્યાં એમણે પેલું બત્રીસીએ ચડેલું ગુજરાતી સાહિત્યનું પહેલું (?) જપ્ત પુસ્તક 'ગૅરિબાલ્ડી' લખ્યું. તે ૧૯૦૭માં છપાયું, અને જ્યારે ૧૯૧૨ માં તેની બીજી આવૃત્તિ બહાર પડી ત્યારે સરકારની ખફા મરજીથી જપ્ત કરવામાં આવ્યું. 'ગારફીલ્ડ' પણ તે જ વખતે જપ્ત થયું. એ વખતે તેઓ ક્રાંતિવાદી તરીકે પ્રખ્યાત હતા અને એવા વિચારો ધરાવતા પણ ખરા. અત્યારે તો એમાં ઘણો પલટો થઇ ગયો છે અને ગાંધીજીના વિચારો તરફ વધારે ઝોક છે.

૧૯૦૭માં સુરત કૉંગ્રેસમાં ભાગલા પડ્યા અને ખુરશીઓ તથા પગરખાં ઉછળ્યાં. આ વખતે એમને એક સંતોષ લાગેલો કે જૂના કાર્યકર્તાઓની જગ્યાએ નવા કાર્યકર્તાઓને સ્થાન મળશે. ત્યાં સુરેન્દ્રનાથ બૅનરજી ઉપર જે ચંપલ ફેંકાએલું તે હજુ તેમના ઘરમાં સંઘરેલું છે. તે વખતે સુરેન્દ્રનાથ બોલેલા કે 'આટલા વર્ષોની અમારી સેવાનું આ ફળ અમને મળ્યું.' આ ઉપર નરસિંહભાઇ કહે છે કે 'એ ફળ સિવાય બીજા શાના અધિકારી તેઓ હતા ? જે કોઇ દેશસેવક સ્વદેશસેવામાં ફળની આશા રાખે છે તેને એના (ચંપલ) કરતાં બીજું કયું ફળ મળે ?'

હવે એમના ક્રાંતિના વિચારો પરિપક્વ થવા આવ્યા હતા. ૧૯૨૦માં કુ. ફતેહસિંહરાવના લગ્ન પ્રસંગે સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) વડોદરે આવેલા ત્યારે કરુણાશંકરભાઇએ તેમનું ઓળખાણ નરસિંહભાઇને કરાવ્યું. એ વખતે સ્વ. કાન્તે કરેલી પ્રેરણાથી તેમણે ટૉલ્સ્ટૉય વાંચેલો. એક વખતે સ્વ. કાન્ત તેમને ત્યાં મહેમાન તરીકે આવેલા. નહાવાનો વખત થયો એટલે તેઓ કહે 'તમે ચરોતરના લોક ઘી વધારે ખાઓ; પણ મને બે ચમચા ઘી ઓછું આપજો, પરંતુ નહાવાને સારૂં બે ડોલ પાણી તો અવશ્ય જોઇશે.' ઘણી વખત તેઓ અમદાવાદમાં નદી ઉપર 'સાગર' કવિને ત્યાં મળતા. જ્યારે તેમણે ૧૯૧૧માં 'મૅઝિની' લખ્યું ત્યારે સ્વ. કાન્ત તે બધું વાંચી ગએલા અને છપાવા યોગ્ય થયું છે એમ પોતાનો વિચાર પણ દર્શાવેલો; પણ તે વખતની ધમાલમાં કમનસીબે તેની હસ્તલિખિત પ્રતને જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

અત્યાર સુધીના જીવનમાં, નાનીસુની બાબતમાં મતભેદ, આછીપાતળી તડકીછાંયડી, મિત્રોમાં કોઇ વખત કડવાશ કે નોકરીના કડવામીઠા પ્રસંગો, એ સિવાય ખાસ બીજા કશાની સાથે તેમને બાથ ભીડવાનું ન હતું. પણ હવે તેમના પર ગુજરેલા કટોકટીના મામલાનો સમય આવી પહોંચ્યો. સરકારનો પુરો પ્રકોપ તેમના ઉપર ઉતરી પડ્યો અને બળવાનું સાહિત્ય ફેલાવવાના ગુનાહ માટે ૧૯૧૧-૧૨માં તેમના ઉપર અદાલતમાં કામ ચાલ્યું. તે વખતની તેમના મનની સ્થિતિ, મિત્રોની મદદ અને ભીરુતા, વહાલાંના વિયોગ, સ્વદેશને થોડાં વર્ષોની સલામ, માંદગીની સામે ભયંકર યુદ્ધ, અજાણ્યા પ્રદેશમાં મુસાફરી વગેરે હવે પછીના જીવનમાં આપણે જોઈશું.

[આવતા અંકમાં ચાલુ] **નટવરલાલ દવે**

રસાયણી પૂતળાં

ચિત્રવિચિત્ર સ્વભાવનાં માણસોના ગુણસ્વભાવ તેમનામાં રહેલા વિવિધ રસાયનિક તત્ત્વોને લીધે હોય છે એમ બતાવનારો વિનોદમય રસભર્યો લેખ



ગંધક

જૂના વખતમાં એવી માન્યતા હતી કે માણસ પંચમહાભૂતનો બનેલો છે. એ માન્યતા ઘડાયા પછી તો આજે દુનિયા ક્યાંય આગળ વધી છે. એટલે માણસ પાંચ જ બાબતનો બનેલો હોય એ વિચારથી આપણને ઘણી નિરાશા થાય. ખરૂં જોતાં તો આજના રસાયનશાસ્ત્રે માણસના શરીરમાં સોળ તત્ત્વો તો શોધી પણ કાઢ્યાં છે ! (સોળસો બને તોપણ નવાઇ નહિ.)

આપણે જાણીએ છીએ કે પદાર્થમાંનાં અનેક તત્ત્વો પૈકી તેમાં જે તત્ત્વ સૌથી વધારે પ્રમાણમાં હોય તેના ગુણદોષ ઉપર તે પદાર્થના ગુણદોષો નક્કી થાય છે. આ સત્ય માણસોને લાગુ પાડતાં દેખાશે કે માણસ જન્મથી સારો કે નઠારો નક્કી ન થઇ શકે તોપણ તેના શરીરમાં, તેના ઘડતરમાં, જે તત્ત્વ સૌથી વધારે જણાય તેના ગુણદોષ પરથી તે માણસના ગુણસ્વભાવ જાણી શકાય. કોઇ પણ માણસના વ્યક્તિત્વનું, તેનાં વલણોનું, તેની શક્તિ અને અશક્તિઓનું પૃથક્કરણ કરવું હોય તો તેના શરીરના રસાયનિક તત્ત્વોનો અભ્યાસ કરવાથી ગણિતના દાખલા જેટલો સાચો જવાબ આપણને મળી શકે.

એક દાખલો લઇએ. ધારો કે કોઇ માણસમાં ચૂનાનું તત્ત્વ (એટલે કે કૅલ્શ્યમ) વધારે પ્રમાણમાં છે. તો આપણે તેને કૅલ્શ્યમ માણસ કહીને ઓળખીએ. એવામાં મનની નિશ્ચયાત્મકતા વધારે હોય છે કારણકે કૅલ્શ્યમ વધારે પૉઝિટિવ છે. તેથી ઊલટું જેનામાં કાર્બન વધારે પ્રમાણમાં હોય તેનામાં સંકલ્પશક્તિ ઓછી અને સ્વભાવ અડુકદડુકિયો દેખાય છે કેમકે કાર્બન એ નેગેટિવ તત્ત્વ છે. આ નિયમ તો એટલો બધો સ્થાપિત થઇ ચુકેલો છે કે એવા માણસની કાર્યશક્તિ વધારવા માટે તેના ખોરાકમાં કૅલ્શ્યમનું તત્ત્વ વધારવાથી ધાર્યો ફેરફાર થઈ શકે,

જે બાળકને પુષ્કળ કાર્બન વાળા ખોરાકો ઉપર જ ઉછેરવામાં આવતું હોય—એટલે કે મીઠાઇ વધારે ખવડાવવામાં આવતી હોય—તે બાળકની ઇચ્છાશક્તિ જરા પણ વિકાસ પામતી નથી અને તેની જિંદગી દરિયામાં તણાતા લાકડા જેવી ઉદ્દેશ વિનાની બને છે. ફૉસ્ફરસનું તત્ત્વ માણસમાં કાર્યશક્તિ અને બુદ્ધિપ્રભાવ ઘડે છે, અને ગંધકનું તત્ત્વ આધ્યાત્મિકતા તથા કલાની સમજણ આપે છે. જે સ્ત્રીમાં ગંધકનું તત્ત્વ મુખ્ય હોય તેની ચામડી સુંવાળી ને નવનીતશી સુકુમાર હોય, તેનું શરીર મરોડદાર અને ઘાટીલું હોય, તેમજ ગંધકમાં વાળ વધારવાનો ગુણ હોવાથી તેને વાળ પણ પુષ્કળ હોય, એટલે સ્વભાવે એ સ્ત્રી કલાપ્રેમી હોય. પણ ગંધક એ શીઘ્રજ્વાળાગ્રાહી પદાર્થ છે, એટલે એની સ્ત્રીની ખુબસુરતીથી લોભાઇ તેને ઉતાવળે પરણવાની ઇચ્છા કરવામાં લાભ નથી, કેમકે એ સ્ત્રીની રીસ પણ ગંધકની જેમ જલદી સળગી ઉઠે તેવી હોય !



કોઇ વ્યક્તિમાં જેમ 'સિલિકન' વધારે તેમ તેનું આશાવાદીપણું પણ વધારે. સિલિકન જાતની વ્યક્તિઓ ઘેરઘેર માટીના ચુલા જોતી નથી, પણ સોનાના જુએ છે ! એ માણસ એટલો આશાવાદી હોય છે કે તેના બોલવામાં આપણને અતિશયોક્તિ જ લાગે. કૌતકમાળામાં એક મિયાં-

ભાઇની વાત છે કે તેણે એક નાળું જોયું. તેમાં પાણી તો હતું નહિ; છતાં તેણે માની લીધું કે તેમાં વાંસ બે વાંસ પાણી હશે જ, અને એ પ્રમાણે તેણે બધે ખબર આપી. એ માણસ જુઠ્ઠો ન હતો, પણ નિર્દોષ આશાવાદી હતો; એટલે કે તેનામાં સિલિકન તત્ત્વ વધારે હતું.

જ્યારે માણસના શરીરમાં પોટૅસ્યમનો સારો જથ્થો હોય છે ત્યારે તેનું શરીર માંસલ અને કસાએલું હોય છે. તેના તંતુઓ એવા સ્થિતિસ્થાપક હોય છે કે ઘા વાગ્યો હોય તોપણ બીજાઓ કરતાં તેને રૂઝ વહેલી આવે છે. કોઇ પણ માણસનું સ્થિતિસ્થાપક શરીરબંધારણ જુઓ, તેજસ્વી મગજ જુઓ, સુવિકસિત શરીર જુઓ અને માંસલ સ્નાયુઓ જુઓ તો તેને પોટૅશ્યમ માણસ તરીકે તમારે ઓળખી લેવો. તેને બધી બહિર્દ્વાર રમતો ને કસરતોનો શોખ હોય છે, તેનું મોં હમેશાં સ્મિતભર્યું હોય છે અને તે ઘણો મળતાવડો હોય છે. તેને મિત્રો પણ જલદી થાય છે ને લોકોના સમાગમમાં તે જલદી લડી પડતો નથી.

વળી એ જાતનો માણસ સહનશીલ અને વિશાળ મનનો હોય છે. તે બીજા માણસનું દૃષ્ટિબિંદુ સમજી શકે છે. સામાન્યરીતે તે સ્વભાવે સરળ, સર્વદેશીય જ્ઞાનવાળો ને મિલનસાર હોય છે. તે ધંધામાં, વેપારમાં, હુન્નરમાં બહુ ફતેહ પામે છે, કારણકે તે સહેલાઇથી બીજાને અનુકૂળ થઇ શકે છે. ફક્ત એક ને એક સ્થાને લાંબો વખત રહી જ ન શકાય એટલો ચંચળ તેનો સ્વભાવ હોવાને લીધે તે સારો વૈજ્ઞાનિક બની શકે નહિ. જ્યારે તમે તેની સાથે હાથ મિલાવો ત્યારે તે એવા ઉત્સાહથી સામો હાથ દબાવે કે તમને જોઇને એ ખુશી છે એમ લાગ્યા વગર રહે નહિ. સ્મિત તો તેને સહજ આવે છે અને તમારે જે કહેવાનું હોય તે એ શાંતિથી સાંભળે છે. પોટૅસ્યમ જાતના માણસમાં સ્નાયુબદ્ધ શરીર એ બહાર પડી આવતું લક્ષણ ગણાય છે.

કૅલ્શ્યમ જાતના માણસો કદમાં ઉંચા હોય છે તેમજ તેમના હાથ, પગ, બાવડાં વગેરે સર્વ લાંબાં હોય છે. તે સ્થિર, ધીમી, છતાં દૃઢ ગતિથી ચાલે છે. આરંભથી અંત સુધી એ ધીમા રહે છે. તેમને ઉત્તેજિત થતાં વાર લાગે છે, પણ એકવાર ઉત્તેજિત થયા પછી તે અટકતા નથી. વૈજ્ઞાનિક લોકોની માફક એ એકદમ નિર્ણય બાંધતા નથી, પણ નિર્ણય બાંધ્યા પછી તે

તમને મીઠાઇ બહુ ભાવે છે?

•

તમારો સ્વભાવ રીસાળ છે?

•

તમારા કોઇ મિત્રને 'બડીબડી બાતાં' હાંકવાની ટેવ છે?

•

સ્થિતિસ્થાપક માંસલ સ્નાયુઓવાળા કોઇ તેજસ્વી મીઠા માણસથી તમે આકર્ષાયા છો?

•

કે ચપળ, પોલાદની કમાન જેવા નાનકડા છતાં નક્કર ને ચીકણા ઉત્સાહી અને ચટપટિયા માણસો તમને ગમે?

•

કે તમારો આદર્શ કોઇ નિશ્ચલ ને દૃઢ પ્રભાવશાળી સત્તાધીશ પુરુષવરનો છે?

તો

એવાએવા ગુણસ્વભાવવાળી વ્યક્તિઓમાં ક્યાંક્યાં રસાયણી તત્ત્વો રહેલાં હોય છે તેની રસમય ચર્ચા કરતો આ લેખ તમને જરૂરગમશે.


કૅલ્સ્યમ


પોટાસીયમ

છોડતા પણ નથી. તે નજરે દેખાય તેટલું જ માને છે અને કલ્પના કે વિચારો કરીને સત્ય હકીકતનું સ્વરૂપ ફેરવતા નથી. તેમના બંધારણમાં પ્રધાનપણે દેખાતાં હાડકાં જ ઉપર તરી આવે છે. કાનની ઉપરથી તે તાળવા સુધી તેમનું માથું મોટું હોય છે, તે અતિ પ્રબળ ઇચ્છાશક્તિ સૂચવે છે. તેમની આંખો ઊંડી હોય છે ને પોતાના વિચારોને ભાષામાં મૂકતાં તેમને વાર લાગે છે. તે મજબૂત, ખંતીલા ને નિશ્ચયબળવાળા હોય છે.

શ્રીયુત અમૃતલાલ ઠક્કર---આપણા ઠક્કરબાપા--'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયેટી'માં જોડાયા ત્યાર પહેલાં જાહેર બાંધકામ ખાતામાં હતા. તેઓ કૅલ્શ્યમ વર્ગના નમૂના છે. કૅલ્શ્યમ વર્ગનો માણસ સખત કામ તો કરે છે, એટલું જ નહિ પણ બીજાઓ સખત કામ કરે એવી ઇચ્છા રાખે છે. દુનિયામાં જેટલાં જેટલાં ખૂબ મહેનતનાં કામો છે તે સર્વ કૅલ્શ્યમ પ્રકૃતિનાં માણસોને હાથે જ પાર પડ્યાં છે. આવા માણસો મોટા વૈજ્ઞાનિક અને શોધક હોય છે. તમે ઠક્કરબાપા જેવા કોઇ માણસ સાથે હાથ મિલાવો તો તેમના હાથનાં હાડકાંની અને ચામડીની કઠોરતા તરત જણાઇ આવશે અને કોઇ ખડકની સાથે તમે હાથ મેળવતા હો એમ તમને જણાશે. તે પ્રભાવશાળી, સત્તાદર્શક અને દૃઢ મનના હોય છે. એકવાર તે નિશ્ચય કરે પછી કોઇની મગદૂર તેને ફેરવી શકવાની નથી. જો તમે વેપારી હો અને કૅલ્શ્યમ જાતનો કોઇ માણસ તમારી દુકાને આવી ચડે તો ચેતીને ચાલજો, કેમકે તમે તેને ગમે તે વસ્તુ ચોંટાડી દઈ શકશો નહિ. વિગતોની ઝીણવટ માટે અને વિજ્ઞાનના અખતરા માટે તે ઘણો યોગ્ય માણસ છે. જોકે તેની ભાષા કડવી હોય છે અને જે મનમાં હોય એ જ પાધરું બોલી દે છે. એ કાણાને કાણો કહી દે તેથી જ સમાજમાં બહુ પ્રિય થતો નથી. સત્યં વદમાં તે માને છે પણ પ્રિયં વદમાં માનવું અથવા તે પ્રમાણે આચરણ કરવું એ તેને માટે અશક્ય છે. આમ તેનાં વચનો ખુશ કરે તેવાં હોતાં નથી એટલે ચતુર પુરુષમાં તેની ગણના ન થઈ શકે. એક ઘાએ બે કટકા કરી નાખતાં એ અચકાતો નથી. તેના ચહેરામાં એક પણ મૃદુ રેખા હોતી નથી તેમજ તેની ભાષામાં એક પણ મૃદુ શબ્દ હોતો નથી. તેના અક્ષર ખુણાવાળા હોય છે તેમજ તેની હાલચાલ કઢંગી હોય છે. જો કોઇ પણ ફળની સાથે કૅલ્શ્યમ માણસને સરખાવવો હોય તો તેને 'કોઠા'ની ઉપમા સૌથી વધારે અનુરૂપ છે.



કૅલ્શ્યમ જાતથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનાં માણસોને સોડિયમ વર્ગમાં મૂકી શકાય. તે તેજ અને ચપળ હોય છે અને શાંત રહેવું તેમને ગમતું નથી, એટલે તે કાંઇ ને કાંઇ કર્યા જ કરે છે. 'ગૂજરાતના નાથ'માં 'કાક'નું જે વર્ણન છે તે સોડિયમ વર્ગના પુરુષને ખૂબ મળતું આવે છે. એ કેટલીક વાર શાંત તથા તબિયત વાળીને સ્વસ્થ પડેલો દેખાય, પણ કામને પ્રસંગે તો એ તરત જ હોશિયાર થઇ જવાનો. હિલચાલમાં તે મક્કમ શોભીતો અને ચપળ હોય છે. તેને જાણે કે ચાર આંખો હોય છે, એટલે કે તે ભયની આગાહી પ્રથમથી કરી શકે છે અને તે માટે સાવધ રહે છે. તેના સ્નાયુબંધ પોલાદની કમાન જેવાં હોય છે. બીજા કોઈ વર્ગના સ્નાયુબંધ કે હાથ સોડિયમ વર્ગ જેટલા મજબૂત હોતા નથી. તે બંધારણમાં ભલે નાનો હોય તોપણ તે નક્કર હોય છે. તેની દાઢી નીચે કદી વાળ વળેલા હોતા નથી, તેનો ચહેરો ચપટો અને બે કાન વચ્ચેનો ભાગ ખૂબ વિસ્તારવાળો હોય છે. તે ગુસ્સે થાય છે ત્યારે લાલ થતો નથી પણ ફિક્કો પડી જાય છે. સારું છે કે અત્યારની યૂરોપની મુક્કાબાજીની રમતોના જુગારમાં રા'ખેંગાર હાજર નથી. જો એ હોત તો તેણે કાકના જેવા જ માણસો એટલે કે સૉડિયમ વર્ગના માણસો ઉપર જ શરત મારીને પૈસા મુક્યા હોત અને તે જીત્યો પણ હોત! કેમકે કાક અને બર્બરક (બાબરા ભુત) વચ્ચેના યુદ્ધમાં બાબરો એવડો રાક્ષસ જેવો હતો છતાં જીત કાકની જ થઇ હતી. બીજી જાતનાં માણસો થાકે ત્યારે પણ સોડિયમ જાતના માણસો થાકતા નથી. જો તમે નબળા બાંધાના હો અને કોઇ કદે નાના છતાં સોડિયમ જાતના માણસ સાથે હાથ મેળવવાનો તમને

પ્રસંગ આવે તો અમારી સલાહ છે કે તમારે અખાડા કરી જવા, કેમકે તમારા હાથને એ છૂંદી નાખશે ! અને આટલા નાના હાથમાં આટલું બધું બળ કેમ હશે તેનું તમને આશ્ચર્ય થશે. જો તમારે ઑપરેશન કરાવવું હોય અને સોડિયમ જાતનો ડાક્ટર મળે તો બીજે પૂછવા ના જતા. કેમકે એવા ડાક્ટરોના હાથના તેમજ બીજાં તંતુઓના અસાધારણ વિકાસને લીધે તેઓ મોટે ભાગે સફળ થાય છે ! પોટૅશ્યમ જાતના કરતાં સોડિયમ જાતના પુરુષોના તંતુનું બંધારણ વધારે ઘટ્ટ હોય છે; જોકે કૅલ્શ્યમ જાતના માણસો જેટલું કઠણ તે હોતું નથી. જ્યારે સોડિયમ જાતનો માણસ માંદો પડે ત્યારે એમ સમજવું કે તેના શરીરમાંથી સોડિયમ ઓછું થઇ ગયું છે તેમજ તેના ખાવામાં ખારાશવાળા પદાર્થો પૂરતા પ્રમાણમાં આવ્યા નથી.



ઑક્સીજન

સોડિયમ વર્ગની સાથે મૈત્રી માટે ઑક્સિજન વર્ગના માણસો સૌથી વધારે લાયક ગણાય. ધંધામાં ભાગીદારી કરવી હોય કે લગ્ન કરવાં હોય તેમાં આ બેનો યોગ જેટલો શુભ ફળદાયક હોય છે તેટલો બીજો હોતો નથી. બીજો લાભ એ છે કે સોડિયમ વર્ગને પૂરતા પ્રમાણમા ઑક્સિજન મળતો હોતો નથી; જ્યારે ઑક્સિજન વર્ગમાં તેનું પ્રમાણ બીજા માટે ફાજલ પડી શકે એટલું મોટું હોય છે અને તેને લીધે તેનો વિનિમય થઇ શકે છે. ઘણા ઑક્સિજનને લીધે તેવા માણસોની છાતી ભરેલી હોય છે અને ફેફસાં જોરદાર હોય છે. છાતીથી તે કરોડરજ્જુ સુધી તેવા માણસો જાડા હોય છે. તેમના શરીરનો ઉપલો ભાગ ઘણો મોટો અને વજનદાર હોય છે; પણ પગ પાતળા.

વળી આટલો બધો ઑક્સિજન લેવાને લીધે તેમનાં નસ્કોરાં ફુલેલાં હોય છે અને તેમની ચામડી કોઇ બાળકના જેવી કોમળ, સુંવાળી અને ગુલાબી હોય છે. જોકે તેમના મુખ ઉપર નિર્દોષતા દેખાય છે, છતાં ઑક્સિજન પ્રકારના માણસને કોઈ રીતે નિર્દોષ કહેવાય નહિ.

તેને વાતોનો ખૂબ શોખ હોય છે અને બધો વખત તે વાતો કર્યા જ કરે છે. વિજ્ઞાનની સૃષ્ટિમાં ઑક્સિજન જલદી મળી જાય એવું તત્ત્વ ગણાય છે. તેમ જ સમાજના જુદાજુદા વિરોધી વર્ગો સાથે ઑક્સિજન માણસ એકસરખો જ મિલનસાર હોય છે, અને તે મૈત્રી બહુ જલદીથી બાંધી શકે છે. તે ખૂબ હસતો હોય છે. તેનો અવાજ મોટો, આનંદી ને રણકારવાળો હોય છે. તેની મુદ્રા હસમુખી હોય છે. સહચાર માટે તે ઉત્તમ છે. તેને ખાવાપીવાનો બહુ જ શોખ હોય છે અને તેની પાચનશક્તિ એટલી બધી સારી હોય છે કે તે ખાધેલું બધું પચાવી દે છે અને એ રીતે પોતાનું લોહી વધારે છે. આ જ કારણને લીધે તેના શરીરમાં રક્તકણો પણ વધારે હોય છે; તે એટલે સુધી કે ઘણી વાર તેને બ્લડ-પ્રેશરનો રોગ લાગુ પડે છે. શેઠ અંબાલાલ સારાભાઇને આપણે ઑક્સિજન વર્ગમાં મુકી શકીએ. તેવા માણસો યોજનાશક્તિમાં બહુ સારા હોય છે. તે હમેશાં નવીનવી યોજનાઓ કર્યા જ કરે છે. કંઇક જુનું તોડવુંફોડવું અને કંઇક નવું બાંધવું એ તેમના સ્વભાવમાં હોય છે. અને તેમનાં બધાં કામો મોટા પાયા ઉપર જ હોય છે. તે માણસોને અને શક્તિઓને પોતાના લાભ માટે ઉપયોગી બનાવી શકે છે. ઑક્સિજન માણસ તરફ લોકો આકર્ષાય છે અને તેને સાંભળે છે. તે બીજામાં ઉત્સાહ જાગૃત કરી શકે છે અને તેથી જ મોટાં સાટાં કરવામાં તે ફાવે છે. તે સ્પષ્ટવક્તા, આશાવાદી અને આનંદી હોય છે; માત્ર કેટલીક વાર ગુસ્સાથી ધૂંધવાઇ ઉઠે છે.

ઑક્સિજન જાતના લોકોનો ચહેરો ગોળ હોય છે. તે એકદમ લાલચોળ થઇ જાય છે. હાથ મિલાવતી વખતે તે આપણને દિલસોજ અને સહૃદય લાગે છે. તે ખૂબ ખાધેલપાધેલ દેખાય છે. પોતાના આશાભર્યા, આનંદી પ્રવૃત્તિમય સ્વભાવમાં તે વધારેપડતા નિખાલસ અને કોઇવાર અતિશયતા તરફ વળે છે. ક્વચિત સારી તર્કોને તેઓ ઘણી સારી માની લે છે. ઑક્સિજન માણસ આગના ગોળા જેવો હોય છે અને જીવન, બુદ્ધિ, સંપત્તિ કે પ્રવૃત્તિમાં તે નિયામક બની શકે છે.

હાઇસ્કૂલમાં ભણતા ત્યારે ત્યાંના એક કલાર્કને અમે હાથીનું બચ્ચું એવું સાર્થક ઉપનામ આપ્યું હતું.



હાઈડ્રોજન

એ હાઇડ્રોજન વર્ગના સદ્‌ગૃહસ્થ હતા; અને ખરેખર આખી દુનિયામાં જ્યાં શરીરના વજનનો જ સવાલ હોય ત્યાં હાઇડ્રોજન જાતના માણસો મોખરે દેખાય છે. સીનેમાની અંદર હૅરૉલ્ડ લૉઇડની સાથે કે ચાર્લી ચેપ્લિનની સાથે જે જાડા અને બહુ જ મુશ્કેલીથી હરફર કરી શકે એવા તથા પોતાના વજનથી જ બીજી વસ્તુને ભાંગી નાખી શકે એવા નરો આપણે જોઇએ છીએ તે સર્વ હાઇડ્રોજન વર્ગમાં આવે. અહીં મૅકફૅડનના અનુયાયીઓને એક સૂચના કરવા જેવી છે કે દરેક જાડા માણસને તેઓ વધારે પાણી પીવાની સલાહ આપે છે તે યોગ્ય નથી; કારણકે હાઇડ્રોજનને લીધે તેમનું શરીર ફૂલેલું હોય છે તે પાણી પીવાથી કમતી થતું નથી. ઉલટું, હાઇડ્રોજનના માણસો પોતે જ પાણીથી ભરેલી કોથળી જેવા હોય છે.

હાઇડ્રોજન જાતના લોકો ધીમા અને કઢંગા હોય છે. ખાસ કરીને તેમના મધ્ય ભાગો આગળથી ફૂલેલા હોય છે. તેમના હાથપગ અને શરીર બહુ જ પહોળાં હોય છે. કેટલીકવાર તેમની મુદ્રા શાંત અને દિલગીરીભરેલી દેખાય છે અને ચહેરો નરમ તથા ધોળો હોય છે. તેમનામાં સહનશક્તિ ઓછી હોય છે, કેમકે પાણીમાં કાંઈ જોર નથી. કેટલીકવાર તેમનાં શરીર એટલાં બધાં વધે છે કે હાલવુંચાલવું તેમને માટે મુશ્કેલ બને છે. તેમના સ્નાયુઓ ખૂબ નબળાં પડીને ઢીલાં થઈ જાય છે એટલે તેમનું પેટ ગણપતિની ઉપમાને યોગ્ય બને છે.

હીરો એ ઘણી મૂલ્યવાન વસ્તુ છે; પરંતુ જે માણસને આપણે હીરાના ઉપનામથી વધાવીએ છીએ અથવા કશી પણ પ્રવૃત્તિ કે હેતુ વગર જે નામધારી ધોધે જઇને પાછા આવે છે તે સર્વ એમ બતાવે છે કે હીરાના જેવા કાર્બનપ્રધાન ગુણો માણસમાં આપણે જોવા ઇચ્છતા નથી. કાર્બન ગુણવાળા માણસોની ઇચ્છાશક્તિ બહુ નબળી હોય છે અને ઘણી વૃત્તિઓનો અભાવ એ જ તેઓનો સ્વભાવ છે. એ લોકોને મીઠાઇ અને ઘઉંબાજરી જેવા સ્ટાર્ચ વાળા ખોરાકો બહુ ભાવે છે. જુવાનીમાં એવા માણસોની ચામડી સુંદર હોય છે, પણ તેઓ જેમ ઘરડા થાય તેમ તે પોપડા જેવી બની જાય છે. તેમનો ચહેરો પૂનમના ચંદ્ર જેવો; માત્ર તેમાં માધુર્ય હોતું નથી. તેમનાં હાડકાં નાનાં હોય છે. સ્વભાવે તેઓ બીકણ ને ગભરૂ હોય છે; ચિત્તે અસ્થિર અને વ્યગ્ર હોય છે. તેમની ખાવાની રીતને લીધે તેઓના પેટમાં વાયુ ખૂબ થાય છે. તેમનો ચહેરો નાનો હોય છે અને તેમની મુદ્રા ખોપરીના જેવી ભાવરહિત હોય છે. પહેલી નજરે તેમના દેખાવમાં સ્વાસ્થ્ય લાગે છે; જોકે કાર્બનમાં સંયમ કે કાબુના ગુણો હોતા નથી. તેઓનું મગજ ભૂસું ભરેલું હોય છે એટલે કોઇ પણ અસર તેમના ઉપર સ્થાયી રહેતી નથી. તેઓ વાંચી કે અભ્યાસ કરી શકતા નથી. તેઓને ફક્ત બેસી રહેવું અને ખાવું જ ગમે છે. તેઓ હમેશાં કોઇકના ઉપર આધાર રાખવાની ટેવવાળા હોય છે અને જેમ જેમ ઘરડા થાય છે તેમતેમ ખૂબ જાડા, ઉંઘણશી અને સુસ્ત બને છે. નવા યુગનો જુવાળ આવ્યા પહેલાંના ઘણા ગ્રૅજ્યુએટોને તેમનાં આ લક્ષણો વડે કાર્બન વર્ગમાં મુકી શકાય; પણ અત્યારે તેવા વર્ગનું લાક્ષણિક દૃષ્ટાંત આપવા જતાં અપમાન લાગી જવાનો સંભવ છે. જોકે ગુજરાતમાં એ વર્ગના માણસોની ખોટ નથી એટલે સહેલાઇથી ઠેકાણે ઠેકાણે તેને શોધી શકાશે.

બધાં તત્ત્વોમાં નાઇટ્રોજન એ ધીમું, નિશ્ચેષ્ટ અને બદલાય નહિ તેવું તથા બીજાં તત્ત્વો સાથે ન ભળે એવું હોય છે નાઇટ્રોજન જાતનો માણસ પણ તેવો જ હોય છે. તેનો વાન ભીનો, વાળ ખૂબ કાળા અને આંખો ઘેરી હોય છે. તે ટટ્ટાર ને અમીરની અદાથી ચાલે છે, કેમકે તેને પોતાને વિષે સૌથી ઉત્તમ મત હોય છે. તે બહુ વાતો કરતો નથી એટલું જ નહિ, પણ વાતચીતનાં પ્રસંગો આવતાં તેની મુદ્રા નિષેધક બની જાય છે. તે પ્રગતિમાં માનતો નથી, પણ પ્રણાલિમાં માને છે. નાઇટ્રોજન જાતનો માણસ હમેશાં એક જ પાડોશમાં અને એક જ ઘરમાં રહેવા ઇચ્છે છે. તેને ફેરફારો ગમતા નથી. તે મિત્રો કરવામાં મંદ હોય છે, છતાં મિત્ર થયા પછી તેમને ઘણો

વફાદાર રહે છે. તે પદવી, કુળ, અધિકાર અને રાજ-સત્તાને વિષે અત્યંત દરકારવાળો હોય છે. કેટલેક અંશે તે શૌર્યપૂજક હોય છે. પણ તેને બીજા બધા લોકો માટે ઘણો હલકો મત હોય છે ને વખત આવે તે તેમને હુકમ કરવા પણ મંડી જાય છે. પોતાના સ્વભાવ ઉપર તેનો ઘણો કાબુ હોય છે અને ગુસ્સે હોય તોપણ તે શાંત અને તબિયતવાળો રહી શકે છે. સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથને 'નાઇટ્રોજન' વર્ગમાં મૂકી શકાય. ચાલુ જમાનામાં તો સ્ત્રીઓનાં હરણ થતાં નથી; પણ જૂના જમાનામાં પણ જે સ્ત્રીઓનાં હરણો થયાં તે કોઈજ 'નાઇટ્રોજન' વર્ગની નહોતી એમ આપણે કહી શકીએ; કારણકે એ વર્ગની સ્ત્રી નાસી જવાનું કોઇ દિવસ કબૂલ કરે જ નહિ. નાઇટ્રોજન જાતની વ્યક્તિઓ રૂઆબદાર અને દબદબાભરેલી હોય છે. તેમની આંખો મુત્સદ્દી જેવી હોય છે; અને ખરેખર નાઇટ્રોજન વર્ગના કદાવર અમીરી દેખાવના પુરુષો સુંદર મુત્સદ્દીઓ થઈ શકે તે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા નથી તેમજ પોતાની લાગણીઓના ફેરફારોની જાણ બીજાને થવા દેતા નથી.

નાઇટ્રોજન વર્ગનો પુરુષ શરીરે માંસલ અને મજબૂત બાંધાનો હોય છે. તે કદમાં સપ્રમાણ હોય છે. તેના પગો સુંદર હોય છે અને હાથ ટૂંકા તથા રાજાની અદાથી રાખેલા હોય છે. તેનું માથું મોટું હોય છે અને પોતે સ્વસ્થ દેખાય છે. તેને જે વસ્તુ અપ્રિય હોય તેનો એ તિરસ્કાર કરે છે અથવા તેને દૂર રાખે છે, જોકે તે પણ કોઈ મુત્સદ્દાની રીતે જ.

ફૉસ્ફરસ વર્ગના લોકો કેવળ બુદ્ધિપ્રધાન હોય છે. એક વાર એક અતિશય વિદ્વાન અને પ્રખ્યાત પ્રોફેસર (જે શરીરમાં બહુ જ નાના હતા) એક જગ્યાએ ઉભા હતા. ત્યાં તેની પછવાડેથી એક ઉંચા અને કદાવર પુરુષે આવી તેને કહ્યું કે 'એ રાક્ષસ, મને જવાની જગ્યા આપ.' પ્રોફેસરે એ બોલનાર માણસના કદ સામે જોયું અને જવાબ આપ્યો કે 'લે વેંતિયા! આ ખસ્યો.' આથી કદાવર માણસ ગુસ્સે થયો અને પ્રોફેસરને કહેવા લાગ્યો કે 'સાહેબ, મેં આ રાક્ષસ વિશેષણ કાંઇ આપના શરીરને જોઇને નહિ પણ આપની બુદ્ધિને માટે વાપર્યું હતું.' પ્રોફેસરે હાવકાઇથી ઉત્તર આપ્યો કે 'કાંઈ ફિકર નહિ; મેં પણ મારૂં વિશેષણ આપની બુદ્ધિને જ ધ્યાનમાં લઇને વાપરેલું છે.' એ પ્રોફેસરને આપણે ફૉસ્ફરસ વર્ગમાં મુકી શકીએ. તેના બંધારણમાં મગજનો ભાગ મોટો અને શરીરનો ભાગ જરા જેટલો જ હોય છે. તેનું માથું એટલું બધું મોટું હોય છે કે તેનું પાતળું દુર્બળ શરીર આટલા મોટા માથાનું વજન શી રીતે ઉપાડી શકતું હશે તેની જ આપણને નવાઇ લાગે. તેનાં હાડકાં નાનાં અને નાજુક હોય છે. ચામડીનો રંગ સહેજ શ્યામ હોય છે અને કપાળ ઉન્નત વિસ્તારવાળું તથા ફૉસ્ફરસ તત્ત્વના ગુણને લીધે ચળકતું હોય છે. તેના હાથ બીનાશવાળા અને નાજુક હોય છે, એટલે તેની સાથે હાથ મિલાવતાં માછલી હાથમાં લીધી હોય તેવો આભાસ થાય છે! તેના હસ્તધૂનનમાં સંજીવન નથી, માત્ર શરીરની નિર્બળતા પ્રકટ થાય છે. ચહેરાની મુદ્રા બુદ્ધિમાન અને સંસ્કારી દેખાય છે અને માથું લમણાની પછવાડેથી તથા ઉપરથી બહુ મોટું હોય છે. તેની મુખાકૃતિ ઉંધા શંકુ જેવી હોય છે. દાઢી નાની ને અણીદાર અને ડોક લાંબી તથા કોમળ હોય છે.



कारबन

એવા માણસોના વ્યક્તિત્વ ઉપર તેમના મગજનો અને મજ્જાતંતુઓનો કાબુ હોય છે. ઑક્સિજન વર્ગનો પુરુષ દુનિયાદારીના ભાનવાળો હોય છે અને કુદરતને છે તેવી જુએ છે; જ્યારે ફૉસ્ફરસ વર્ગનો માણસ ભાવનાવાદી હોય છે. તે પોતાની કલ્પનાની દુનિયામાં જ જીવે છે. તેવા માણસો કોઈ પરાક્રમી વીરની વાત વાંચીને પોતાની જાતને તેવા વીર પુરુષ કલ્પી લે છે અને તેમને મન નવલકથાના પાત્રો જીવતી વ્યક્તિઓ જેવાં બની જાય છે. આવા માણસો અદ્ભુત વિચારો કરી શકે છે, જોકે તે અમલમાં મૂકવાનું શરીરબળ તેમનામાં હોતું નથી. તેઓ આપણને કહેશે કે વિચારો એ જ ખરેખરી મહત્ત્વની વસ્તુ છે. તેમનામાં કાર્ય-શક્તિ કે વીર્ય હોતાં નથી. તેમને નવીન, ઉત્તેજક, કલ્પનાપ્રધાન અને ભાવનાશીલ બધી બાબતોમાં ખૂબ રસ આવે છે. શ્રી વિજયરાયનું આ વર્ગ સાથેનું



સામ્ય દેખાતું છે.

પણ ફૉસ્ફરસ જાતના લોકો દેખાવમાં સ્વચ્છ અને સુઘડ હોય છે અને પહેરવેશમાં કલા પ્રત્યે તેઓ વધારે ધ્યાન આપે છે, એટલું જ નહિ પરંતુ બીજાઓ કરતાં દેખાવમાં સરસાઇ ભોગવવા તેઓ ઇચ્છે છે. તેઓની ઇચ્છા કાંઇક સ્વપરાક્રમથી વિખ્યાત થવાની હોય છે. તેઓ પોતાની કલ્પનામાં રાચે છે. પોતે સ્વપ્નાં જુએ છે પણ તે કદિ જ ફલિભૂત થતાં નથી. તેઓ શરીરની વાસનાઓની સામે થઇ શકે છે અને ખોરાકમાં મૃદુતા તરફ પસંદગી ધરાવે છે. તેઓ ફળો અને સુકા મેવાને પસંદ કરે છે તેમજ બધાને મોઢે તેની હિમાયત કરે છે, અને જગતભરના બધા માણસોનો એવો જ ખોરાક હોવો જોઇએ એવો ઉપદેશ આપતા ફરે છે. તેઓ પૈસા પેદા કરી શકતા નથી, પણ તેમને કાયમ તેની તંગી રહે જ છે અને પૈસા કમાયા પહેલાં તો તેઓ ખરચી નાખે છે. તેમની ચામડી કોમળ અને સુંદર હોય છે અને ગાલમાં મોટે ભાગે ખાડા પડેલા હોય છે. તે ઓછું પોષણ અને ઓછું પાચન બતાવે છે. ચાલ એમની ત્વરિત હોય છે પણ તેમાં તાકાત હોતી નથી. કાનનો ઉપલો ભાગ મોટો અને બુટ નાની હોય છે. વાળ પાતળા, સુંવાળા, સુંદર હોય છે, પણ ઘણા વહેલા ધોળા થઇ જાય છે. આવા માણસો માંદા પડે પછી સાજા થતાં વખત લે છે. જો આ જાતનો કોઇ દરદી આવે તો ડાકટરોએ ઘણી સાવધાની રાખવી જોઇએ, કેમકે છરીનો આઘાતમાત્ર તેમનો પ્રાણ લેવાને પૂરતો છે. એવા લોકો પોતાના મંદ જ્ઞાનતંતુઓને સતેજ રાખવા માટે માદક પદાર્થોનું સેવન કરે છે, જ્યારે ખરી જરૂર તો તેમણે કસરત કરીને શારીરિક બળ મેળવવાની હોય છે.*

સુનિકુમાર સ. ભટ્ટ

*'વેલ્ફેર મૅગેઝીન' નામે અમેરિકન માસિકમાંના 'કૅમિકલ પર્સનાલિટીઝ' નામના લેખ પરથી સૂચિત.

મારા ગોઠિયા

બાળપણના કેટલાક નફિકરા અને નફ્ફટ તોફાની ગોઠિયાઓનાં વિનોદી રેખાચિત્રો ને પરાક્રમવર્ણનો



આદિતરામ પોતાની બહેનને ત્યાં ઉછરી મોટો થયો હતો. નાનપણથી જ એનાં માબાપ મરી ગએલાં. એનો ભાણેજ લગભગ એની જ ઉમરનો હતો. પણ એ ભાણેજને અડાવી ઘરમાંથી જે કંઇ સારૂં ખાવાનું હોય તેના બે ભાગ તો સામટા જ ખાઇ જતો. બનેવી વઢતા આવે ત્યારે સામો થતો. બનેવી કહે કે, 'આદિતા! એને તું આમ મારે છે શું? એ બીચારો તારો ભાણેજ છે. તું મામો થઇને એને મારે છે! એ સમજે શું?' આદિતો કહે, 'હું ને એ બે ય સરખા છીએ. એ સમજે નહિ ત્યારે હું યે શું સમજું?' પણ આમ બહુ દહાડા ન ચાલ્યું. આદિતો અમારી સાથેના ઘરમાં ભાડે રહેવા આવ્યો.

એ પહેલો અમદાવાદ આવ્યો ત્યારે ઠાકોરજીની મૂર્તિ જોડે લઇને આવેલો. એની એ રોજ પૂજા કરે અને નૈવેદ્ય ધરાવે. પૂજા કરવાનો ઉદ્દેશ જ નૈવેદ્ય ખાવા મળે એ હતો! નૈવેદ્યમાં રોજ દળની લાડુડી ધરે ને એ એકલો જ આરોગી જાય. અમને કોઇને ભાગ્યે જ ચખાડી હશે.

દર રવિવારે એ ઠાકોરજીને દળની લાડુડીને બદલે બે ચમચી દીવેલ ધરાવતો, અને બહાર કહેતો કે મારા લાલજી નાના છે અને સાત દહાડા લાગલાગટ દળ ખાધું છે તેથી એમના પેટમાં ભાર ન થાય એટલે હું એમને નિયમિત જુલાબ આપું જ છું. પણ એ દીવેલના નૈવેદ્યનો મહાપ્રસાદ પોતે આરોગતો નહિ; એ તો બારોબાર દીવાના કોડિયામાં જ પધરાવતો!

અમારી નિશાળમાં એ દાખલ તો થયો, પણ ગેરહાજર બહુ રહેતો. આખો દહાડો ભાઇશંકર લાયબ્રેરીમાં બેસી રહેતો; ને કઇ નાટક કંપની ક્યાં છે એટલી ખબર છાપાંમાંથી રાખતો. (એ સિવાય

બીજું કંઈ જ વાંચવામાં એને રસ પડતો નહિ) અને અમને મળે ત્યારે 'વાંકાનેર કંપની વડોદરે છે, ને મોરબી કંપની મુંબાઇ છે; ડાહ્યાભાઇ ધોળશાના નવા ખેલ પવિત્ર લીલાવતીમાં 'આ શું આંસુ કે ચોમાસું આવ્યું આંખમાં' એ ગાયન મુંબાઇમાં દસ વાર વન્સમોર થયું એવીએવી તાજી ખબરો અમને આપતો; પરંતુ ક્લાસમાં શું લેસન ચાલે છે એ જાણવાની પણ એને દરકાર નહોતી!

ભાડાનાં ઘર બદલવામાં આદિતરામ જેવો કોઇ હોશિયાર નહિ. અઠવાડિયું થાય ન થાય ને ઘર બદલે! એની જોડે રહેનારા અમારા સહાધ્યાયીઓને ગરીબાઇના દુઃખમાં ટકાવી રાખનાર એકમાત્ર આધાર હોય તો એ બધાનો રમુજી સ્વભાવ હતો. મહીને ફક્ત ૩ રૂપિયામાં એ લોક પૂરું કરતા એ વાત આજકાલના જુવાનો જેઓ મહિને ત્રીસ-ચાળીસના ખર્ચથી પણ ધરાતા નથી એમના માન્યામાં યે નહિ આવે.

આદિતરામ ને એમની સાથે રહેનારા અમારા સમકાલીનો જમના માશીની મેડીએ ભાડે રહેતા. જમના માશીનું છાપરૂં ભાંગેલું; તેમાં વળીઓ તો છાપરામાંથી વાંકી વળી મેડી તરફ દોડતી હોય એમ લાગે. વળી ભાડું પણ છ જણની વચ્ચે મહિને ફક્ત ૧૨ આના! એટલે માથા દીઠ બબ્બે આના આવતા. જમના માશીને આવાં ભાડુતો ન મળે ને આદિતરામની ટોળીને જમના માશી જેવાં માશી ન મળે. આ ઘર અમારી મિત્રમંડળીને ખૂબ ફાવ્યું. અઠવાડિયે અઠવાડિયે ઘર બદલનારી એ ટોળીને અહીં રહ્યે એક મહિનો થઈ ગયો પણ બદલવાનો તો વિચાર સરખો પણ આવ્યો નહિ.

એવામાં એક બનાવ બન્યો. આદિતરામની મંડળી દરરોજ જમના માશીના છાપરામાંથી વળીઓના બેત્રણ દંડા કાઢે ને લાકડાંને ઠેકાણે બાળે. એક દિવસ સામા ઘરનાં મંછા માશી એ દેખી ગયાં ને એણે જમના માશીને ચાડી ખાધી. જમના માશી તો વિફર્યાં. નીચેથી છોકરાઓને નોટીસ આપી દીધી કે, 'રોયાઓ! મારૂં ઘર ખાલી કરો. મારી વળીઓ બાળવા મેં મારૂં ઘર નથી આપ્યું.'

આદિતરામે પણ માથું ફેરવી કહ્યું, 'લે આ હીંડ્યા; તારા ઘરમાં પૂળો મેલીને પોક મૂકય.' અને તરત આખી મંડળી પેટીઓ અને શેતરંજી માથે લઇને ચાલી નીકળી.

આ જોઇ જમના માશી નરમ પડ્યા. ગમે તેવાં તો યે માશી! 'મા મરજો પણ માશી ન મરશો.' તેને લાગ્યું હશે કે આવા ઘરમાં કોઈ કાગડો યે આવનાર નથી અને આટલું યે ભાડું હું ખોઇ બેસીશ. એટલે એમણે ગુલાંટ મારી: 'પાછા વળો ભાઈ, જાવ પાછા રહો. તમારાં ઘર ને તમારાં બાર.' છોકરા રોકાઇ ગયા. પાછા વધારે ખાતરી કરવા જમના માશી ઉપર ગયાં. તે વખતે ચૂલામાં હોલવાઇ ગએલી વળીઓના છેડા તો પડેલા જ હતા. જમનામાશીએ એ જોયા પણ ખરા; તો ય જોયા ન જોયા કર્યા અને કહે, 'ભાઈ આદિતા! આમ આવ્ય, બેટા! જો મને તો પેલી મંછાએ ચડાવી. મોઇ એ રાંડ. તમે તો સારા છો. કંઇ વળીઓ બાળો એવા નથી. નિરાંતે રહો.'

પણ હવે તો આદિનાનું ચક્કર ફર્યું! એ કહે, 'જા માશી, તું તો જુઠ્ઠી છે. અમે તો તારી વળીઓ બાળી છે. જો આ રહી. હવે અમે તારા જુઠ્ઠીના ઘરમાં રહેવા માગતા નથી. આજ તો તું વળીઓની બાબતમાં ફરી ગઈ ને કાલ તો બીજી કોઇ વાતમાં જુઠ્ઠું બોલે. અમે તો આ ચાલ્યા.'

બસ! ફરી તરત બધી મંડળી નીકળી ચાલી. ટૂંકો માથે ને બિસ્તરા બરડે. મંડળી પોળેપોળે ફરે ને બૂમો પાડે, 'આ પોળમાં કોઇને ઘર ભાડે આપવાનું છે કે?'

ઘણી પોળો ફર્યા પછી જેઠાભાઇની પોળમાં એક ખડકીનું ઘર મળ્યું. એ ઘરનાં માલિક પણ એક ડોશીમા જ હતાં. માનો, ન માનો પણ અમારી એ ટોળીને ડોશીઓ સાથે લેણાદેણી તો ઘણી જ.

એકબે દહાડા થયા, પણ નવાં કાશી માશીને ભાડું મળ્યું નહિ ને આદિતરામના વાયદા પર રાહ જોઇ. પણ પછી ચોથે દહાડે કાશી ડોશી વિફર્યાં: 'કાલે ભાડું મહિનાનું આપી દો; નહિ તો આ ચાર દહાડાનું ચુકતે કરીને સિધાવો. માયો નવરી હશે તે ધોડાઓને મારે ત્યાં છોડી મૂક્યા.'

આદિતાનો મિજાજ ગયો ને આ કાશી ડોશીને પણ સીધી કરવાનો સંકલ્પ કરી એણે 'કાલે તમારૂં ભાડું લેતાં પરવારજો' એમ કહીને તે વખતે તો ડોશીને વિદાય કર્યાં.

અગિયારશ હતી. અજવાળી રાત હતી. ડોશીસમજી

કે અગિયારશનાં જાગરણ થશે ને છોકરાઓ પર ચોકી રહેશે. ચાર દહાડાનું ભાડું આપ્યા વગર રાતોરાત જતા ન રહે તે માટે એ બીજી પાડોશણોને બોલાવી લાવી ને ખડકીએ તાળું મારી બધાં ભજનો ગાવા મંડયાં:

'કોણ કહે છે ગાય નો'તી મારા વ્હાલા
હું કહું છું ગાય હતી રે.'

. . .

શાજી સ્વામી શામળિયા કેમ બોલતા છો નહિ?
બોલતા છો નહિ તો ચાલ્યું
પણ આ તો સામું જોતા છો નહિ
શાજી સ્વામી૦

. . .

'આખા લીંમડામાં એક ડાળ મીઠી રે રણછોડ રંગીલા'

ઇત્યાદિ ઘણાં ભજનો ગાયાં. આદિતરામની ટોળીએ સામો નાટકોનાં ગાયનોની ચોપડીઓનો ગુટકો કાઢ્યો અને ડોશીઓની સ્પર્ધામાં એમણે પણ ગીતો લલકાર્યાં:

'ભેખ રે ઉતારો રાજા ભરથરી.'

આમ ડોશીઓ ગાતી થાકી નહિ તેમ આ ટોળી પણ નવાંનવાં ગાયનોની ઝૂક બોલાવતી રહી. 'ઇંદર સભા'થી માંડી 'વીણાવેલી' સુધીનાં બધાં ગાયનોની ચોપડીઓ એમની પાસે હતી, ને તે ઉપરાંત કેટલાં યે ગાયનો મોઢે હતાં તે તો જુદાં! રાગ ડોશીઓના ભેંસાસુર જેવા હતા તો અમારી ટોળીના સામા ગર્ધવસેન જેવા હતા. પાડોશીઓની ઊંઘનું શું થયું હશે તે તો ખબર નથી, પણ ડોશીઓ તો આખરે થાકીને સૂઇ ગઇ.

સૂવાનું બીજું કારણ પણ હતું. વારંવાર અમારામાંનો એકાદો ઊઠે ને ડોશીમાએ ખડકીએ તાળું મારેલું તે ઉઘડાવે: 'મારે જરા દૂધ લેવા જવું છે;' 'મારે જરા તેલ લેવા જવું છે;' 'શાક રહી ગયું;' 'લોટ લઇ આવું.' એમ કહીકહીને કેટલી યે વાર ગયા ને જતાં આવતાં તાળાં ઉઘડાવ્યાં. એથી એ ડોશીઓનાં ટાંટિયા રહી ગયા હતા.

આખરે સાડા અગિયાર થયા. અમે જીત્યા. ડોશીઓ થાકીને સૂઇ ગઇ. આદિતરામની અક્કલ હવે ખીલી. અજ્ઞાનીઓની રાત તે જ જ્ઞાનીઓનો દિવસ છે. બધાને ભૂખ કકડીને લાગી હતી. પણ વળીઓ બાળીને રસોઇ પકાવનારી ટોળાને લાકડાં લાવવાની તો આદત જ નહોતી. અને લાકડાં વગર રસોઈ થાય પણ કેમ? ને રાત્રે સાડા અગિયારે લાકડાં લેવા પણ ક્યાં જવું?

અમારી ટોળીમાં બીજો નંબર મોહન રાજાનો હતો. એણે હાટિયાંનાં બારણાં; કઠેરાના દંડા, એમ બીજો એકઠી કરી ને બાકીના બીજા લોટની બાટીઓ કરવા બેઠા. બાટીઓના ગોળા વાળીને પેલાં ભડભડ બળતાં બારણાં વગેરેમાં નાખે. થોડો ગોળ, થોડું ઘી, વગેરે કાઢ્યું. બાટીઓ ભાંગીને અંદર ગોળ, ઘી નાખ્યાં ને બધા ખાવા બેઠા. અહીં પણ ઇશ્વરકૃપાએ લાકડાં તો મફત જ મળી ગયાં. હરિ સરખો દાતાર છે! પણ કાલે ડોશી ઘર જુએ ત્યારે શી વલે? 'ઉઠો અલ્યા હમણાં જ ઉઠો, અત્યારે જ ઘર બદલી નાખીએ!' રાજા કહેવા લાગ્યો. બધાને પેલાં જમના માશીનો વિયોગ સાલતો હતો. પણ આ કાશી માશી કેમ જાણે કે 'ઘોડા' કેવા હતા?

આદિતો કહે, "બારણાં બંધ કરો ને સાંકળો મારો.' ઘરમાં જૂની ગોદડીઓના ડૂચા માળી પર પડ્યા હતા. તે કાઢ્યા ને ખાળે ડૂચા મારી નળની ચકલીઓ છોડી મૂકી. પછી સૌ પાછલી બારીએથી એક ડહેલામાં ઉતર્યા. ડહેલું બળેલું હતું એટલે એનો એક મોભ બરાબર પાછલી બારીએથી પુલ જેવો થઇને પડ્યો હતો. એ પુલ પરથી, માથે ટ્રંકો ને ખભે બિસ્તરા લઇને બધા ચુપકીદીથી ઉતર્યા ને જમના માશીના ઘર તરફ ચાલવા મંડ્યા.

રસ્તે પોલિસોએ એકબે ઠેકાણે રોક્યા એમને સ્કૂલની ઓળખાણ આપી. રાત અજવાળી હતી. રસ્તામાં માણભટ્ટની કથાઓમાંથી લોક હમણાં જ છુટ્યાં હતાં એમાં ભળી ગયા ને જમના માશીની સાંકળ ઠોકી.

ઉડાઉ છોકરો ઘેર આવ્યાથી બાઇબલની જૂની કથામાં ડોસાને જેટલો આનંદ થયો હતો એટલો આનંદ જમના માશીને થયો; અને અમને અમારા જૂના રાજમહેલમાં રહેતાં જે સુખશાંતિ મળ્યાં તેનું વર્ણન તો અહીં થાય તેમ નથી.

પણ હવે અમને જેઠાભાઈની પોળવાળાં કાશી માશીની ખબર કાઢવાનું મન થયું. જિજ્ઞાસા થઇ કે પછી એ ઘરનું શું થયું હશે? ખાળો ઉભરાઇ ગઇ હશે? માશી જીવતાં હશે કે તણાઇ ગયાં હશે?

પાછા ટોળે વળીને એ જ ખડકીમાં પેઠા. અને 'અલ્યા ભાઇ અહીં કોઇને ઘર ભાડે આપવાનું છે?' એમ બૂમો પાડવા માંડી. ત્યાં તો કાશી ડોશી બહાર નીકળી: 'અલી અમથી, અલી ચંચળ, અલી નાથી,

આમ આવો.' પેલા રોયાઓ આવ્યા છે.'

અમારો સરદાર હવે ઓટલે ચડી ગયો. બે જમણી બાજુએ ઊભા, બે ડાબી બાજુએ. ભાઇશ્રી આદિત-રામને શારીરિક ઇજા ન થાય એમ એની શરીર રક્ષાનો પ્રબંધ કરી અમે ઊભા. મુખ્ય યુદ્ધ એ જ કરતા. પ્રહાર વાણીના હતા.

ડોશી બોલી, 'ઠીક આવ્યા છો; રણછોડરાયે જ તમને અહીં મોકલ્યા. લાવો મારું ભાડું, ને મારું ઘર પડત તેની નુકસાની લાવો. ઘરમાં વા'ણું વાતાં તો દીંચણ સમાં પાણી થઇ ગયાં. બારણાં ઊતરાવ્યાં ત્યારે ખબર પડી કે ચોરો નાઠા છે.'

કાશીડોશી ગાળો ભાંડતી જાય. બીજાં એમનો સાથ પૂરાવે. આ તરફ આદિતો એકલો બધાંને પૂરો પડે. એટલામાં અમારી ક્લાસના ત્રિકમ ટાયગરનો નોકર ડોશી તરફથી ઉપરાણું લઇને અમને ગાળો ભાંડવા લાગ્યો. આદિતાને હવે બરાબરીઓ મળ્યો લાગ્યો. અત્યાર સુધી તો ગમે તેવી તો યે સ્ત્રીઓ. એમની જોડે લડવાની મજા જ નો'તી આવતી. પેલા નોકરને છેલ્લા બોલો આદિતરામે નીચે પ્રમાણે સંભળાવ્યા: 'સાંભળ્ય અલ્યા બેવકૂફ, સાંભળ્ય. ઘરનાં અભિમાન ન રાખીએ. આ પૃથ્વી વિશાળ છે. એમાં ત્રણ ભાગનું પાણી છે ને તેમાં ય જમીન તો એક જ ભાગની છે. પણ છતાં યે આ તારી જેઠાભાઇની ખડકી કરતાં તો ઘણી મોટી છે. પૃથ્વીના એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા એવા ખંડો છે, એ ખંડોમાં એકલા એશિયાનો શો હિસાબ? વળી એ એશિયા ખંડ પણ કેવો? બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, એશિયાઇ તુર્કસ્તાન, તાર્તરી, ઇરાન, અરબસ્તાન, ચીન, જાપાન, ટિબેટ અને હિંદુસ્તાન, એ એના ભાગો છે. બોલ! એમાં હિંદુસ્તાનનો શો હિસાબ? વળી સાંભળ્ય! હિંદુસ્તાન તેમ છતાં ઘણો મોટો છે. આ તારું ઘર ને ખડકી એ તો રાઇના દાણા જેવાં. એનો કંઇ હિસાબે નહિ! સમજ્ય, અલ્યા કંઈ સમજ્ય! ચડ્યું ચડ્યું શું બોલે છે? જો હિંદુસ્તાનમાં પાછા ઇલાકા છે. મુંબાઇ ઇલાકો, મદ્રાસ ઇલાકો, મ્હૈસુર અને કુર્ગનાં સંસ્થાનો, વરાડ સહિત હૈદ્રાબાદ, પંજાબ, મધ્યહિંદ અને એજન્સી, રજપુતાના, બંગાળ, બિહાર અને ઓરીસા તથા છોટા-નાગપુર. એમાં તારા મુંબાઇ ઇલાકાનો શો હિસાબ?

અને છતાં મુંબાઇ ઇલાકો કેવો? અમદાવાદ જીલ્લો, ભરૂચ જીલ્લો, ખેડા જીલ્લો, સુરત જીલ્લો ને પંચમહાલ. એમાં વળી તાલુકા; એમાંના એક દસ્ક્રોઈ તાલુકાનું મુખ્ય શહેર એ અમદાવાદ. એમાં બે લાખની વસ્તી. શાહપુર, દરિયાપુર, જમાલપુર, કાળુપુર એ પરાં અને ખાડિયા. સાંભળ્ય, એ ખાડિયામાં અનેક પોળો ને એ પોળોમાં એક જેઠાભાઇની પોળડી અને એમાં એક આ તારી ખડકી. એમાં ય આટલાં બધાં ઘરો એમાંનું એક ઘર તે જાણ્ય તારું. છતાં શું? આવી અગાધ વિસ્તારવાળી પૃથ્વીમાં તું કોણ ને કેવડો એ તો જો! તેમાં વળી તારા આખા શરીરમાં અનેક અવયવો. તેમાં આ તારું મોં અને નાક એ રાઇના લાખમા ભાગનાં યે નથી!'

પણ નાક ને રાઇના લાખમા ભાગની વાત આવતાં તો નોકર આદિતરામ પર ધસી આવ્યો. ડોશીઓએ તો ગાળોના વરસાદ વરસાવી નાખ્યા. આખરે અમે વચમાં પડ્યા, પેલો અમારો મિત્ર ત્રિકમ ટાયગર (વાઘ) વચમાં પડ્યો, જામીન થયો અને અમે બધા છેલ્લી સલામ કરીને જેઠાભાઇની પોળની વિદાય લીધી.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

વિરાટ મશાલચી

પેલો સૂર્ય ભિક્ષુ પશ્ચિમમાં સાગરના તીર પર નહાવા માટે ઊતર્યો. જુઓ એનાં કાષાય રંગનાં કપડાં આકાશમાં ફેલાએલાં છે.

દિવસનું જ્યોતિર્ગાન શાંત થવા લાગ્યું છે અને સંધ્યાની છાયા ઘેરી થતી જાય છે. પશ્ચિમ દિશામાં વિરાટનાં દેવા-લયમાં દેવકુમારો આરતીનું ગાન ગાવા લાગ્યા છે.

ઉપર તો જુઓ. આ નાનીનાની જ્યોતિઓની માળા ક્યાંથી જગી? એક, બે, ત્રણ . . . અને હવે તો અસંખ્ય દીપિકાઓથી આકાશમંડળ વ્યાપ્ત થઇ ગયું. કોઇ મંદ, કોઇ તેજ ને કોઇ ચંચલ પ્રકાશવાળી એ દીપિકાઓ કોને માટે? ક્યાં ચાલી?

એ કોણ એવો રાગી છે, જે દરરોજ આવી રીતે જ્યો-તિનું ગાન આરંભે છે? એ એવો કોણ મશાલચી છે, જે નિત્ય આવી રીતે અસંખ્ય પ્રદીપો જાગૃત કરી જાય છે? એવો કોણ એ સ્નેહી છે જે પ્રતિદિન આ પ્રદીપોમાં સ્નેહ (તેલ)નું દાન દઇ જાય છે?

એના છતાં શું મારું આ મૃત્પાત્ર વગર પ્રકાશે અંધ-કારમાં વિલીન થઇ જશે? હે વિરાટ મશાલચી, શું મારી આ લઘુ જીવનદીપિકા પ્રકાશથી શૂન્ય રહી જશે?

શંકરદેવ વિદ્યાલંકાર



પ્રવાસની અદ્‌ભુત સાહસભરી વાર્તા

વાંચતાં પહેલાં આની આટલી ભૂમિકા સમજી લેવી જરૂરની છે. નીલ નામના એક શિક્ષકે એક અનોખી સ્વતંત્ર શાળા કાઢી છે. તેમાં પાંચ બાળકો ભણે છે: ડોનલ્ડ, ડેરિક, જેક્રે, હેલ્ગા અને ગિલ્બર્ટ. એક વાર નીલ એ વિદ્યાર્થીઓને વાર્તા કહેવા બેસે છે. તેની ગૂંથણી એવી નવતર કરે છે કે પોતાનાં એ પાંચ શિષ્યોને જ તે વાર્તાનાં પાત્રો બનાવે છે અને પોતે વાર્તાનો નાયક બને છે. તે ઉપરાંત વાર્તામાં સાતમું પાત્ર પીકફ્રટ નામનો એક અમેરિકન કરોડોપતિ વેપારી છે.

વાર્તાની હકીકત એવી છે કે નીલે પોતે, હવામાં ઊડી શકે તેમજ જમીન પર પણ ચાલે તેવી એક અદ્‌ભુત કાચની મોટર શોધી છે. વિજ્ઞાનનાં અનેક ચમત્કારોભર્યાં સાધનોથી તે સંપૂર્ણ છે. અંદર મશીનગન્સ, હવામાંથી પાણી બનાવવાનું યંત્ર, વાયરલેસ સંદેશાનું યંત્ર વગેરે વિધવિધ અને અજબ સામગ્રી ભરેલી છે આ મોટરમાં સાતે જણાં બેસીને આફ્રિકાના પ્રવાસે નીકળે છે. મુસાફરી દરમ્યાન વણઝારા, લુટારા, સિંહો, માણસખાઉ જંગલીઓ વગેરે સાથે તેઓને અનેક સાહસો ખેડવાં પડે છે. અંતે વાર્તાનાં પાત્રો સાહસ ને બહાદુરીભરી લાંબી મુસાફરી ખેડી ઘેર આવે છે. અહીં આ વાર્તાનો પહેલો ભાગ પૂરો થાય છે. દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરે તે પુસ્તકાકારે પ્રગટ કર્યો છે. તે પછીની વાર્તા આ નીચે શરૂ થાય છે.

વાર્તાનાં પાત્રોનાં અને સાંભળનાર વિદ્યાર્થીઓના નામો એક જ હોવાથી સાંભળનારા વારવાર ભૂલાવામાં પડે છે. સાંભળતાં સાંભળતાં તેમને એમ થઇ આવે છે કે 'અરે, આ તો આપણી જ વાત; આ તો હું જ બોલ્યો.' તેમની આવી તલ્લીનતા થવાથી તેઓ વાર્તાની વચ્ચે જ કંઇક બોલી ઊઠે છે ને વાર્તા સંબંધે વચ્ચે વાતોચીતો ચાલે છે. આ વાતચીત પણ વાર્તાના એક અંગ તરીકે જ 'વચ્ચે વાતચીત' એમ કરીને મૂકેલી છે. વાર્તા કહેનાર પણ નીલ અને વાર્તાનો નાયક પણ નીલ હોવાથી આ વાતચીતમાં બહુ ગમ્મત ઊડે છે. તેમાં યે નાનકડી ગિલ્બર્ટને અને નીલને તો બારમો ચંદ્રમા. એ બન્ને વચ્ચે તો બહુ રમૂજી ટપાટપી ચાલે છે. પણ તમે વાંચતી વખતે એટલું જરા ધ્યાનમાં રાખી લેજો, કે એ 'વચ્ચે વાતચીત' કરનારાંઓ અને મૂળ વાર્તાનાં પાત્રો બંને જુદાંજુદાં છે; નહિતર જરૂર ગોટાળો થશે. આટલું ધ્યાનમાં રાખીને હવે વાર્તા વાંચો. શરૂઆતના થોડા ભાગમાં જરા રસ ન લાગે તોપણ આગળ વાંચ્યે જજો પછી તો અમારી ખાતરી છે કે તમે એ આખી વાર્તા દર અંકે શોધીશોધીને રસપૂર્વક વાંચશો.

રખડુ ટોળીનાં રખડુઓ

નીલ—એક અદ્‌ભુત મોટરકારનો શોધક
પીકફ્રટ—એક અમેરિકન કરોડાધિપતિ
ડેરિક—ઉંમર વર્ષ ૯: રહીશ યૉર્કશાયરનો
ગિલ્બર્ટ—ચાર વર્ષની બૅલ્જિયમની છોકરી
ડોનલ્ડ—તેનો સાત વર્ષનો નાનકડો ભાઇ
જેક્રે—ઉંમર વર્ષ ૯: ઑક્સફર્ડશાયરનો
હેલ્ગા—આઠ વર્ષની સ્કૉટલૅંડની છોકરી

[આ રખડુ ટોળી આફ્રિકામાં રખડી આવ્યા પછી પોતપોતાને ઘેર જઈ આરામ લેતી હતી. પણ ટૂંક વખતમાં તો સૌ ઘરમાં રહીને કંટાળી જવા આવ્યું હતું.]

એક દિવસ નીલ બાગમાં બેઠોબેઠો વાંચતો હતો. એવામાં વાયરલેસની ઘંટડી વાગી.

'અહો!' તેણે કહ્યું.

ડેરિકે કહ્યું, 'નીલ, તમે છો કે? ડોનલ્ડ અને હું હવે તો કંટાળી ગયા છીએ. ફરીવાર પ્રવાસે ઊપડવું જોઇએ.'

'—પણ બીજાઓનું શું?' નીલ બોલ્યો.

ડેરિકે કહ્યું, 'આજ સવારે જેક્રેનો તાર મને મળ્યો

છે. એ કહે છે કે તેને વરુને શિકારે જવાની મરજી છે. રસ્તામાંથી તમે હેલ્ગાને લઈ લેજો અને આપણે ઑસ્ટેન્ડ ઉપર જઇને ગિલ્બર્ટને બોલાવી લઈશું.'

નીલે કહ્યું, 'ઘણું મજાનું. ચાલો હું હમણાં જ પૅટ્રિકને પૂછું છું કે તેની સાથે આવવાની મરજી છે કે નહિ.'

ત્રણ દિવસ પછી તો એ મોટર ઑસ્ટેન્ડ ઉપર ચક્કર દેતી હતી. ગિલ્બર્ટ કિનારે ઊભી હતી. મોટર જોતાંવેંત તેણે બૂમ પાડી, 'એઇ! આ તો આપણે ફરી વાર ઊપડીએ છીએ. ભારે મજા થઇ. ઑસ્ટેન્ડથી હું તો ક્યારની કંટાળી ગઈ હતી.'

[**વચ્ચે વાતચીત**
ગિલ્બર્ટે કહ્યું, 'હું એમ કદી કહું જ નહિ. ઑસ્ટેન્ડ તો સુંદર જગ્યા છે. કારમાં બેસીને જવા કરતાં તો ઘણી જ સારી. એમ ધારો છો કે હું તમારી સાથે આવી? ના...રે!'

હેલ્ગાએ અધીરાઇથી પૂછ્યું, 'આ વખતે આપણે ક્યાં ઊપડવાના છીએ?' જેક્રે ભભક્યો, 'ચાલો આપણે દક્ષિણ અમેરિકા જઇએ, કેમ ડેરિક! તારું શું ધારવું છે?'

ડેરિકે કહ્યું, 'અહો! હજી એ પૂરેપૂરો શોધાયો નથી એટલે જંગલી દશામાં હશે ને મજા આવશે.'

જેક્રે વીનવી ઊઠ્યો, 'હા હા નીલ; બસ દક્ષિણ અમેરિકા! દક્ષિણ અમેરિકા!'

મેં કહ્યું, 'પણ હું કેવી રીતે લઈ જઈ શકું? હું તો માત્ર વાતો જેમ બની છે તેમ કહેનારો છું.'

ગિલ્બર્ટે કહ્યું, 'રેઢિયાળ! તું જ ના તો કહે છે. તું એમ ધારે છે કે તું હોશિયાર છે? વાર્તાઓની ચોપડીમાં ખપે એવી વાર્તા તો આવડતી નથી. જો ડેરિક, જો તો ખરો, એ કેવીકેવી ભૂલો કરે છે તે! ગઈ વાર્તામાં પછી સૉસેજનું શું થયું એ તો એ કહેતો જ નથી! એ જ બતાવે છે કે એને વાર્તા રચતાં કે કહેતાં આવડતી જ નથી.'

ડેરિકે કહ્યું, 'એનો તો મને ખ્યાલ ન રહ્યો. આપણે પેલાં વીસ માણસો પાસેથી ઊડી છૂટ્યા પછી સૉસેજની વાત ક્યાંય આવી જ નહિ. એનું શું થયું?'

ગિલ્બર્ટે કહ્યું, 'જો-જો-જો-જો એના મોં સામે તો જો! કેવો ભોંઠો પડી ગયો! શો જવાબ આપવો એ એને સૂઝતું જ નથી. સૉસેજ વિષે કહેવાનું કાંઇ સૂઝે તો ને?'

મેં ઠંડે પેટે કહ્યું, 'અચ્છો વાર્તાકાર હરહમેશ કંઇ ને કંઇ સાંભળનારની કલ્પના ઉપર છોડી દે છે.'

ગિલ્બર્ટ હસી પડી ને કહ્યું, 'મને ખબર જ હતી. શું ગોઠવવું એની સળ સૂઝે તો કે? કેવો સપાટામાં આવ્યા નીલજી!']

વાર્તા

આખો ઉનાળો ગિલ્બર્ટે કારને જરા ય સંભાળેલી નહિ તેથી તેના સાહસિક મિત્રોને ખૂબ ખીજ ચડી. કારની સંભાળ ન લીધી એટલું જ નહિ પરંતુ ઊલટી એને બગાડી હતી. જ્યારે તેઓએ જોયું કે કારમાં તો ગિલ્બર્ટે કુકડીનું ઘર બાંધ્યું છે અને ગલુડિયાં ઉછેર્યાં છે ત્યારે તેઓને કેવું થયું હશે તેનો ખ્યાલ તમે જ કરી લ્યો. સ્વાભાવિકરીતે જ દરેક જણે ગિલ્બર્ટને કડવાં વેણ કહ્યાં અને ગિલ્બર્ટ રડી પડી. ગિલ્બર્ટે આંખો લૂછી નાખી જીભડો બહાર કાઢ્યો અને આખરે કહ્યું, 'આ તો સ્વતંત્ર શાળા છે, મને ગોઠે તેમ કરું!' આમ કહીને તે છણકાથી ઘરમાં ચાલી ગઈ. પછી બીજાઓ કારને દરિયે લઇ ગયા ને ઘસીઘસીને સાફ કરી. સૌ કામ કરી રહ્યા એટલે ગિલ્બર્ટ મોં બનાવવા હસતીહસતી ઘરમાંથી બહાર આવી.

ખૂબ હસીને ગિલ્બર્ટે કહ્યું, 'હું તમને સૌને માફ કરું છું.' સૌ આ સાંભળીને સકડદમ જ થઇ ગયા!

'જાઓ, હવેથી એવું કરતા નહિ.' ગિલ્બર્ટે કહ્યું. 'હું જ્યારે રાણી હતી ત્યારે તમે એવું કહ્યું હોત તો તો . . .' આટલું કહી તેણે બોલવું બંધ કર્યું. પણ કહેવાની મતલબ મૌન ધારણ કરી જાહેર કરી.

[**વચ્ચે વાતચીત**
ગિલ્બર્ટ બોલી ઊઠી: 'મેં ન કહ્યું કે તને વાર્તા કહેતાં આવડતી નથી એટલે જ તું મારે વિષે આવુંઆવું કહે છે. સૉસેજની બાબતમાં તું ભોંઠો પડ્યો, એટલે હવે તું મારી પાછળ પડ્યો છે, ખરું ને?']

વાર્તા

થોડી ક્ષણમાં બધાં એકબીજાનાં દોસ્તો થઇ ગયાં. બધાં એકાદ કાફીખાનામાં બેઠાંબેઠાં જૂની વાતો સંભારવા લાગ્યાં.

ડોનલ્ડે કહ્યું, 'સિંહનો શિકાર સાંભરે છે કે?'

હેલ્ગાએ કહ્યું, 'અને ટૅરેગ્સ?'

ત્યાં ગિલ્બર્ટે કહ્યું, 'અને સૉસેજ? જ્યારે પેલા ઘરડા નોકરે કહ્યું કે સૉસેજ તો તેનો દીકરો છે અને તે ખોવાઇ ગયો છે ત્યારે કેવી ગમ્મત આવી હતી! ગજબની વાત હતી, નહિ ને?'

[**વચ્ચે વાતચીત**
ગિલ્બર્ટ બૂમ પાડી ઊઠી, 'અરે જુઓ તો કેવું કહે છે? જોને, સૉસેજ બુઢ્ઢાનો દીકરો થતો હતો! મને

ખબર જ છે તો, કે ગોપટીગા આને એવી વાર્તા તને કહેતાં આવડતી જ નથી. એ એનો દીકરો હતો જ નહિ. જેફ્રે તું ધારે એ કે સૉસેજ બુઢ્ઢાનો દીકરો હતો? ચલાવ નીલ, તું તારે માર બેચાર વધારે ગપ્પાં. કહે જોઈએ ત્યારે, એ કેવી રીતે ખોવાયો એ તો કહે.'

મેં કહ્યું, 'ભેજામાં એક જરાક અક્કલ હોય તો તો કહી શકે કે જ્યારે ખાતુંબ પડ્યું ત્યારે સૉસેજ બાળક હતો. એના બાપે એને તરાપા સાથે બાંધીને નીલ નદીમાં વહેતો મૂકી દીધેલો.'

ગિલ્બર્ટે પૂછ્યું, 'એના બાપનું નામ શું?'

મેં કહ્યું, 'હમીદ આફ્રિદી. પણ એના મિત્રો ટૂંકમાં બોલવા માટે એને 'આસાબુલીમીનોફારીનીડે' એવું કહેતા.'

ખીજવાઇને હેલ્ગાએ કહ્યું, 'ચલ જા, અમને વચ્ચે આવી મૂર્ખાઈભરેલી વાતો નથી જોઇતી.'

જેફ્રેએ કહ્યું, 'અમારે પણ નથી જોઇતી.'

'ગિલ્બર્ટ તું હવે મૂંગી મરીશ? હવે જો વધારે બોલી છે તો કારમાંથી ધક્કેલી જ દઇશું'

ગિલ્બર્ટે એની સામે તકિયો ફેંક્યો ને મેં મારી વાર્તા આગળ ચલાવી.]

વાર્તા

બીજી સવારે તેઓ બ્રાઝિલ જવા ઊપડ્યાં. પૉર્કફ્રટે તેમને કહેલું કે બ્રાઝિલના વચલા ભાગમાં હજારો માઈલ જમીનનો પ્રદેશ હજી સુધી નહિ શોધાએલો પડેલો છે. હજુ ત્યાં કોઇ ગયું જ નથી.

પૉર્કફ્રટ, નીલ, ડોનાલ્ડ અને હેલ્ગા હોમરમાં ઊપડ્યાં અને બીજાઓ સ્નીકરમાં બેઠાં. ભૂગોળનો ખાં જેફ્રે ભોમિયો બન્યો હતો. તેણે લિસ્બાં, મડિરા, કૅનેરી ટાપુઓ, ભૂશિર વર્દ અને પરનામ્બુકોના માર્ગે સૌને ઊપાડ્યાં. ઑસ્ટેન્ડથી પરનામ્બુકો આવતાં બરાબર પચ્ચીસ કલાક લાગ્યા.

પરનામ્બુકો પહોંચી તેઓ બ્રિટિશ કૉન્સલને મળ્યા અને અંદરના ભાગ વિષેની માહિતી માગી એટલે સલાહ મળી કે તેમણે આમાઝોન નદીના મુખ પાસેથી આમાઝોનને કાંઠેકાંઠે અંદર જવું.

તેણે ચેતવ્યા કે 'જંગલ એવું આવશે કે એમાં જવું જ અશક્ય જણાશે. ત્યાંના ઝાડો એટલી ઝડપે ઊગે છે કે તમે એને ઊગતાં નજરોનજર જોઇ શકો! લોકોએ ત્યાં રસ્તા કરવાના બહુ પ્રયત્ન કર્યા છે, પણ ત્યાં વનસ્પતિ એટલી ઝપાટે ઊગે છે કે સાંજે સુંદર રસ્તા બનાવી મજૂરો જાય. ને બીજી સવારે આવીને જુએ તો રસ્તા ઉપર મોટીમોટી લતાઓ ઊગી નીકળી હોય!'

આ ટોળીએ બીજાં માણસોને પૂછપરછ કરી. તેઓએ જણાવ્યું કે બ્રાઝિલમાં મોટો ભય નાનાં દાતરડીવાળાં કુક્કરોનો છે. એકલું હોય છે ત્યારે એ કુક્કર કોઇને ઇજા કરતું નથી, પણ જ્યારે ટોળાંમાં હોય છે ત્યારે તો તોબા પોકરાવે છે. વશ કરવાં ભારે મુશ્કેલ છે.

એક માણસે તો કહ્યું, 'એ કુક્કરનાં ટોળાં સામે તમારી મશિનગન કાર કરશે એમ રખે માનતા!'

ડેરિકે કહ્યું, 'આ વખતની મુસાફરી તો ભારે મજેદાર થવાની લાગે છે. જામશે બાપુ. . . .'

પૉર્કફ્રટે સૂચના કરી કે તેઓએ બ્રાઝિલનો એક સારો એવો નકશો તો સાથે લઈ લેવો. પરનામ્બુકોમાં સારો નકશો મળ્યો નહિ. નકશા માટે તેઓને કારમાં ઊડીને રાયો જવું પડ્યું.

રાયોમાં પહોંચ્યાં ત્યારે ડોનાલ્ડે સૂચના કરી કે થોડાંક સુતારી હથિયારો સાથે લઇ લઇએ તો ઠીક; ઝાડ કાપવામાં કામ આવે. પૉર્કફ્રટે બે કરવતીઓ, થોડીએક છરીઓ અને કુહાડીઓ તથા થોડા મોટા ખીલા ખરીદી લીધા. હેલ્ગાએ દોરડાનું ગૂંચળું અને ડોનાલ્ડે સાકરલાકડીનું ગૂંચળું ખરીદું.

થોડા દહાડા તેઓ રાયોમાં રહ્યાં; પછી પ્રવાસે ઊપડ્યાં. આમાઝોન નદીનું પહોળું મુખ આવ્યું ત્યાં સુધી તો તેઓ કિનારેકિનારે ગયાં. પછી તેઓ નદીના મૂળ તરફ નદી ઉપર ઊડ્યાં. નદીના પાણીની નજીક જ જરા ઊંચે મોટર ઊડાડ્યે જતાં હતાં. નીચે નદીમાં મોટીમોટી મગરો વારંવાર દેખાતી હતી. હેલ્ગાને શિકાર કરવાનું મન થયું; પણ બીજાઓએ રોકાવાની નામરજી બતાવી.

કેટલાં યે રબ્બરોના ખેતરો તેમણે પસાર કર્યાં. જંગલમાં ક્યાંક દૂર અને ક્યાંક નજીક કેટલાં યે નાનાં ગામો અને ગામડાંઓ જોયાં. પણ પછી ધીમેધીમે ગામડાં ઓછાં ને ઓછાં થવા લાગ્યાં અને દૂરદૂર પાછળ રહી જવા લાગ્યાં.

નીલે કહ્યું, 'હું ધારું છું કે ઉપરવાસ નદીને કાંઠે કાંઠે કેઠ સુધી આપણને લોકો તો મળ્યા કરશે. આપણે હવે સેન્ટેરમ પસાર કરી ગયાં છીએ. મેનોઝ પહોંચ્યા પછી, આપણા નકશા પર જે ભાગ ઉપર 'હજી લગી નહિ શોધાએલો' એવું નિશાન કર્યું છે તે તરફ જવા

માટે નૈઋત્ય ખૂણા તરફ ઊપડીશું.'

ગિલ્બર્ટે સિવાય કોઇએ વાંધો લીધો નહિ. અને એ તો વાંધો લે જ; કેમકે દરખાસ્ત નીલની હતી. એનાથી એ હમેશાં અવળો!

ડેરિકે કહ્યું, 'આપણને ખોરાકની જરૂર છે. સાથે ભરી લીધેલો ખોરાક ખૂટી જવા આવ્યો છે ને જો હવે નીચે ઊતરીને કંઇક શિકાર કરી નહિ લઇએ તો ભૂખે મરવું પડશે.'

જેફ્રેએ કહ્યું, 'આપણે એકાદ ડુક્કર મારીએ. આ શું–નીચે સેંકડો ડુક્કરો રખડે છે.' અને એનું કહેવું સાચું હતું. નદી કાંઠે ડુક્કરનાં ટોળેટોળાં જોવામાં આવતાં હતાં.

તેઓ મેનોઝ તો પહોંચ્યાં. ક્યાંક ચોખ્ખી જગ્યા મળી આવે તો નીચે ઉતારો કરવાનો નિર્ણય કર્યો. કલાકેકમાં જંગલ વચ્ચે પચ્ચાસ વાર ઘેરાવાનું એક મેદાન નજરે પડ્યું. ચક્કર લઇને તેઓ નીચે ઊડતાં આવ્યાં અને ત્યાં જ રાતવાસો કરવાનો ઠરાવ કર્યો.

હેલ્ગાએ કહ્યું, 'હા . . . શ ઊડીઊડીને થાકી ગયાં આજ તો; કંટાળો આવ્યો છે.'

[**વચ્ચે વાતચીત**

મેં જરા થાકથી કહ્યું, 'હવે આગળ કાલે કહીશું'

હેલ્ગાએ કહ્યું, 'જોજો ધ્યાન રાખજો. આપણે કાર છોડીને બહાર નીકળવાનું નથી.'

ડેરિક કહે, 'પણ નીલ જો કોઇ પણ કારણે આપણને કારમાંથી હેઠા ન ઊતારે તો કહે તેટલું હારૂં. એ બુઢ્ઢો નીલ કંઇ ને કંઇ ધાંધલ કરવાનો જ.'

જેફ્રે જરા દુ:ખી જણાયો. તેણે કહ્યું, 'એમાં જ બધું બગડે છેને. હું જાણું છું કે જેવા આપણે કારમાંથી નીચે ઊતર્યાં તેવો જ નીલ ડુક્કરોને આપણી આજુબાજુ આણશે કેવું બેવકૂફીભરેલું! દરેક વખતે એવું જ બને ને આપણને મશિનગન વાપરવાની તક જ ન આવવા દે. એવી મૂર્ખાઇ, નીલ હવે ન કરતો. અમને મહેરબાની કરી કારમાં જ રહેવા દેજે.

ત્યાં તો ડેરિક આનંદથી બૂમ પાડી ઊઠ્યો, 'પણ જેફ્રે, આખરે આપણે સહીસલામત ઉગરી જવાનાં. હું માનું છું કે જંગલીઓ આપણી કાર ઉઠાવી જાય તો પણ આખરે તો આપણે જીતીએ જ. કેમ નહિ નીલ?'

મેં કહ્યું, 'બચ્ચા, તેં મારી ઉછીની લીધેલી છરી, સ્ક્રૂડ્રાયવર અને ગ્રામોફોન પહેલાં પાછાં પહોંચાડી દે. પછી ભલે એ લોકો કાર ચોરી જાય; મને વાંધો નહિ. ઘણા વખતથી તારા કંટાળેલો છું પણ હવે મારી પાસેથી ઉછીનું લેવાનું કામ વધશે તો મારે નીલને તારા પાટલૂનનું એક બુતાન લઇને તારાં માબાપ પાસે મોકલવો પડશે. મગર તને ગળી ગઇ ને ફક્ત તારૂં એક બુતાન જ રહી ગયું એ જાણી તારાં માબાપ દુ:ખી થશે'

ગિલ્બર્ટે કહ્યું, 'જો વળી, આ તો શિક્ષા કહેવાય. ભાઇ અમથા તો હમેશ કહે છે કે આ સ્વતંત્ર શાળા છે અને અમે મરજી પડે તેમ કરી શકીએ. છતાં ભાઈસાહેબ પોતાની મરજી પ્રમાણે આપણી પાસે કરાવે છે.'

મેં કહ્યું, 'કંઇ નહિ તો છેવટે કાર તો મેં શોધી છે ને?'

ગિલ્બર્ટે કહ્યું, 'ગમે તેમ પણ આજ રાત્રે તું અમારી સાથે સરકસમાં આવવાનો નથી.'

પણ છેવટે મને સરકસમાં ઘસડી જવામાં આવ્યો. સરકસ સારૂં હતું. જોકે ડેરિક અને ડોનલ્ડ તો માત્ર ભાંડની મશ્કરીઓમાં જ રસ લઇ શકતા હતા. તેઓને થોડુંક જર્મન આવડતું હતું. છતાં બધાંને ગાય ચારતા ભરવાડના છોકરાનો દેખાવ ગમ્યો. બીજે દિવસે કોઇ નિશાળે આવ્યું નહિ. તેઓ ડ્રેસ્ડન ગયાં અને છ અવાજની પિસ્તોલો કેપ સાથે ખરીદી. આખા અઠવાડિયા સુધી કોઇએ વાર્તાનું નામ ન લીધું. તેઓએ આખો વખત પિસ્તોલોના ભડાકા કરવામાં ગાળ્યો. અંતે જ્યારે બધાં કારતુસો ફૂટી ગયાં અને બંદુકના ઘોડા ભાંગી ગયા ત્યારે જેફ્રેએ કહ્યું, 'હવે નીલ વાર્તા આગળ ચલાવે તો કેમ?'

બીજાઓએ સૂચના ઉપર બહુ ધ્યાન આપ્યું નહિ. પણ બે દિવસ પછી વાર્તા માટે સર્વાનુમતે માગણી થઈ.

જેફ્રેએ કહ્યું, 'ડુક્કરો મારવા માટે આપણે નીચે ઉતર્યાં ત્યાંથી વાર્તા અધુરી છે.'

મેં કહ્યું, 'બરાબર, ત્યાંથી.']

વાર્તા

સવાર ખુશનુમા હતી. તેઓ કારમાંથી બહાર કૂદ્યાં અને અકડાઈ ગએલાં અંગને છૂટાં કરવા આમતેમ દોડવા લાગ્યાં. ક્ષણભર દરેક જણ ભૂખ અને ભય ભૂલી ગયું.

પીઅર્ફ્ફટે કહ્યું, 'જો જો . . . હો! હું વાંદરાની જેમ કૂદું છું. તેણે ડાળી પકડવા કુદકો માર્યો અને ડાળ પકડી, પણ તેના ભારે વજનથી એ તૂટી પડી અને તે ભસ લઇને નીચે પડ્યો. સૌ ખડ–ખડ–ખડ હસી પડ્યાં.

એકાએક નીલ ભડક્યો. તેનું મોં ફાટી રહ્યું અને તેણે નિશાની કરીને કહ્યું, 'એ—પણે . . .'

બાળકોનું હસવું હસવાને ઠેકાણે રહ્યું. તેમની અને કારની વચ્ચે સંખ્યાબંધ ડુક્કરો જોવામાં આવ્યાં.

હેલ્ગાએ બૂમ પાડી, 'ઝટ કરો; ઝટ ઝાડ પર—'

ભયાનક રણકા કરતાં અને ચીંકાટા નાખતા કુક્કરો આગળ ધસ્યાં. તેમની તીક્ષ્ણ દાંતરડીઓ અને લાલલાલ જીભો જોતાં જ થથરાવે તેવાં હતાં.

દરેક જણ ઝાડની ડાળી ઉપર સહીસલામત પહોંચી ગયું. જેફ્રે ડાળી ઉપરથી હીંચતો હતો તેટલામાં તેને એક સુવરે દાંતરડી લગાવી.

તરત નીલે બૂમ પાડી, 'કોની પાસે રિવોલ્વર છે?' પણ કોઇની પાસે એક પણ હથિયાર ન હતું.

જેફ્રેએ ડૂસકાં ભરતાં કહ્યું, 'ભૂખ તો કકડીને લાગી છે; અને નીલ! હું તો ધારતો હતો કે તું કારની સંભાળ રાખવા ઊભો છે.'

નીલે કહ્યું, 'તું ધારે એ શા કામનું. હવે તો આપણું સૌનું આવી જ બન્યું. ઝટ ભગવાનનું નામ લેવા મંડીએ ને પછી નીચે કુક્કરનાં મોંમાં કૂદી પડીએ.

પીર્ક્ફટે પૂછ્યું, 'કાર સુધી પહોંચવાનો કાંઇ ઇલાજ?'

ગિલ્બર્ટે કહ્યું, 'એક ઉપાય છે: નીલ નીચે કૂદી પડે ને જંગલ તરફ દોડે; અને સુવરો જ્યારે તેની પાછળ પડે એટલે આપણે દોડીને કાર પાસે જઇએ.'

આ દરખાસ્તને સૌએ ધુતકારી કાઢી.

આ દરમ્યાન ડોનલ્ડ કાર તરફ જવાનો રસ્તો શોધી રહ્યો હતો. વાંદરાની જેમ તે એક ડાળીએથી બીજી ડાળીએ કૂદતોકૂદતો જે બાજુએ કાર હતી તે બાજુએ તેની નજીક સુધી પહોંચી ગયો.

ડેરિકે બૂમ પાડી, 'શાબાશ! હવે કૂદી પડ અને સુવરો ઉપર મશિનગન ચલાવ.'

ડોનલ્ડે જવાબ આપ્યો, 'એમ તે કાંઇ બાપાજીનો લાડવો છે? કાર તો હજી દસ ફીટ દૂર છે.'

ડેરિકે કહ્યું, 'ચલ હટ, જવા દે મને.' પણ ત્યાં તો તે મરતાં મરતાં બચી ગયો, કેમકે ડાળ તૂટી. અને જો તે સુવર ઉપર ન ફસડાયો હોત તો તો તેનું આવી જ બનત.

તેણે બીજી બાજુથી બૂમ પાડી, 'મને યુક્તિ જડી છે નીલ! તારી પાસે છરી છે?'

સદ્ભાગ્યે નીલ પાસે છરો હતો. તેણે ઝાડે લટકતી એક મોટી વેલ કાપી. તેનો ગાળીઓ કર્યો અને મોટરના વાયરલેસના થાંભલા ઉપર ભરાવવાને ફાંસલો નાખ્યો. પચાસેક વાર મથ્યા પછી આખરે તે ફાવ્યો. વેલ ઝાડ સાથે તો મજબૂત વળગેલી હતી, પણ વચમાં તે બહુ ઝોળો ખાતી હતી. ડેરિક બીનો કે તે ટીંગાતોટીંગાતો વચ્ચે આવશે ત્યારે તો ઝોલાને લીધે તેના પગ ખૂબ નીચે જશે અને સુવરો તેને વાઢી જ નાખશે. વેલને તાણીને થોભી રાખવાને તેણે નીલ અને પીર્ક્ફટને બોલાવ્યા. તેઓ ડાળીએ ડાળીએ કૂદતા કૂદતા ત્યાં પહોંચ્યા.

પછી ભયંકર પ્રયત્ન શરૂ થયો. નીલ અને પીર્ક્ફટે વેલને ખેંચી રાખી. ડેરિક તેના ઉપર હાથ પર હાથ મારતો ટીંગાતો ચાલ્યો. તે જગ્યાએ સેંકડો સુવરો દોડી આવ્યાં ને લાલ જીભો બહાર કાઢીને ડેરિકની સામે તાકી રહ્યાં. ડેરિકે નીચે જોયું તો તેના હાંજા ગગડી ગયા. બરાબર અધવચ પહોંચ્યો ત્યાં વેલ તૂટી! કારગી ચીસ પાડી તે નીચે પડ્યો અને ચીંકોટા નાખતાં સુવરો ફરતાં ફરી વળ્યાં. યા અલ્લા! કરતોકને પીર્ક્ફટ સુવરો વચ્ચે કૂદી પડ્યો. તે એક સુવરની પીઠ ઉપર બેઠો. તીણી ચીસ પાડી સુવર ભસ દઇને નીચે પડ્યું. પીર્ક્ફટ પાટુએ પાટુએ સુવરોને ફટકારવા લાગ્યો. ડેરિક તો નીચે પડ્યો હતો અને ડઝનેક સુવરનાં મોઢાં તેની ચોમેર હતાં. પીર્ક્ફટે ગર્જના કરી, 'મદદ! ખુદા ખાતર મદદ!' લાગલો જ નીલ કૂદી પડ્યો. હવે કાર તરફ જવાનો રસ્તો ખુલ્લો થઇ ગયો હતો. નીલ કારમાં કૂદી પડ્યો અને ચાર ભરેલી પિસ્તોલો ઉપાડી એકદમ તેણે એક પીર્ક્ફટ ઉપર ફેંકી પછી પોતે બહાર કૂદી આવ્યો.

હવે કામ સહેલું હતું. નીલ અને પીર્ક્ફટે બંદુકની નળીઓ સુવરોનાં મોઢાંમાં ખોસાખોસીને તેમનાં માથાં ઉડાવી દીધાં. પણ બેભાન ડેરિકની નજીકમાં ભડાકા કરવા જોખમભરેલું હતું. ધસી આવતાં સુવરોને તેઓ પોતાના પગથી હકાવતા હતા! પણ એક સુવરે ડેરિકનો પગ મોઢામાં પકડ્યો હતો અને તે ખસતું ન હતું. પીર્ક્ફટ દોડીને કારમાંથી કુહાડી લાવ્યો અને સુવરનું માથું તોડી નાખ્યું. હજુ જોખમમાંથી સૌ પાર નહોતાં ઊતર્યાં. નીચે પડેલા ડેરિકની આસપાસનાં સુવરોને તો મારી હઠાવ્યાં હતાં પણ એટલામાં બીજાં સેંકડો સુવરો હુમલો કરતાં આગળ ધસ્યે આવતાં હતાં.

પીર્ક્ફટે કહ્યું, 'હવે ભાગો; ડેરિકને ઉપાડો.' અને તેઓ માંડમાંડ ડેરિકને કારમાં પહોંચાડી શક્યા.

કેટલાય વખત સુધી કુહાડીથી પીર્કફટે ડુક્કરોના માથાં ભાંગ્યાં ત્યારે માંડમાંડ તેઓ મોટરનું બારણું બંધ કરી શક્યા.

આ દરમ્યાન નીલ મોટરના અપર ડેકની મશિનગન વાપરી રહ્યો હતો. તે કામ સહેલું હતું. ધાસ વાઢે તેમ તે સુવરોનો ઢગલો કરી નાખતો હતો. પણ સુવરો એટલાં બહાદુર હતાં કે તેઓ જરા પણ પાછાં હઠતાં ન હતાં. એકેએક સુવર ત્યાં જ ઢળી પડયું. સુવરોનાં મડદાં વચ્ચે થઇને છોકરાંઓ કાર પાસે આવ્યાં.

[**વચ્ચે વાતચીત**

જેક્રે કહ્યું, 'બિલકુલ દમ વિનાનું.' આમ કહેવાનું કારણ એ હતું કે આ લડાઈમાં તેનો કશો હિસ્સો ન હતો.

ગિલ્બર્ટે રસ લેતાં કહ્યું, 'શું સાચેસાચ સુવરો માણસને ખાઈ જાય? બાઇબલનાં સુવરો એવાં ભયંકર હશે?'

મેં કહ્યું, 'તદ્દન સાચું. કારણકે મેં ગઈ રાત્રે જ બાલસર્વસંગ્રહ (ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડિયા)માં સુવરો વિષે વાંચ્યું હતું.'

ડૉનલ્ડે કહ્યું, 'જ્યારે ડેરિક દોરડા ઉપર હતો ત્યારે મેં પણ દોરડું તો ખેંચી રાખ્યું હતું.'

'અરે ડૉનલ્ડ, તારાં મજબૂત બાવડાંને લીધે તો લાજ રહી' મેં કહ્યું.

હેલ્ગાએ કહ્યું, 'ત્યારે મેં શું કર્યું? બધો વખત શું હું ઝાડ ઉપર જ બેસી રહી?'

'ના હેલ્ગા, તેં તો ભારે બહાદુરી બતાવી. હથિયાર ન હતાં છતાં તું નીચે કૂદી પડી અને ડેરિકને કાર સુધી લઇ જવામાં તેં ટેકો આપ્યો.'

હેલ્ગા હસી. તેણે પૂછ્યું, 'ગિલ્બર્ટે કંઇ જ મદદ ન કરી ખરૂં?'

'ગિલ્બર્ટે? કહેતાં દિલગીરી થાય છે કે તેણે કાંઇ જ મદદ તો ન કરી, એટલું જ નહિ પણ અમે બધાએ મગતના મલીદા જેવા એક ડુક્કરને નાસ્તા માટે તૈયાર કર્યું ત્યાં સુધી તે ઝાડ ઉપર બેસી રહી.'

ડેરિકે કહ્યું, 'એ કાંઇ ભૂખડી નથી તે ડુક્કર ખાય.'

ગિલ્બર્ટ ડેરિક તરફ ગુસ્સે થઇને બોલી, 'ખબર નથી પડતી કે શા માટે વાર્તામાં બધો સારોસારો ભાગ તારો; હમેશાં 'ડેરિકે આમ કર્યું ને ડેરિકે તેમ કર્યું!' હમેશાં ડેરિક બહાદુર. પણ ખરી વાત શી છે તે કોણ જાણે? ગઇ કાલે હેન્સ સાથે કજિયો થયો ત્યારે તો તું માંડ ભાગી છૂટેલો. બાયલો! નીલ કહે છે તેમ તું સાચે જ તને કરી શકે તો તું કહે તે હારૂં છોકરા કરતાં તો છોકરીઓ આથી વધારે બહાદુરીભર્યાં કામો કરી શકે.'

આતુરતાથી જેક્રેએ કહ્યું, 'ગિલ્બર્ટને ફરી વાર મારી નાખો. રોજ વાર્તા વિષે એની એ પડચ. એને તો વાર્તામાં ન લાવ્યા હોત તો સારૂં થાત!'

ગિલ્બર્ટ એની સામે ખીજાઇ: 'શા માટે તું એનો પક્ષ લે છે? વાર્તામાં તને તો કાંઇ કરવા દીધું જ નથી. તેં કાંઈ મારાથી વિશેષ કર્યું નથી. બધો વખત તું પણ ઝાડ ઉપર જ બેસી રહ્યો.'

જેક્રે વિચારમાં પડયો. તેણે કહ્યું, 'ખરી વાત છે; મને પણ લાગે છે કે નીલે ડેરિક પાસે બહુ જ કામ કરાવ્યું.'

ડેરિકે વાર્તા વિષે આગળ આશા બતાવતાં કહ્યું, 'કદાચ દાતરડીના ઘાને લીધે હું મરી જાઉં. નીલ, આગળ ચલાવ.']

વાર્તા

સારા નસીબે ડેરિકને લગભગ કશી જ ઇજા નહોતી થઈ. પગમાં પડેલો ઘા દેખીતો ખરાબ હતો, પણ તપાસતાં માલૂમ પડયું કે તે જરા ય ઊંડો નહોતો.

પીર્કફટે કહ્યું, 'ધનુરવા (ટિટૅનસ)નો થોડો જ ભય છે. જોકે માંસાહારી જનાવર કરડયું હોય તો ધનુરનું જોખમ રહે છે.' હાર્વર્ડમાં રહી પીર્કફટે થોડો વૈદાનો અભ્યાસ પણ કર્યો હતો.

સુવરના શેકેલા માંસનો નાસ્તો લઈ તેઓ આગળ ચાલ્યાં.

બપોર પછી ટેલેસ્કોપ (દૂરબીન)માંથી ગિલ્બર્ટને દૂર કાંઇક ગામડા જેવું દેખાયું. તેઓ ત્યાં પહોંચ્યાં. કેવી જાતના લોકો ત્યાં વસે છે એ જોવા–જાણવા માટે ત્યાં રોકાવાનો સૌએ નિશ્ચય કર્યો. તેઓએ ગામની બહાર પડાવ નાખ્યો. જંગલી લોકોનો ખૂબ જમાવ થયો, પણ હલ્લો કરવાનો તેમનો ઇરાદો જણાયો નહિ. તેઓ જંગલી જાતિના જ હતા. ચામડી રાતી હતી ને માથે પીછાં ખોસેલાં.

નીલે કહ્યું, 'અજબ! આ લોકો પાસે તો પત્થરની કુહાડીઓ છે!' જેમણે સુધારાનું નામ પણ સાંભળ્યું નહોતું તેવા લોકો અહીં જડી આવ્યા હતા.

આશ્ચર્યથી આંખો ચમકાવતાં ડેરિકે કહ્યું, 'નવી જ જાતિ; આપણે તો ભારે નસીબદાર. આપણી આગળ લિવિંગ્સ્ટન ને સ્ટૅનલી કાંઇ હિસાબમાં નહિ. કેમ જેક્રે?'

જેક્રેએ કહ્યું, 'અરે આની આગળ બધું પાણી ભરે. દુનિયામાં આપણે ખૂબ પ્રસિદ્ધ થઇશું.'

હેલ્ગાએ કહ્યું, 'જુઓ જુઓ તો! આપણી સામે તેઓ કાંઇક ઇસારત કરતા લાગે છે.' અને ખરેખર તેઓ ઇસારત કરતા હતા. એક ઊંચો માણસ કારની નજીક

આવ્યો અને તેણે હાથ ઊંચો કર્યો. નીલે બારણું ઉઘાડયું અને તેના તરફ મોં મલકાવ્યું. પેલો માણસ કાંઈક ન સમજાય તેવી ભાષામાં બોલ્યો. પણ તેના ઇશારાથી તેનું કહેવું સૌ સમજી શકતા હતા. હાથમાંની પથ્થરની કુહાડી તેણે જમીન ઉપર ફેંકી દીધી.

હેલ્ગાએ હળવેથી કહ્યું, 'એનો અર્થ એમ કે એ આપણો મિત્ર થવા માગે છે.'

પછી તેણે એક બીજા માણસને નજીક બોલાવ્યો અને તે બન્નેએ સામસામાં નાક ઘસ્યાં.

ગિલ્બર્ટે હસીને કહ્યું, 'ગધેડાઓ! તેઓ આપણી સાથે પણ એમ નાક ઘસવા માગે છે.'

પીર્કફ્રટે કહ્યું, 'મને લાગે છે કે આપણે નીચે ઊતરીને તેમને ખાત્રી કરાવી આપવી જોઇએ કે આપણે તેમના મિત્રો છીએ.'

પીર્કફ્રટની દરખાસ્ત વિચારાઇ અને અંતે એમ ઠર્યું કે સહીસલામતીની ખાતર પીર્કફ્રટે એક કારમાં અને નીલે બીજી કારમાં રહેવું.

પછી છોકરાંઓ નીચે ઊતર્યાં અને પેલા માણસે ગંભીરતાથી પોતાનું નાક સૌ છોકરાંઓના નાક સાથે ઘસ્યું.

ગિલ્બર્ટે કહ્યું, 'આફ્રિકામાં આપણે જે લોકો જોયા હતા તેના કરતાં આ લોકો સારા છે.'

છોકરાંઓ એ લોકો સાથે ભળ્યાં અને તેમની જોડે વાત કરવાનો પ્રયત્ન કર્યો. પાંચ મિનિટમાં તો ડોનલ્ડે કેવી રીતે નાક ઉપર આંગળી મૂકવી તે જંગલીઓનાં છોકરાંઓને શીખવ્યું. સીધું કેમ થુંકાય તે હેલ્ગાએ કેટલીક છોકરીઓને શીખવ્યું.

ગિલ્બર્ટ ઇંગ્લિશ, ફ્રેન્ચ, જર્મન અને ઇટાલિયનમાં બોલ્યે જતી હતી, પણ આ રાતા ઇંડિયન એક પણ શબ્દ સમજ્યા નહિ. ડેરિક તે લોકોનાં પથ્થરનાં હથિયારો જોવામાં પડયો હતો. એક જુવાન જંગલી હાવભાવથી બતાવવાનો પ્રયત્ન કરતો હતો કે આવી કુહાડીથી ડુક્કરને કેવી રીતે મારી શકાય.

એકાએક ટોળાંમાં વિચિત્ર ઘોંઘાટ અને ખળભળાટ થયો. છોકરાંઓ ભયથી ચમક્યાં અને કારમાં સહીસલામત પહોંચવા ધસતાં હતાં, પણ તરત જ તેઓ ટાઢાં પડયાં. કારણકે આ ધમાલ તો ત્યાંનો રાજા આવતો હતો તેથી થઈ હતી. રાજા ઊંચો અને પાતળો હતો. ગરુડનાં પીછાં તેને માથે શોભતાં હતાં.

ગિલ્બર્ટે હેલ્ગાને કહ્યું, 'વાહ! રૂપાળો લાગે છે.'

લોકોએ માનપૂર્વક રસ્તો આપ્યો અને રાજા આગળ વધ્યો. બાળકોએ તેને નમન કર્યું અને રાજાએ જરા ઊભા રહી સામેથી નમન કર્યું. જેવી રાજાની નજર કાર ઉપર પડી તેવો જ આશ્ચર્યચકિત નજરે તે તેના તરફ જોઇ રહ્યો. એને એમ લાગ્યું હશે કે આમાં સૌનો મુખી પીર્કફ્રટ હશે, કારણકે તેણે પીર્કફ્રટને નિશાની કરી પોતાની પાસે બોલાવ્યો. પીર્કફ્રટ બહાર આવ્યો. રાજા તેના તરફ બે ડગલાં ગયો ને ઘણી જ ગંભીરતાથી પોતાના નાકને પીર્કફ્રટના નાક સાથે ઘસ્યું.

આ દેખાવ ઘણો જ રમૂજભરેલો હતો. રાજા નિશાનીથી પૂછવા લાગ્યો કે, 'તમે કોણ છો અને ક્યાંથી આવો છો?'

આ પ્રસંગે ડેરિકે પોતાની બુદ્ધિનો સુંદર ઉપયોગ કરી બતાવ્યો. તેણે રેતીથી જમીન પર નકશો કર્યો. એક ઘાસનું તરણું મૂકી આમાઝોન નદી બતાવી. પછી તેણે એક પથરો લીધો અને કાર તરફ ધર્યો. કહેવાની મતલબ એમ હતી કે આ પથરો એટલે કાર સમજવી. રાજાએ, પોતે એ વાત સમજ્યો છે એમ બતાવવા માથું ધુણાવ્યું. પછી ડેરિકે નદીના મુખ આગળથી પથરો ઉપાડયો અને નદીના મૂળ તરફ તેઓ ઊડતા-ઊડતા કેવી રીતે આવ્યા તે સમજાવ્યું. સમજતા હોય તેમ પેલા જંગલીઓએ માથાં ધુણાવ્યાં. પછી આંખના એક પલકારામાં ડેરિકે રાજા તરફ આંગળી ચીંધી પીર્કફ્રટ તરફ ફેરવી અને એમ સમજાવ્યું કે આ જેમ તમારો રાજા છે એમ આ પીર્કફ્રટ અમારો રાજા છે. રાજાએ, આ વાત પોતે સમજ્યો છે એમ ખાત્રી કરી બતાવવા પીર્કફ્રટ સાથે ફરી વાર નાક ઘસ્યું. એટલામાં ગિલ્બર્ટના ભેજામાં કંઇક વિચાર આવ્યો. તેણે કારમાં બેઠેલા નીલ તરફ આંગળી ચીંધીને તેના તરફ સૌનું ધ્યાન ખેંચ્યું. પછી તેણે પીર્કફ્રટ સામે જોઇ હાથ ઊંચો રાખી બતાવ્યો અને નીલ સામે જોઇ હાથ જમીનથી એક ફુટ ઊંચે બતાવ્યો. નીલ હલકા દરજ્જાનો છે એમ બતાવવાનો ગિલ્બર્ટનો આશય હતો. રાજા સમજતો દેખાયો કે નીલ મોટરનો શોફર છે.

અલબત્ત આમ નિશાનીથી વાતો કરવાનું રસભર્યું હતું, પણ આખરે તેમાંથી ગેરસમજણ પેદા થઇ.

પોતે ભૂખ્યો છે એમ બતાવવા ડોનલ્ડે આંગળી

ગોઢામાં મૂકી. રાજાએ તરત જ ગામમાંથી દાંતના દાક્તરને બોલાવ્યો. દાક્તર તો પત્થરનું ટાંકણું અને હથોડી લઇ હાજર થયો. ડોનલ્ડે માથું ધુણાવ્યું અને પથરો ઉપાડી તે ખાતો હોય તેમ દેખાડ્યું. રાજા નમ્રતાથી ડોનલ્ડને નમ્યો અને તેનાં માણસોને પત્થરોનો એક મોટો એવો ઢગલો કરવાનો હુકમ આપ્યો. પછી જંગલી લોકો ડોનલ્ડ અને પથરાના ઢગલા ફરતા કુંડાળું વળીને બેઠા. તેઓ એમ સમજ્યા હતા કે ડોનલ્ડ જાદુબળથી એ બધા પથરા ખાઈ જશે!

હેલ્ગા બેઠીબેઠી મજાનું ગીત ગાતી હતી. જંગલીઓ સમજ્યા કે એ માંદી પડી છે, એટલે તેમણે વૈદ્યને તેડવા મોકલ્યો. ગિલ્બર્ટના બુટમાં કાંકરી ખૂંચતી હતી. એણે બુટ કાઢ્યો, એટલામાં તો જંગલીઓ સસલાં પેઠે નાસભાગ કરતા નાઠા. એ બધાંને એમ જ લાગ્યું કે ગિલ્બર્ટે સમૂળગો પોતાનો પગ જ છૂટો કરી નાખ્યો!

જેફ્રે કહે, 'જો મારી એકાદ આંખ કાચથી બેસાડેલી હોત, કે હાથ ખૂચના લાકડાનો હોત તો ભારે ગમ્મત પડત!'

આ જંગલી લોકો ભારે બીકણ હતા. કંઇક નવું જોવામાં આવે તો તેમને કંઇ ને કંઇ થઇ જાય! ડોનલ્ડે પથરાને ઠેબું માર્યું ત્યાં તો બધા હબકીને સડક થઈ ગયા. કોઇ દિ' માણસને ન ભાળ્યું હોય એવા રોઝ જેવા આ લોક હતા. બીતાબીતા પણ નવાઇથી અને કુતૂહલથી આગળ આવે. ઝટઝટ પાસે આવતાં યે વાર નહિ ને ભાગી જતાં યે વાર નહિ.

રાજાએ તાળી પાડી ને સ્ત્રીઓ ખાવાનું લાવી. જંગલી ઇંડિયનોએ ઊભાઊભા ખાધું. તેઓની પાસે થાળીવાટકા તો શાના હોય? હાથમાં જ ખાવાનું લઇ તેઓ ખાતા હતા. તેમની પાસે છરીકાંટા પણ ન હતા. એમના દાંત કુતરાના જેવા મજબૂત અને ધોળા હતા. દાંતથી હાડકાંપર ચોટેલું માંસ તેઓ ઉખેડીઉખેડીને ખાતા હતા.

આપણા મુસાફરોને પણ સાથે ખાણું લેવા આમંત્રણ મળ્યું. પરંતુ ખોરાકમાં મોટેભાગે કાચું માંસ હતું તેથી તેઓએ આભાર સાથે માફી માગી.

જેફ્રેએ ગિલ્બર્ટને કહ્યું, 'આ લોકોને અગ્નિની ખબર જ નહિ હોય શું?'

બરાબર આ જ વખતે નીલ કારમાંથી બહાર આવીને પોતાની પાઇપ તમાકુથી ભરતો હતો.

ગિલ્બર્ટ કહે, 'જ્યારે નીલ પાઇપ સળગાવે ત્યારે આ જંગલીઓના ચહેરા સામે જોજો.'

નીલે પાઇપ સળગાવી ને જોઈ લ્યો મજા! જેવો પેલાઓએ ભડકો ભાળ્યો કે તરત જ સૌએ ભયંકર ચીસ નાખી. ખાવું ખાવાને ઠેકાણે રહ્યું ને બધા જાય ભાગ્યા. રાજાએ કંઇક હિંમત બતાવવાનો યત્ન કર્યો, પણ જ્યારે નીલની હોકલીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા ત્યારે તો તે પણ ભાગ્યો અને મહેલ ભેગો થઇ ગયો!

પીર્કેફ્ટ કહે, 'આ લોકોને આપણે બીવડાવીશું એ નહિ ચાલે. ચાલો ગ્રામોફોન વગાડીએ એટલે તેઓ પાછા આવશે.'

હેલ્ગા ગ્રામોફોન લાવી અને રેકર્ડ ચડાવી. પ્રથમ તો કોઇ દેખાયું નહિ, પણ થોડી વારે એક જણે, પછી બીજા જણે, પછી ત્રીજાએ, એમ ઘણાએ ઘરની બહાર ડોકાં કાઢ્યાં.

જરા વખત જતાં તેઓ દૂરદૂર આવતા દેખાયા. પીર્કેફ્ટે તેમને નિશાની કરી પાસે બોલાવ્યા અને તેઓ ધીમે ધીમે નજીક આવ્યા. એકાએક નીલને એક વિચાર સૂઝ્યો. તેણે ગિલ્બર્ટનો હાથ પકડ્યો ને નાચવા લાગ્યો. જંગલીઓને આ જોઇ બહુ મજા આવી ને થોડાંક બાળકો તો સાથે નાચવામાં જોડાયાં.

વચ્ચે વાતચીત

ગિલ્બર્ટ કહે, 'તારી સાથે હું નાચું જ નહિ તો. ડેરિક, જોયું છે ને તેં? ભાઇ કેવા નાચે છે! નાચતાંનાચતાં ભાઈ કાંઇ ઊંચે કરે છે! કંઇ પગલાં મૂકે છે! પણ એ રીત તો જરીપુરાણી થઇ ગઇ છે જરીપુરાણી. બ્રસેલ્સ અને પારીસમાં તો તારી જેમ એક પણ જણ નહિ નાચે.'

મેં દમામથી કહેવાનું શરૂ કર્યું, 'વીએનામાં—'

પણ હેલ્ગા વચ્ચે બોલી ઊઠી. 'વીએનામાં લોકો કેમ નાચે છે એ જાણવાની અમારી મરજી નથી. અમારે તો વાર્તા સાંભળવી છે. ચાલો આગળ.'

મેં ચીડાઇને કહ્યું, 'ગિલ્બર્ટ ગરબડ આદરી છે.'

ગિબર્ટ બોલી, 'અલબત્ત, કેમકે તું મારે શિરે ઠીકાણું હાંકે છે. હું તારી સાથે શાળામાં પણ નાચી નથી ને વાર્તામાં પણ નાચી નથી. વાર્તામાં ફેરફાર નહિ કરે તો હું વાર્તાને આગળ ચલાવવા જ નહિ દઉં.'

[અનુસંધાન આગળ પાન ૧૧૭મે]

માથું કેમ દુઃખે છે?

દુનિયાના કોઈ પણ યંત્ર કરતાં આપણું શરીર એ બહુ જ ચોક્કસ અને નિયમિત યંત્ર છે. પોતાના સાંચા કામમાં કાંઈપણ બગાડ થાય તો ઘડિયાળના કાંટાની જેમ, પણ તેનાથી યે વધુ નિયમિત અને નિશ્ચિતપણે એ બતાવી આપે છે. માથું દુખવા આવવું એ શરીરયંત્રમાં બગાડ થયાની સૌથી પહેલી નિશાની છે. શારીરિક યંત્રમાં જરા પણ વિક્ષેપ, અનિયમિતતા અગર તો એવું બીજું કંઈક ઉદ્ભવે કે તરત, એ દરદ એટલું બધું ચોક્કસ અને સર્વ-સાધારણ છે કે શરીર કથળવા પહેલાં, એ અચૂક આપણને આવી જાય છે. શારીરિક તંદુરસ્તીનો એ 'સિગ્નલ'—લાલ બત્તી છે. કુદરતની આ સૂચનાથી ચેતી જઇને જો ચાંપતા ઇલાજો લેવામાં આવે તો આપણે ઘણા રોગોમાંથી બચી જઇએ. પણ આપણે તો તેને ભયરૂપ માની હરકોઇ પ્રકારે તેને એકદમ દાબી દેવાના પ્રયત્નો કરીએ છીએ અને પરિણામે ઊલટા ઘણા અસાધ્ય રોગોના ભોગ થઈ પડીએ છીએ.

રોગ સર્વત્ર એક છે. માથાનું દુઃખી આવવું એ તો માત્ર તેનું બહારનું શરૂઆતનું પહેલું ચિહ્ન છે. શરીરની રચના એવી છે કે કુદરતીરીતે જ તે પોતાની મેળે હમેશાં તંદુરસ્ત રહેવા પ્રયત્ન કરતું હોય છે. એ એનો સ્વાભાવિક ગુણ છે. જૂનાં અને ઘસાઇ ગએલાં પરમાણુઓની જગ્યા નવાં પરમાણુઓ લીધા કરે છે; નકામો અને ન જોઇતો કચરો ઘણી રીતે બહાર ફેંકી દેવામાં આવે છે. અને આ ક્રિયા સતત ચાલ્યા કરે છે. તમે બેઠા હો કે કામ કરતા હો, ઊંઘતા હો કે જાગતા હો, ખાતા હો કે પીતા હો, હરેક ક્ષણે શરીરની આ અગત્યની ક્રિયા રુધિરાભિસરણ વાટે શક્તિ અનુસાર નિરંતર ચાલુ જ હોય છે. જે પળે આ મળ સાફ કરવાનું કામ શારીરિક શક્તિની હદ ઉપરાંતનું થવા જાય છે તે વખતે લોહીમાં ઝેરી મળ એકઠો થવા માંડે છે અને શરીર પર તે પોતાની અસર પહોંચાડે છે. લોહી વાટે આ ઝેરી અસર થયા તો કરે છે, પણ શરીરના આખા યે યંત્રમાં મગજના જ્ઞાન-તંતુઓ એટલાં બધાં કોમળ અને જીવતાં જાગતાં હોય છે કે તેની અસર પહેલી તરત જ તેમને થાય છે અને તે આપણને જાણ કરે છે કે થોભો, શરીર-યંત્રમાં વિક્ષેપ પડ્યો છે. આ વખતે જો આપણે થોભી જઇ તેના મૂળ કારણને દૂર ન કરીએ અને તેને ઊલટા દાબી દેવાના પ્રયત્નો કરીએ તો તેમાંથી ગંભીર પરિણામો ઉપજે એ સ્વાભાવિક છે.

આ દૃષ્ટિએ માથાના દુખાવાને આવકારલાયક ગણી લેવો જોઇએ. તે જ ઘડીએ અને તે જ પળે આપણે આપણી હાજતો તપાસીશું તો માલૂમ પડી આવશે કે તે બરાબર ઠેકાણે નથી. તેમાં અનિય-મિતતા જેવું કંઈક થવા પામ્યું છે. એ અનિયમિતતા તમે દૂર કરો કે તરત આશ્ચર્યની સાથે તમે જોઇ શકશો કે માથું તરત ઊતરી જઈ તમે પહેલાંના જેવા તંદુરસ્ત બની ગયા છે.

શરીરના જ્ઞાનતંતુઓ એટલા બધા મજબૂત અને નીરોગી હોય છે કે તેમને છેવટનું નુકસાન તેમના ઘણા દુરૂપયોગ પછી જ થાય છે. આથી જ ગમે તેવી માંદગીમાં પણ આપણે આપણું ભાન—મગજ ઉપરનો કાબુ એકદમ ગુમાવી બેસતા નથી. ઘણી ગંભીર માંદગી પછી જ આપણે ભાન ભૂલી જઇ બકવાદ કરવા માંડીએ છીએ. વળી એ તંતુઓની સાજા થવાની શક્તિ પણ એટલી ત્વરિત અને સચોટ હોય છે કે મૂળ કારણને દૂર કરવાની સાથે જ તેઓ પાછા તેમની અસલ તંદુરસ્તીમાં આવી જાય છે. માથું વારંવાર દુઃખી આવવા છતાં પણ મગજના જ્ઞાન-તંતુઓને છેવટનું નુકસાન ભાગ્યે જ થાય છે. પરિ-સ્થિતિ હદ ઉપરાંતની બનવા પામે તો જ એ જ્ઞાન-તંતુઓ બગડવા માંડે છે. અને એક વખત જ્ઞાન-તંતુઓ બગડ્યા, પછી તેમને સુધારવા મહામુશ્કેલ થઇ પડે છે. આ જ કારણને લઇને ગાંડપણ અગર તો હાથે પગે રહી જવાના રોગો અસાધ્ય જેવા લાગે છે. આવા રોગો છેવટ સુધી દરદીને ઘણો હેરાન કરે છે.

સામાન્ય રીતે જે દિવસે આપણો દસ્ત સાફ અને પૂરેપૂરો આવતો નથી તે દિવસે આપણને માથું દુઃખી આવવાનો સંભવ રહે છે. આવી કબજિયતને લઇને હોજરી અને આંતરડાંમાં ગંધાઇ રહેલો મળ પોતાનું ઝેર રુધિરાભિસરણ વાટે આખા શરીરમાં પ્રસારે છે. મગજના જ્ઞાનતંતુઓ આનો પહેલો ભોગ થઇ પડે છે. માથું દુઃખવાનાં ઘણાં કારણોમાંનું આ સૌથી મુખ્ય અને પ્રધાન કારણ છે. બરાબર ઊંઘ ન આવવાથી અથવા આંખો તણાય એટલા હદ ઉપરાંતના વાંચન વગેરે બીજાં ઘણાં કારણો પણ

સીધી કે આડકતરી રીતે જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે.

આજે વર્તમાનપત્રોમાં માથાના દુખાવાની અનેક દવાઓની જાહેર ખબરો આવે છે. માથે ઘસવાના એ 'બામ' કે ખાવાની ટીકડીઓથી મૂળ કારણ દૂર થતું નથી. તેઓમાં માત્ર દુખાવો દાબી દેવાની શક્તિ હોય છે. આમ દુખાવો દબાવાથી આપણે મૂળ મળ વિષે બેફિકર થઇ જઇએ છીએ. પણ પછી એ એકઠો થએલો સડો કોઇક વખત એટલી સખત રીતે ફાટી નીકળે છે કે રોગ તે પછી અસાધ્ય થઇ પડે છે. 'બામ'ના ઘસવાથી શિરાઓમાં લોહી ન ફરતું હોય તો ઘર્ષણથી લોહી ફરવા માંડે છે અને તેની ચચરાટ ભરેલી અસરમાં આપણે માથાનો દુખાવો ભૂલી જઇએ છીએ. બાકી તેનાથી તેનું મૂળ કારણ દૂર થયું હોય એમ લાગતું—જણાતું નથી. ખાવાની દવાઓનું પણ તેમ જ છે. આવી દવાઓ ખાસ કરીને ઝેરી હોય છે અને ઘડીને માટે તેમની આ ઝેરી અસર જ્ઞાનતંતુઓ ઉપર એટલી સખત થાય છે કે તેટલા વખત માટે તેઓ જડ—અચેતન બની જાય છે. આવી અસરમાં આપણે જાણે માથું ઊતરી ગયું હોય એમ માનીએ છીએ; પણ ખરી રીતે તે મટયું હોતું નથી. બીજી વખતે તે એટલું બધું સખત રીતે દુખી આવે છે કે તેને મટાડવાની નિરર્થક આશામાં દવાનું મોટું પ્રમાણ લઇએ છીએ. વારંવાર આવી રીતે આપણે આપણા જ્ઞાનતંતુઓને જડ, ચેતનરહિત બનાવતા રહીએ છીએ. જ્યારે છેવટની સ્થિતિ અસહ્ય થઇ પડે છે ત્યારે આખું યે જ્ઞાનતંતુનું યંત્ર ઊથલી પડે છે અને આપણે એવા કોઇ ભયંકર રોગમાં ઝલાઇ પડીએ છીએ કે તે સુધરવો અસાધ્ય થઇ પડે છે.

જ્યારે જ્યારે માથું દુખી આવે ત્યારે ત્યારે તેના મૂળ કારણને શોધી તે દૂર કરવા પ્રયત્ન કરો. શૌચક્રિયા સાફ ન થઇ હોય તો એકાદ બે દિવસ લંઘન ખેંચી કાઢો. વધારેપડતું ખાતા હો તો તેમાં ઘટાડો કરો. પ્રજીવનકોથી ભરેલો પૂરતો પોષણદાયક ખોરાક ન લેવાતો હોય તો તેવો લેવા પ્રયત્ન કરો. સ્વચ્છતા ન સચવાતી હોય તો તે ઉપર પૂરતું ધ્યાન આપો. વેડફાઈ જતી જીવનશક્તિનો દરેક બાજુએથી બચાવ કરો, તેની જમાવટ કરો. દવાઓનો નિરર્થક આશ્રય લેવા કરતાં આ અને એવા બીજા પ્રેરણાભરેલા કુદરતી ઈલાજો શોધો અને તમે અજાયબી સાથે જોઇ શકશો કે તમને તમારૂં માથું હેરાન કરશે નહિ. અને તમો સતત રીતે કામ કરી શકશો. **ચુનીભાઈ ધ. પટેલ**

બે હરીફાઈઓનાં પરિણામ

કુમારમાં અવારનવાર ફોટોગ્રાફી ને ચિત્રોની હરીફાઇઓ આપવાનો અમારી મતલબ એ છે કે તે દિશામાં કામ કરનારો વર્ગ અમારી જાણમાં આવે, અને તેઓ પણ જાણી શકે કે તેમના વર્ગમાં કેવા પ્રકારનું કામ બની રહ્યું છે. એને લીધે કેટલાકને શીખવાનું મળે છે, કેટલાકને પ્રોત્સાહન મળે છે. કોઇ પણ હરીફાઇમાં ઉતરનારની મતલબ માત્ર ઇનામ પૂરતી ન જ હોવી જોઇએ. ઉત્તરોત્તર કામની પાયરી ચડતી જ રહે અને દર હરીફાઇએ જૂના કામ કરનારા વધુ સારા નમૂના ઉત્પન્ન કરે એ અમારી નેમ છે.

ફોટોગ્રાફીની હરીફાઈ

પણ ફોટોગ્રાફીની છેલ્લી હરીફાઇનાં પરિણામોથી અમને જરા યે સંતોષ થયો નથી. ફોટોગ્રાફનો વિષય ઠીક વખત અગાઉથી જાહેર કરેલો છતાં તે વિષે પૂરતો વિચાર કોઇએ કર્યો લાગતો નથી. માત્ર બેત્રણ જણનું કામ સહેજ દિશાસૂચક હતું; પરંતુ તેમાં પણ નવીન દૃષ્ટિનો તો અભાવ જ હતો. હાલ તો અમે તેમાંથી ઇનામ માટે નમૂના લીધા છે, પણ તે યે સર્વોત્તમ તો ન જ ગણાય. વિદ્યાર્થીજીવનનું દૃશ્ય શોધવા કૅમેરાની ચાંપ દાબનારે વધુ પ્રયાસ કર્યો નથી. ખાસ સૂચવાયું હતું કે વિદ્યાર્થીના ટેબલથી માંડીને શાળાના મેદાન અને ઘરના અભ્યાસખંડ સુધીમાં વિદ્યાર્થીજીવનના ઘણા ય પ્રસંગો ચિત્ર યોગ્ય બની શકે. વિદ્યાર્થીજીવનના ત્રાસ, આનંદ કે ઉત્સવમાંથી કોઇ વિવિધતા જડે નહિ ત્યારે કૅમેરાવાળાનું મગજ ઉઘડયું જ નથી એમ મનાય. પરીક્ષાઓ, શાળાના વિગ્રહો, વ્યાયામો, રજાના દિવસો, નાસ્તાની જગ્યાઓ, બધે નવનવા અભિનયો અને વિચિત્ર ટોળાંઓ કૅમેરાવાળાનું ધ્યાન ખેંચે તો આ યુગની શાળાનું મહત્ત્વનું દફતર બને. હજી પણ અમે આશા રાખીએ છીએ કે આટલી સૂચના પછી વિદ્યાર્થીઓ તે દિશામાં વધુ નજર દોડાવે. અને કોઇ લાયક નમૂના અમને મળશે તો બીનહરીફાઈએ પણ અમે તેની કક્ષા પ્રમાણે સત્કાર કરીશું પહેલું ઇનામ જયંતિલાલ જી. વખારિયા (સુરત)ને; બીજું કિરીટસિંહ ગોહિલ (ભાવનગર)ને અને ત્રીજું કાંતિલાલ નાનાભાઈ મશરૂવાલા (આકોલા)ને મળે છે. હવે પછી આવતી શ્રાવણની હરીફાઇ ન ભૂલતા. પોષ અંકમાં તેની વિગતો અપાઈ જ ચૂકી છે.

ચિત્રસરસાઇની હરીફાઇ

સરકારે શાળાઓમાં આજકાલ કરતાં ત્રીસ ચાળીસ વર્ષથી ચિત્રને પાઠય વિષયનું સ્થાન આપ્યું છે, છતાં વિદ્યાર્થીઓમાં રંગ અને આકૃતિની સમજ કેટલી ગકટી છે તે આવી ચિત્ર-

સરસાઇની હરીફાઇમાં સ્પષ્ટ જણાઇ આવે છે. અમારા ઉપર ચિત્રકાર બનવાના હોંસીલા વિદ્યાર્થીઓના સંખ્યાબંધ પત્રો આવે છે. તેઓ એકલા અટુલા કામ કરતા હોવાથી ઘણી વાર પોતાની જાત માટે બહુ ઊંચો મત બાંધી બેઠા હોય છે; પણ આવી સરસાઈમાં ઊતરે છે ત્યારે તેમનું કામ સામાન્ય ધોરણથી પણ નીચી કક્ષામાં આવે છે. આ હરીફાઇના પરિણામમાં તરી આવેલા દરેક ઉમેદવારને અમે નીચે જે ક્રમાંક આપ્યા છે તે પરથી પોતાના કામની કક્ષા સૌ સમજી લેશે. ઈનામો પણ એ ક્રમ મુજબ જ અપાયાં છે. પહેલાને રૂા ૭નું, પછીના બેને બબ્બે રૂપિયાનાં, પછીના બેને એકેક રૂપિયાના અને છેલ્લા ચારને નાનાં ઉત્તેજના ઈનામો મળે છે. આમ કુલ નવ જ જણ ઇનામને યોગ્ય ઠરે છે. (૧) પુરુષોત્તમ ગોવિંદજી –નાઈરોબી (૨) નારાયણ ડી. જરાડી–વડોદરા (૩) પ્રફુલ્લકુમાર કરસનદાસ અગરાવત–કરાંચી (૪) છગનલાલ રામચંદ્ર જાદવ–અમદાવાદ (૫) કાન્તુ બી. કાપડિયા–ગણદેવી (૬) નરભેરામ દામોદર છનીઆરા–જોડિયા (૭) સનતકુમાર વીણ –મુંબાઇ (૮) જયંતિલાલ ઠાકોરદાસ પારેખ–મુંબાઈ (૯) કિશનલાલ તાપીદાસ–સુરત.

વિદ્યાર્થીઓને કવિતામય પ્રસંગો ચીતરવાની બહુ હોંશ હોય છે, પણ વસ્તુને ચિત્રરૂપે સાક્ષાત જોવાની શક્તિ એમણે કદી કેળવી હોતી નથી; તેથી તેમના યત્નો નિષ્ફળ જાય છે, અથવા વિકૃત બને છે કે પછી નકલિયા થઇ જાય છે. ભાવ અને રસ મૂર્તિમંત કરવા કવિને પણ ભાષાના શબ્દોનું સ્વરૂપ સમજી લેવું પડે છે; ચિત્રકારને પણ પદાર્થો, રંગો ને આકૃતિઓનું સ્પષ્ટ નિરૂપણ હસ્તગત કરવું જ પડે. કક્કો અને બારાક્ષરી શીખ્યા વગર ભાષાનું મંડાણ ન થાય, તેમ ચિત્રલિપિ માટે રેખા અને આકૃતિ સિદ્ધ કરવાં જ જોઇએ.

આ ચિત્રસરસાઇની હરીફાઇમાં અમે સાદામાં સાદી વસ્તુરચના નકલ માટે આપી હતી, છતાં માત્ર બે કે ત્રણ જણના કામમાં જ આકારો અને છાયાપ્રકાશનો મર્મ પ્રત્યક્ષ થાય છે. બાકી બધાએ સમજ્યા વિના કાળું ધોળું જ કરી મોકલ્યું હતું. પદાર્થો એકબીજાના સંબંધમાં મુકાતાં એક બીજાના આકારના આશ્રયે કેવા છાયાપ્રકાશ કે રંગ બદલે છે, તેમનું મંડળ કેવો ઉઠાવ પકડે છે, જે ખરું સમજી શકે તેનામાં જ કળાની તૈયારી થઇ રહી હોય છે.

જેઓને ઇનામ મળ્યાં નથી તેઓ જરા પણ એમ ન માને કે તેમની તક વહી ગઇ છે. ઘણી વાર દૃષ્ટિ મોડીમોડી પણ પાકે છે અને સતત કામ કરનારને ગયેલા વખતનું સાટું એકાએક મળેલી સમજથી મળી જાય છે. પ્રયાસ, સંશોધન અને મનન કોઇપણ સિદ્ધિની પહેલી ચાવીઓ છે.

અમે હજુ પણ જુદીજુદી શક્તિઓ તપાસનારી હરીફાઇઓ આપ્યા કરીશું. કોઇવાર કલ્પનાની પરીક્ષા થશે, કોઇવાર યોજનાશક્તિનો તાગ લઇશું, કોઇવાર તાદૃશતાની કસોટી જોઇશું તો કોઇવાર સુંદર આલેખન અને રેખાંકનના નમૂના માગીશું. ચિત્રકળા માનવશિક્ષણનું એક અચૂક અને અમોલું સાધન છે; તેનો પ્રચાર અને વિસ્તાર પ્રજાકીય દૃષ્ટિએ અમને બહુ મહત્ત્વનાં જણાય છે. એટલે જેઓ પીંછી, કલમ કે પેન્સિલથી વિચારો મૂર્ત કરી રહ્યા છે, તેઓ આ મંગળ કળાના ક્ષેત્રમાંથી દૂર ન જ થાય એ અમારી વાંછના છે.

જ્ઞાનલીલા

માહની જ્ઞાનલીલાના કુલ ૩૦ જવાબો આવ્યા છે. **તેમાંથી** બધા સાચા ઉત્તર નીચેના ચાર ભાઇઓના **છે. ઇનામો** તેમને મોકલાશે (૧) બાલુભાઈ પટેલ–સાણંદ (૨) **મકરંદ**કુમાર દેસાઇ–ભાવનગર (૩) રતિલાલ પંડિત–સાણંદ (૪) વાડીલાલ મહેતા–અમદાવાદ. એ જ્ઞાનલીલાના ખરા જવાબો નીચે મુજબ છે **(૧) ગણિત-ગમ્મત:** (૧) ૨૧મા તારીખ.

(૨) ત્રણ ચાર રીતે થઇ શકે છે. એક રીત બાજુ મુજબ→ ૧

(૨) શબ્દ-શોધન: (૧) આળ (૨) માનસ (૩) ધન ૨

(૪) પળ (૫) માન (૬) હિંમેજ (૭) બસ (૮) નહિ. ૩

તેમાંથી નીકળતી કહેવત: આપ સમાન બળ નહિ, ૪

મેઘ સમાન જળ નહિ. **(૩) એ શું?** મખમલ: ૫

કસરતનું સાધન–મલખમ. **(૪) ગોઠવી આપો:** ૬૭


અસત્યો માંહીથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા; ૮

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા; ૯

(૫) શબ્દ-ફેરવણી: (૧) દીવાસળીની આકૃતિ: ૯૯

નીચે બતાવ્યા મુજબ: નીચે બતાવ્યા મુજબ:

પ્ર	ધા	ન
વિ	ધા	ન
વિ	મા	ન
ક	મા	ન
ક	મા	ણી



નીચેના નવા સવાલોના ઉત્તર એપ્રિલની ૧૫મી તારીખ સુધીમાં મળી જવા જોઇએ.

નવા સવાલ

(૧) ગોઠવી આપો: કવિતાની બે જાણીતી લીટીઓના અક્ષર આડાઅવળા ગુંચવાઇ ગયા છે. સાચી ગોઠવી આપશો? (૧) કકા ગમજો હય છ હિમાશૂ નનુંને નોનો ૨૨શરિ (૨) મકાને ગોતો નાવું ઘવું શૂળે ગય ખબો ૨૨૨૨૨ા

(૨) ગણિત-ગમ્મત: (૧) ચાર આંકડાની હું એક ઇ. સ.ની સાલ છું. મારા પહેલા ને ચોથા આંકડાનો સરવાળો બીજા આંકડાની બરોબર છે. ત્રીજો આંકડો પહેલા, બીજા ને ચોથા આંકડાના સરવાળાથી અરધો છે. વળી ત્રીજો આંકડો પહેલા ને ચોથા આંકડાના સરવાળાની બરોબર પાં


છે સરળતા ખાતર એટલું ખાનગી રીતે કહી દઉં છું કે મારા વરસમાં જન્મેલું કોઇ જ આજ હયાત નથી. શોધી કાઢો. (૨) ચાર પંદરને એવી રીતે ગોઠવો કે સરવાળો ૧૬૬૬૫ થાય.

(૩) એ શું? (૧) એવી બે અક્ષરની કઇ સંખ્યા છે જેના ઉચ્ચારની જોડણીમાં ફેરફાર કરવાથી મુસલમાન રાજ્યકર્તા બની જાય? (૨) એવું શું છે જે ગરીબ તેમજ શ્રીમંત સૌના ઘરમાં હોય છે ને જેમાંથી એક અક્ષર કાઢી દેતાં એક પર્વ બની જાય છે?

(૪) શોધી કાઢો: નવ અક્ષરની એક જાણીતી કહેવત છે તેના અક્ષરોને નીચે પ્રમાણે ગોઠવવાથી જણાવ્યા મુજબના અર્થો નીકળે છે: ત્યારે કહેવત શોધી કાઢો. ૨ + ૮ = એક માપ; ૯ + ૫ = ખાવાની એક ચીજ; ૧ + ૪ = નિરાંત; ૭ + ૩ = આપનાર; ૪ + ૬ = શરીરનો એક અગત્યનો વિભાગ.

કિ	ર	ણ
ક	મ	ળ

(૫) શબ્દ-ફેરવણી: બાજુની આકૃતિમાં પાંચ ખાનાં આપેલાં છે. પહેલા ખાનામાં 'કિરણ' શબ્દ મૂકયો છે તેમાંથી માત્ર એક જ અક્ષર બદલી નવો શબ્દ બનાવી બીજા ખાનામાં મૂકવો. એમ કરતાં છેલ્લા ખાનામાં 'કમળ' લાવી દો.



(૬) બાજુની આકૃતિમાંથી માત્ર ત્રણ જ દીવાસળીને જુદી રીતે ગોઠવીને પાંચ ચોરસને બદલે ચાર ચોરસ બનાવી દો.

બકુ ટોળી . . . . અનુસંધાન પાન ૧૧૩થી

ગુસ્સાથી ઉરિકે કહ્યું, 'અરે, એને ફરીવાર વાર્તામાંથી પડતો જ મૂકોને'

જેક્રેએ બરડો પાડયો, 'શાળાની સભા બોલાવો. ચાલો મત લઇએ: ગિલ્બર્ટને વાર્તામાં રાખવી કે નહિ?'

ઉરિક, જેક્રે અને ડોનલ્ડે એને કાઢી નાખવાનો મત આપ્યો; મેં અને હેલ્ગાએ એને રાખવાનો મત આપ્યો.

જેક્રેએ કહ્યું, 'ત્રણ વિરુદ્ધ બે. ગિલ્બર્ટ, ફરીવાર તારૂં આવી બન્યું. આશા રાખું છું કે તને એ ગમશે.'

મેં કહ્યું, 'મત આપવામાં પૂરેપૂરો ન્યાય સચવાયો નથી. આલબાન પીકેફટ અહીં આ વખતે હાજર નથી, પણ તેણે મને એક વાર કહ્યું હતું કે 'શાળાની સભામાં નીલ તું મારે બદલે મત આપજે. હું તેનો મત ગિલ્બર્ટની તરફેણમાં આપું છું.'

ઉરિક કહે, 'ત્યારે તો ત્રણ વિરુદ્ધ ત્રણ થયા. કાસ્ટિંગ વોટ કોણ આપશે?'

મેં કહ્યું, 'બેશક, ગિલ્બર્ટ જ આપશે'

ગિલ્બર્ટે મોં બતાવી દાંતિયાં કર્યાં. 'મારે વાર્તામાં તો રહેવું છે પણ મારે તારી સાથે નાચવું નથી.

મેં કહ્યું, 'વાહ: ત્યારે વાર્તા આગળ ચલાવું છું.']

[ગિજુભાઈ

(ચાલુ)

કસોટી

મોતીચંદ ગાંધીની દુકાને નાનો સુંદર નોકર હતો. તરવાનો એને ખૂબ શોખ. એક દિવસ એણે પોતાના શેઠને પૂછયું: 'મને આજ એક કલાક નદીએ તરવા જવાની રજા આપશો?'

'મોતીચંદ હસ્યો: ના; મારી દુકાને એ ચાળા કેવા? ગાંધીને અને તરવાને શું લાગેવળગે?'

તૂટક શબ્દે સુંદર બોલ્યો: 'ભાઇ સાહેબ, એક જ કલાકની રજા માગું છું. લલ્લુભાઇ કહે છે કે ડૂબતા માણસને બચાવવાની કસોટી પાર કરૂં તો મને ચાંદ મળે.' શેઠ ચશ્માંમાંથી સુંદર તરફ વાંકી નજરે જોઇ રહ્યા. એણે કડકાઇથી કહ્યું, 'તરવા જવાનો હું પગાર નથી દેતો, સમજ્યો? માણસને બચાવતાં શીખવું હોય તો રાતે શીખ. નોકરીના વખતમાં કાંઇ નહિ. દરિયાકાંઠે રહેતો હોય તો ઠીક; અને તારે ગામડામાં કોનો જીવ બચાવવો છે?'

'નદી છે ને? ગયે વરસ એક છોકરો ડૂબીને મરી ગયો.'

'પણ છોકરાઓને નદીએ જવાનું કામ જ શું? મારા છોકરાને પણ મેં આ ચોકખું સંભળાવી દીધું છે. નોકર છો કે ભાઇબંધ? હેઠો બેસ હાટમાં. જા, આટલો માલ વખારેથી લઇ આવ.' કુંચીઓનો ઝૂડો લઇ નિરાશ બની સુંદર ચાલી નીકળ્યો.

બચપના વખતમાં આખો ઉનાળો એ તરતાં શીખ્યો હતો. એને હોંસ હતી કે હું ચાંદ મેળવીશ. પણ કસોટીના મુકરર વખતે આમ એ ગુલામ બની બેઠો. ધીમે પગલે એ પુલ ઉપર થઇને ચાલ્યો. નીચે નદી કાંઠે કેટલાક છોકરાઓ રમતા હતા, કેટલાક નદીમાં નહાતા હતા. સુંદરે નિસાસો નાખ્યો. મનમાં એને માઠું લાગ્યું. પોતે નોકર—ગુલામ એ વિચારે એને જાત તરફ તિરસ્કાર છૂટયો. જરા દૂર જુએ છે તો પોતાના શેઠ મોતીચંદનો દીકરો હીરો પણ નદીને કાંઠે નહાતો હતો. એને આશ્ચર્ય થયું.

હીરાની નજર પણ સુંદર ઉપર ગઇ. એ બૂમ મારી બોલ્યો: 'ચાલ સુંદર, ચાલ, નાવાની કેવી મજા!'

પણ અચાનક આટલા શબ્દો બોલતાંબોલતાં

તો હીરો નદીમાં ગૂમ થયો લાગ્યો. એક ક્ષણમાં તેનો પગ લથડ્યો તે નદીના પૂર વહેણમાં તણાવા માંડ્યો.

ડૂબી જવાની બીકે હીરાથી ચીસ પડાઈ ગઇ. સુંદરે આ જોયું કે તરત જ પહેરણ કાઢી ધોતીઆનો કચ્છ ભીડી તેણે પૂલ પરથી પડતું મૂક્યું. પળવારમાં તે હીરા પાસે પહોંચ્યો.

તાણ ઘણું હતું; પણ સુંદર ફક્કડ તરીઓ હતો. હીરાને ઉપાડીને તરવાની બધી કળા તેણે વાપરી. થોડીવારમાં તો તેને લઇ એ કાંઠે ગયો.

હીરાને સાથે લઇ નીતરતે લુગડે અને ચિંતાતુર ચહેરે સુંદર ગોતાચંદની દુકાને ચડતો હતો.

વસંતના અવતાર

કોકિલાના કંઠ ગવાતા,
પ્રફુલ્લ્યા આંબાના મોર;
કેસૂડાંનાં કેસર ખોલ્યાં,
લીંબડીઓનો ફોરે કોરઃ
કુંપળ હસતી અપરંપાર!
વન વન વસંતના અવતાર!

ગુંજે ગાન અલખના કંઠે,
મ્હોરંતા જીવનના મોર;
નવરંગો ખીલે અંતરના,
પ્રેમધર્મની ફૂટે ફોરઃ
ઉરના ભાવો અપરંપાર!
જનજન વસંતના અવતાર!

કૃષ્ણલાલ સિધરાણી

ગાંધીની આંખ ફરી. ભીનાં લુગડાં જોતાંવેંત એનો મિજાજ ગયો. ફાટેલે ઘાંટે એ બરાડી ઊઠ્યો: 'બહાર નીકળ. ના કહેવા ઉપર ગયો કેમ? હાટેથી હેઠો ઉતર.

સુંદર મૂંગો ઊભો રહ્યો. હીરાએ જવાબ દીધો, 'બાપુજી એમાં એનો વાંક નથી. તમારૂં કહ્યું તો મેં ન માન્યું; તેની સજા મને કરો. હું ના કહેવા છતાં નહાવા ગયો અને તણાતો હતો. સુંદરે તો મને ડૂબતો બચાવ્યો છે.'

સુંદરને હોશિયાર તરીઆનો ચાંદ મળી ગયો.

લાગટ પોણા એકાવન કલાકનો વગર અટક્યે સાઈકલ પ્રવાસ



ઝોરોઍસ્ટ્રિયન ફિઝિકલ કલ્ચર અને હેલ્થ લીગ (દાદર–મુંબાઇ)ના આશ્રય હેઠળ હમણાં જ એટલે ગઈ ૧૪મી ફેબ્રુઆરી ને શુક્રવારે મિ. સી. એસ. પટેલ નામના ૨૬ વર્ષના પારસી યુવકે એક અદ્ભુત પ્રયોગ કર્યો છે. સંજાણ પાસેના સરોડા ગામના તે વતની છે. તેમણે સાઇકલ ઉપર ક્યાંય પણ, એક સેકંડ પણ થોભ્યા વિના રહ્યા માઇલની મુસાફરી, લાગટ ૫૦ કલાક ને ૪૫ મિનિટ સુધી ખેડી.

આ પોણા એકાવન કલાકની સફર તેમણે એક સેકંડ પણ સાઇકલ થોભાવ્યા વિના, ઊંઘ ભૂખ કે કુદરતી હાજતો માટે પણ અટક્યા વિના, ચાલુ સાઇકલ ચલાવીને કરી એ તેની નવીનતા છે. ખાવાપીવાનું તેઓ ચાલતી સાઈકલે જ લેતા. ચાહ, કૉફી, સોડા, વગેરે પીણાં પણ ધીમી ચાલતી સાઇકલે લેવાની તેમણે ટેવ પાડેલી છે. પેશાબપાણી પણ ચાલતી સાઈકલે જ! અને ઊંઘવાની સામે તો એથી વધુ સમય પણ માણસ ટક્કર ઝીલી શકવાના અખતરા થયા છે.

શરૂઆતના ૪૮ કલાક તો જોતજોતામાં વીતી ગયા, પણ કમનસીબે ૧૬મી ને રવિવારે સવારના દસના શુમારે એક ખરાબ રસ્તા પરથી સાંકડો વળાંક લેતાં સાઇકલ ફુટપાથ સાથે અથડાઇ પડી અને તેઓ નીચે ગબડી પડ્યા. આ આફત ન નડી હોત તો તેમની મુસાફરી કેટલેથી અટકત તે કહી શકાય નહિ. આ ચાલુ મુસાફરી દરમ્યાન તેમની તપાસ રાખવા માટે ખાસ રોકેલા માણસો અને સ્વયંસેવકો વારાફરતી તેમની તપાસ રાખતા હતા.

આ પહેલાં પણ તેઓએ આવા વગર અટક્યે પ્રવાસ કરવાના અખતરા બે વાર કરેલાઃ એક વખત કલકત્તામાં ૨૪ કલાક સુધી અને ગયા જૂન માસમાં ૩૬ા કલાક સુધી. પણ આ ૫૦ કલાક ને ૪૫ મિનિટનું તેમનું ત્રીજુંપરાક્રમ સૌથી ભારે છે યુવાનોને આ પ્રેરણાત્મક થઇ પડશે.

ભરૂચના ભાઇ એચ. પી. કિનારીવાળા અને ભાઇ. જી. કેલકર, સાઇકલ પર જ પ્રવાસ કરી લાહોર ગએલા; તેમની કદરદાનીમાં ત્યાંના ગુજરાતી બંધુ સમાજે તેમને ચાંદીના ચંદ્રક આપ્યા હતા.

આકાશમાર્ગના બચાવમાં

એરોપ્લેન સળગ્યાના સમાચાર વાયરલેસ ઉપર સાંભળેલા . . . પણ એકાદ વિમાનને આગ અકસ્માત થાય તેથી નાસીપાસ થવું કામ લાગે નહિ. દર વર્ષે સ્ટીમરો અને આગગાડીઓને જે અકસ્માતો થાય છે તેની સાથે સરખાવતાં આ હવાઈ અકસ્માત નજીવો છે. વળી અનુભવી વૈમાનિકો કહે છે કે આકાશનો રસ્તો એ મુસાફરી કરવાનો સહુથી વધારે સહીસલામત માર્ગ છે. બાકી તો દરેક નવા સાહસમાં શરૂઆત કરનારાને મુશ્કેલી તો નડે જ અને તેમાં દેશદેશના આશાવંત ઉછરતા બત્રીશલક્ષણાઓ પણ હોમાય. આ નિયમને આધારે ઇટલીનો યુવાન સાર્જંટ મોટા, કલાકના ૩૬૦ માઇલે ઉડતાં ગરડાનાં સરોવરમાં જલસમાધિ લે, કે 'સિટી ઑફ જેરૂસલેમ'નું વૈશ્વાનર ભક્ષણ કરે, તોપણ પ્રગતિશાળી મનુષ્ય એથી પાછો હઠે નહિ. શ્નાઇડર ટ્રૉફીની શરત જ્યારે ૧૯૧૩માં રમાઇ ત્યારે કલાકના ૪૫ માઇલે ઊડનાર વિમાનને જીત મળી. પછીનાં લગભગ પંદર વર્ષોમાં ભૌતિકશાસ્ત્રે અને ઈજનેરી કૌશલ્યે અદ્ભુત વેગથી પ્રગતિ કરી અને આ સાલની શ્નાઈડર ટ્રૉફીની શરતમાં ઇંગ્લંડનો ફ્લાઇંગ ઑફિસર વૅગહૉર્ન કલાકના ૩૩૫ માઇલે ઊડી એ શરત જીત્યો. વાયરલેસ ઉપર આ શરત વિસ્તરાએલી—બ્રૉડકાસ્ટ થએલી—મેં સાંભળી હતી. શરતનું દરેક ચક્ર પૂરૂં કરતાં ઇંગ્લંડનું સી-પ્લેન જ્યારે માઇક્રોફોન પાસે આવી પહોંચતું ત્યારે મિનિટનાં સાતથી આઠ હજાર ચક્ર ફરતું પ્રોપેલર ગગનભેદી નાદ કરતું અને તેનાથી અમારૂં આખું 'વિકારેજ' પણ ધણધણી ઊઠતું. દિશા અને કાલનો હમેશને માટે પરાજય સૂચવતો એ પ્રોપેલરનો વિજયઘોષ હતો. વૅગહૉર્નની ઉમર માત્ર ૨૭ વર્ષની; તેનાં માબાપનો તે એકનો એક દીકરો; વળી તરતનો જ પરણેલો અને જીવનમાં પગલાં માંડવાની હોંશથી ભરેલો. તેને ખબર હતી કે આ કલ્પી પણ ન શકાય તેટલા વેગથી ઊડતા સી-પ્લેનનું એકાદ લિવર ફેરવવામાં સેકંડના દશમા ભાગની પણ ભૂલ થાય તો નીચે ઊછળતો સાગર તેને શમાવી દેવા તૈયાર હતો. કિનારા ઉપર ઊભેલી તેની તરુણ પત્નીને પણ એની જાણ હતી. પણ વૅગહૉર્નની હિંમત અને આત્મશ્રદ્ધા, સી-પ્લેન ઘડનારનું ચાતુર્ય અને રૉલ્સ–રૉઇસના સુપરમરિન એન્જિનનું અદ્ભુત બળ: એ સર્વેએ મળી આ સાહસ નિર્વિઘ્ને પાર ઉતાર્યું વિમાનમાં મને તો પૂરેપૂરો વિશ્વાસ છે.

. . . .

હિંદી એર-મેલને વળી પાછો બીજો અકસ્માત નડ્યો; પણ આ વખતે તો તે અહીં આવતો મેલ હતો. આમ થોડા જ વખત પહેલાં બે ગંભીર અકસ્માતો થઇ ગયા તેથી આપણને હવાઇ મુસાફરી ઉપર વહેમ આવે; પણ જ્યારે આપણે યાદ કરીએ કે યૂરોપ અને અમેરિકામાં તો દરરોજ એક સ્થળેથી બીજે જવા નિયમિત એર-સર્વિસ ચાલુ હોય છે અને તેના અકસ્માત થયા એમ આપણે જવલ્લે જ સાંભળીએ છીએ ત્યારે પાછી આકાશમાર્ગમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. દોડધામના આ યુગમાં માત્ર દોડધામને ખાતર જ કે માત્ર કુદરતી બળોને જીતવામાં જ આવા મનુષ્યયજ્ઞો કરવાની જરૂર છે કે કેમ, એમ ઘણી વાર પૂછવામાં આવે છે. તેનો ઉત્તર એ જ વાળી શકાય કે આ જ માત્ર કારણો હોત તો આટલા અકસ્માતો પછી એરોપ્લેનો અને એર-શિપો હમેશનાં ઊડતાં બંધ થઇ ગયાં હોત. વહાણો શોધ્યાં હશે તે પહેલાં મનુષ્યને દુનિયા અનહદ મોટી લાગતી હશે; આગગાડીનાં પૈડાં ફરવા માંડયાં ત્યારે દુનિયા અનહદ નહિ પણ ઘણી મોટી લાગી, તેના વિસ્તારનો કંઇક ખ્યાલ આવ્યો, અને એક પ્રજા બીજી પ્રજા વિષે વધુ જાણતી થઇ; હવે એરોપ્લેનયુગથી દુનિયા વધારે નાની થવા લાગી છે અને વધુ ઝડપવાળા વિમાનો ઊડવા લાગશે ત્યારે માનવસમાજ એક કુટુંબ સરખો થઇ જશે. લીગ ઑફ નેશન્સ કે ડિસાર્મામેન્ટ કૉન્ફરન્સ અનેક ધમાલો કરીને પણ જે નહિ મેળવી શકે તે મૂગે મોંએ વિજ્ઞાન પોતાનાં બલિદાનો આપીને મેળવશે.

(કૌમુદી) —ડૉ. શિવસુત

ઉનાળાની રજામાં વ્યાયામવર્ગ

કાઠિયાવાડના જાણીતા વ્યાયામપ્રચારક શ્રી સ્વામીરાવે વિદ્યાર્થીઓ અને બીજા ઇચ્છુકોના લાભ માટે આ ઉનાળાની રજાના દિવસોમાં વ્યાયામશિક્ષણ આપવાના ખાસ વર્ગો ચોરવાડના આરોગ્યપોષક સ્થાનમાં કાઢવાનું જાહેર કર્યું છે. એ જાહેરાતની એમની પત્રિકા પૂરતી માહીતીઓથી ભરેલી છે. એમાંથી થોડુંક આ રહ્યું: "ચોરવાડ આવશો તો આટલું શીખી શકશો: સામાન્ય આરોગ્યવર્ધક કસરતો જેવી કે દંડ, બેઠક, આસન, વેઇટ લિફ્ટિંગ, સિંગલબાર, પૅરેલલબાર ને બીજી કસરતો. જે જુવાનો શિસ્ત, સહનશીલતા, અને આત્મરક્ષણની તાલીમ લેવા માગશે તેઓને માટે લાઠી, ભાલા, તલવાર, છરા, કુસ્તી, ગ્રૂપમાર્ચિંગ અને હિંદી કવાયત રાખવામાં આવશે. વ્યાયામ શિક્ષક તરીકે જેઓ તાલીમ લેવા માગતા હશે તેઓને માટે યોગ્યતા પ્રમાણે આગળ શીખવવાની ગોઠવણ થશે. જે વિદ્યાર્થીઓ, શિક્ષકો કે ગૃહસ્થો માત્ર આરોગ્યપ્રાપ્તિ માટે આવવા માગતા હશે, તેઓને માટે તેવી ગોઠવણ પણ થશે. ઉપરાંત અપચો, વીર્યદોષ, શારીરિક કમજોરી ને જ્ઞાનતંતુઓની નબળાઇથી આજે ઘણા વિદ્યાર્થીઓ, શિક્ષકો ને ગૃહસ્થો પીડાઇ રહ્યા છે આ બધી કમજોરીઓથી પીડાઇ રહેલા કોઈ વિદ્યાર્થીઓ, ગૃહસ્થો કે શિક્ષકો અમારા વ્યાયામવર્ગનો લાભ લેવા માગશે, તેઓને માટે પણ ખાસ ગોઠવણ કરવામાં આવશે." આ હકીકત વાંચીને ઇચ્છા થતી હોય તેમણે શ્રી સ્વામીરાવને ડૉ. કાણેને ત્યાં ભાવનગર એ સરનામે લખીને આખી પત્રિકા મંગાવી લેવી. તેમાં વ્યાયામના વિવિધ અભ્યાસક્રમ, સમયપત્રક, વ્યવસ્થા તથા ખર્ચ ઈત્યાદિની માહીતી વગેરે આપેલાં છે.

જુલિયસ સીઝરની સામે પ્રજામાં કાવતરાં રચાતાં હતાં તે વખતે મિત્રોએ રક્ષક ને હથિયાર વિના બહાર ન જવા તેને ચેતવ્યો. સીઝરે જવાબ દીધો: 'જે મૃત્યુથી ડરે છે તેને દરેક પળે મૃત્યુની વેદના ભોગવવી પડે છે; મને ડર નથી. એક જ વાર મૃત્યુની વેદના ભોગવવાની છે તે જ્યારે આવશે ત્યારે ભોગવી લઇશ.'

અનેકાર્થી શબ્દ: ધરો=ગાડીનાં બે પૈડાં વચ્ચેનો દાંડો ('ધરી'ની નર જાતિ); =નદીમાં પાણીથી ભરેલો ઊંડો ખાડો; =મરેલાંની પાછળ ભાદરવા સુદ પાંચમે થતી ક્રિયા;=એક જાતનું ઘાસ-ધ્રો.

ગણિતની બલિહારી

અનેક જોઇ છે; એમાં આ એક વધારે: ૧૪૨,૮૫૭ આ રકમ જુદુંઈ લાગે છે. એને બે વડે ગુણી જુઓ. જવાબ ૨૮૫૭૧૪—એટલે કે આંકડા પણ એ અને ક્રમ પણ એનો એ; ફેર એટલો કે શરૂઆત બગડાથી થઈ. હવે ત્રણે ગુણી જુઓ: જવાબ ૪૨૮૫૭૧—ચોગડાથી શરૂઆત થઇને એ જ ક્રમમાં એના એ આંકડા! ચારે ગુણતાં ૫૭૧૪૨૮ જવાબ આવે તેમાં પણ એ જ સ્થિતિ. પાંચે ગુણો તો ૭૧૪૨૮૫ અને છ એ ગુણો તો ૮૫૭૧૪૨ જવાબો આવે તેમાં પણ એ જ આંકડા અને એ જ ક્રમની રમત!—પણ બસ; આ રમતનો અહીં અંત આવે છે. સાતે ગુણશો એટલે અંત તો આવશે જ, પણ જવાબ પણ નવતર આવશે ગુણી જુઓ: શું?—૯૯૯૯૯૯!

'ચરકી નારા સર્વં ભૂરાગ' એ વાક્યમાંના દરેક શબ્દનો પહેલો યા છેલ્લો અક્ષર ફેરવી યોગ્ય મૂકી શકશો તો એક જાણીતી કહેવત બની જશે.

આંબાનાં સુકાં ફુલ (મોર)નું ચૂર્ણ ગમે તેવો જૂનો મરડો મટાડે છે.

બળદ બહુ થાકી જાય ત્યારે તેને પરસેવો વળતો નથી; મોઢે ફીણ વળે છે.



કચ્છના કાળીતરાઇ ગામના આ રવા પટેલની મૂછો દરેક બાજુ એકેક ફૂટ કરતાં યે વધુ લાંબી છે. આજ નેવું વર્ષની વયે પણ તે એક જ કુદકે ઘોડું પલાણી શકે છે.

ભૂલેચૂકે તમે કે છોકરાં છરી-કાતરને ગરમ પાણી કે દેવતામાં ન નાખો તે સંભાળજો; એથી એનું પાણી ઊતરી જાય છે, ને વહેલી નકામી થઇ જાય છે. તડકામાં પણ એને બહુ ન રાખતા.

પૃથ્વીના ઉત્તરદક્ષિણ ધ્રુવના બે છેડાઓમાંથી સામસામો અદૃશ્ય વિદ્યુત-પ્રવાહ સદા વહ્યા જ કરે છે ને તેની અસર પૃથ્વી પરની દરેક ચીજ પર થાય છે. તમારી છરી કાતર કે બીજાં હથિયાર, ઉત્તરદક્ષિણ દિશામાં સામસામા છેડા રહે તેમ મૂકશો તો ધાર સારી રહેશે.

બાળલગ્ન નિષેધનો કાયદો પસાર કરાવનાર શ્રી હરવિલાસ શારદાનું ખરૂં નામ હરવિલાસ 'સારડા' છે.

કપડા પર પડેલા ટિંકચર આયોડિનના ડાઘ ફોટોગ્રાફીમાં વપરાતી દવા 'હાઇપો' ના પાણીથી સાફ થઇ જશે

શીળસ નીકળે ત્યારે સુરકો અથવા પાણીમાં હલકો કરેલો સલ્ફ્યુરિક ઍસિડ લગાડવો; તથા ઘી અને મરી ચટાડવાં.

ચોખાના ઓસામણથી કાગળ પર લખેલા અક્ષરો સુકાયા પછી તે પર આયોડિન લગાડવાથી વાંચી શકાશે.




આ ભાઇસાહેબ હસે છે ને? હવે ઊલટાવો એટલે રડતીસૂરત જણાશે!

ઝાંખાં પડી ગએલાં પિત્તળનાં વાસણો પર હરડાંનો લોટ ચોપડીને ઉટકવાથી ખૂબ ચળકાટ નીકળશે.

આખા કરતાં ભરડેલા ચણા ઢોરને ખવડાવવાથી તે દૂધ વધારે આપે છે.

મેથિલેટેડ સ્પિરિટમાં મેળવેલી રાખ વડે માંજેલાં રૂપાનાં વાસણ ઝટ ઝાંખાં નહિ પડે. રૂપાની ચીજો માંજવા માટે તો બટાટાં બાફેલું પાણી પણ સારૂં.



સાંકડા મોઢાની શીશીને પાણીથી સાફ કરતી વખતે પાણી બહુ જ ધીમેથી અને આંચકા ખાતું ખાતું બહાર નીકળે છે તેથી વખત બહુ લાગે છે. કારણ એ છે કે શીશીના મોંમાં પાણી અટકવાથી બહારની હવા અંદર ઝટ દાખલ થઇ શકતી નથી. ચિત્રમાં બતાવ્યા મુજબ વાંકી વાળેલી કાચની નળીનો એક છેડો શીશીમાં નાખ્યો હોય તો તે વાટે સહેલાઇથી હવા અંદર જશે ને પાણી ઝપાટાબંધ બહાર નીકળી આવશે. કાચની નળીને દીવાની જ્યોતપર ધરીને નરમ થયે વાળી શકાય છે.